શ્રી કચ્છી મારૂ કંસારા-સોની જ્ઞાતિનું એકમાત્ર મુખપત્ર

કિંમત ૨૦/-

શ્રી કચ્છી
મારૂ કંસારા-સોની
જ્ઞાતિ મંડળ
અમદાવાદ

એકમેકને ઓળખવાનો

# જ્ઞાતિસેતુ

તંત્રી મંડળ : હંસરાજ કંસારા (મુખ્ય તંત્રી) • અતુલ સોની • કુ. એકતા કટ્ટા • વર્ષ-૧૦ અંક-૨ ડિસેમ્બર-૧૪/જાન્યુઆરી-૧૫



**કેન્સર એટલે કેન્સલ નહી...**

**સમુહલગ્ન : ભુજ**
**વિરાસત - પ્રાગમહેલ**
**શૈક્ષણિક સન્માન સમારોહ-નખત્રાણા**

**કચ્છ જીલ્લા સોના-ચાંદી**
**વેપારી-કારીગર મહામંડળની રચના**

Chimanlal Soni 98985 15125 Pratish C. Soni 98240 31029

# PRATISH Industries

## MANUFACTURER OF :

- Sheet Metal Press Components
- Electronics Sheet Metal Press Components
- Tools & Dies
- CNC Wire Cut



Factory : 390 GIDC, Makarpura, Baroda-390010

Tel. : 0265-2637736 Telefax : 0265-2643155

E-mail : pratishindustries@yahoo.in

એકમેકને ઓળખવાનો
# જ્ઞાતિસેતુ
વર્ષ : ૧૦ ● અંક : ૩
ડિસેમ્બર'૧૪ – જાન્યુઆરી'૧૫

**મુખ્ય તંત્રી**
હંસરાજ કંસારા ૦૭૯ ૨૬૮૭૨૩૫૦

**તંત્રી મંડળ**
અતુલ સોની ૯૭૨૫૦ ૩૮૧૪૦
તુલસીદાસ કંસારા ૯૮૨૫૦ ૮૨૬૩૯
કુ. એકતા કટ્ટા ૯૮૭૯૧ ૯૪૩૩૪

**વ્યવસ્થાપક સમિતિ**
**ચેરમેન**
મનુભાઈ કોટડીયા ૯૬૦૧૨ ૭૫૦૭૮

**માનદ્ સંયોજક**
અતુલ સોની ૯૭૨૫૦ ૩૮૧૪૦

**મુદ્રણ આયોજન**
સૂર્યકાંત સોની ૯૬૮૭૦ ૭૫૬૩૩

**વેબસાઈટ**
ચિરાગ બુદ્ધભટ્ટી ૯૭૨૫૪ ૭૯૧૩૧

**નાણાકીય આયોજન**
કનુભાઈ બીજલાણી ૯૨૭૬૮ ૪૦૯૧૩
(સંપર્ક સમય : રાત્રે ૯ થી ૧૧)

**જાહેરાત તથા લવાજમ માટે સંપર્ક :**

● **અમદાવાદ**
ઉદય પરમાર ૯૮૭૯૧ ૦૬૩૫૩

● **ભુજ**
ઈશ્વરભાઈ વી. હેડાઉ ૯૪૨૯૦ ૮૩૨૯૫
વિજયભાઈ એમ. બુધ્ધભટ્ટી ૯૯૭૯૭ ૭૭૫૮૪
(રૂલપ્રેસવાળા)

● **અંજાર**
અનિલ એસ. સોની ૯૮૨૪૨ ૮૫૨૧૦

● **નખત્રાણા**
પ્રફુલભાઈ કંસારા ૯૮૭૯૧ ૨૨૨૬૫
(ઉદય સ્ટેશનરી માર્ટ)

● **માધાપર**
હિતેશ સોની (કરણ જ્વેલર્સ) ૯૪૨૭૪ ૪૩૮૭૪

**માનદ્ સંયોજક (ભુજ)**
શૈલેષ કંસારા ૯૮૨૫૦ ૧૨૫૦૩
સુધા બુદ્ધભટ્ટી ૯૯૨૫૩ ૧૩૭૩૪
પી. જી. સોની 'દાસ' ૯૯૭૯૬ ૭૨૪૦૭

**જ્ઞાતિસેતુ પત્ર-વ્યવહાર માટે સંપર્ક :**
અતુલ સોની, ઈ-૫૦૪, આર્યમાન આવાસ, સાંઈબાબા મંદિર સામે, દેવાશિષ સ્કુલ પાસે, સેટેલાઈટ, અમદાવાદ-૧૫.

**કાર્યાલય :** રાજેન્દ્ર સોની
ધવલ જ્વેલર્સ, ચાંલ્લા ઓળ, માણેકચોક, અમદાવાદ-૧ ફોન : ૦૭૯-૨૨૧૪ ૪૦૦૮
**વેબ સાઈટ :** www.gnyatisetu.com
**ઈ-મેલ :** gnyatisetu@gmail.com
છુટક કિંમત રૂા. ૨૦/-
ત્રિ-વાર્ષિક લવાજમ રૂા. ૩૦૦/-

'જ્ઞાતિસેતુ'માં પ્રસ્તુત રચનાઓમાં રજૂ કરેલા વિચારો જે તે લેખકોના છે. 'જ્ઞાતિસેતુ'નું એની સાથે સંમત હોવું આવશ્યક નથી.

## તંત્રી સ્થાનેથી

આ અંકમાં સેતુની 'સામગ્રી' સંદર્ભે એક ખાસ વાત કહેવી છે. સેતુમાં જ્ઞાતિમંડળોના સમાચારો અહેવાલો આદી તો અવશ્ય પ્રકાશીત થાય જ છે. પરંતુ 'સેતુ'નો અન્ય મહત્વનો ઉદ્દેશ એના પારિવારિક વ્યાપનો રહ્યો છે. એટલે જ એના પ્રત્યેક અંકમાં બાળકો અને મહિલાઓને ઉપયોગી અને રસપ્રદ સામગ્રી પ્રસ્તુત થાય છે. તદ્દુપરાંત આપણા સમાજના વિવિધ ઘટકો એની પરંપરાઓ અને એને લગતી ઈતિહાસ મૂલક સંશોધનાત્મક વિગતો 'સેતુ'ની ખાસ વિશેષતા છે. આજે કદાચ આ વિગતોનું મહત્વ ન સમજાય પરંતુ ભાવી પેઢી માટે એનું મહત્વ રહેશે એનો અમને વિશ્વાસ છે. પ્રત્યેક અંકમાં આપણા સમાજની વિવિધ 'અટકો'ના ઈતિહાસ મૂલક લેખો પ્રકાશીત થતા રહે છે. હજુ પણ આપણા કેટલાક 'ઘટકો'ની વિગતો આપવી બાકી રહે છે. એના વિષે જો કોઈ વાચકો જણાવશે તો એને લેખરૂપે પ્રસ્તુત કરવા અવશ્ય પ્રયાસ થશે.

સ્વાસ્થ્ય, શિક્ષણ, વ્યવસાય, પર્યટન, વિરાસત આદી વિષયો માહિતી પ્રદ તેમજ ધર્મ, સમાજ પરંપરા વિષયો પર મનન યોગ્ય લેખો આપવાનો પણ સેતુનો અભિગમ રહ્યો છે. આશા છે 'સેતુ'ની આ 'પરિવારલક્ષી' સામગ્રી અધિક સમૃદ્ધ કરવા વાચકો એમના સૂચનો વિગતો આપી મોકલશે.

અસ્તુ

**– હંસરાજ કંસારા**

# અંજારનું જગતમંદિર-માધવરાય

કચ્છમાં આવેલા ભગવાન શ્રીકૃષ્ણજીના મંદિરોમાં ભુજના સુવર્ણરાયજી, માંડવીના મુરલી મનોહર અને મુન્દ્રાના મોહનરાયજીની જેમ અંજારના માધવરાયજીનો પણ મહિમા અનેરો છે. ધરતીકંપના પગલે અન્ય દેવાલયોના માફક આ મંદિરે પણ નવા રૂપરંગ ધારણ કર્યા છે ત્યારે આ લેખમાં અંજાર શહેરના અતીત સાથે સંબંધ ધરાવતા આ મંદિરની ઐતિહાસિક પીઠિકા સાથે તેના આંતરબાહ્ય પરિસરનો પરિચય કરાવ્યો છે.

**માધવરાયના દહેરા તરીકે પ્રસિદ્ધ :** શહેરના હૃદયસમા વિસ્તારમાં બિરાજતા માધવરાય પ્રભુ સમસ્ત પ્રજાજનોના હૃદયમાં પણ અનોખું સ્થાન ધરાવે છે. કંઈ કેટલીય વાતો અને માન્યતાઓ આ મંદિર સાથે સંકળાયેલી છે.

મંદિરનું સ્થાપત્ય જોતાં તે મૂળે જૈનોનું દહેરાસર હોય એવું જણાય છે પરંતુ પાછળથી કોઈ કારણસર તે વૈષ્ણવ દેવાલયમાં ફેરવાયું હશે. જૂના સમયમાં આ મંદિર 'માધવરાયનું દહેરું' એવા નામે ઓળખાતું તેની પાછળ પણ કદાચ તેનો મૂળ દેરાસર જેવો દેખવા અને રચના કારણભૂત હોઈ શકે.

ઐતિહાસિક અંજાર શહેરના મધ્યભાગમાં જૂની મામલતદાર કચેરી (પૂર્વેની દરબાર કચેરી) પાસેના ધમધમતા મુખ્ય રાજમાર્ગ, પર જ્યાં પૂર્વમાં શાસ્ત્રી રોડ, પશ્ચિમે શિવાજી રોડ, ઉત્તરે માધવરાય શેરી અને દક્ષિણે શાક માર્કેટ શેરીના ચાર રસ્તા ભેગા થાય છે તે ચોભેટાના વાયવ્ય કોણે વૈષ્ણવજનોનું આ ઐતિહાસિક અને સુપ્રસિદ્ધ મંદિર આવેલું છે. અહીંનો ચોવાટો અગાઉ 'ગાંધી ચોક' તરીકે ઓળખાતો અને હાલે માધવરાય ચોક તરીકે જાણીતો છે.

**ઐતિહાસિક પશ્વાદ ભૂમિકા :** દેરાસર શૈલીના આ મંદિરના નિર્માણ પાછળ એવી કથા રહેલી છે કે આજથી ત્રણ સદી પહેલાં કચ્છના મહારાવ પ્રાગમલજી - પહેલાના શાસન (સંવત ૧૭૫૪-૭૨)માં જૈનોએ અંજારની મધ્યમાં નવું દેરાસર બાંધવાની રજા મેળવેલી. ત્યારબાદ રાવ ગોડજી - પહેલાના અમલ (સંવત ૧૭૭૨-૭૫) માં આ જિન મંદિરનું નિર્માણ થયું હતું. લગભગ બાંધકામ થઈ જવા આવ્યું હતું અને મૂર્તિ પધરાવવી બાકી હતી.

તે દરમ્યાન કહેવાય છે કે શહેરના મહાજનોને કોઈ કારણવશાત્ વાંધો પડતા તાત્કાલિક રાજસ્થાનથી માધવરાયજીની એક સુંદર મૂર્તિ મંગાવીને તે જૈન મંદિરમાં તેની પ્રતિષ્ઠા કરી દેવાઈ. આજે પણ માધવરાય મંદિરનો ચોપાસનો દેખાવ જૈન દેરાસર જેવો જોવા મળે છે.

દેરાસરમાં માધવરાયની સ્થાપનાથી જૈન સમાજમાં કચવાટ થયો. તેઓએ રા'બાવા પાસે રજૂઆત કરતાં નવા દેરાસર માટે માધવરાય મંદિરની સામે જ થોડે દૂર બીજી જમીન આપવામાં આવી અને ત્યાં સંવત ૧૭૭૬માં પુનઃ નૂતન જિનમંદિર બાંધવામાં આવ્યું. આમ, તે હવે રાવ દેશળજી-પહેલાના શાસન (સંવત ૧૭૭૫-૧૮૦૮)ના પ્રારંભ કાળમાં તૈયાર થયું હતું.

'વાસુપૂજ્ય સ્વામી જિન પ્રાસાદ' નામે પ્રસિદ્ધ આ તપગચ્છીય મનોહારી દેરાસર અગાઉ અંજારની મુખ્ય બજારમાં શાસ્ત્રી માર્ગ પરની બેંક ઓફ બરોડાવાળી જૂની શેરીમાં આઠ કોટી મોટી પક્ષ જૈન સ્થાનકની સન્મુખ આવેલું હતું, જે ૨૦૦૧માં ભૂકંપમાં ધ્વસ્ત થયું છે.

**પ્રાચીનતાનો સમયક્રમ :** આમ માધવરાય મંદિર રાવ ગોડજીના રાજ્યમાં આવેલું ફલિત થાય છે. કચ્છની રાજાશાહી શાસનની તવારીખમાં ગોડજી નામે બે શાસકો થયા. તેમાં ગોડજી-પહેલાનો સમય (સંવત ૧૭૭૨-૭૫) પકડીએ તો અંજારના આ બંને વૈષ્ણવ અને જૈન મંદિરો પોણા ત્રણસો વર્ષ ઉપરાંત સમયના ગણી શકાય.

માધવરાયજીની સ્થાપના બાદ કચ્છ રાજ તરફથી તેની સેવા અર્ચના અર્થે માંડવીના પુષ્કર્ણા બ્રાહ્મણ પરિવારના જીવરામભાઈ હર્ષની ૩૦થી ૪૨ કોરીના વર્ષાસન સાથે પૂજારી તરીકે નિમણુંક કરાઈ હતી. દેશ આઝાદ થયો ત્યાં લગી પૂજારીને વર્ષાસન અપાતું, જે પાછળથી બંધ થયું, મંદિરની સેવા પૂજા આજે પણ સાતમી પેઢીએ તેમના વંશજોના પાંચ પરિવારો સંભાળી રહ્યા છે.

**કલાત્મક બાંધણી :** એક ઊંચા પડથાર પર પૂર્વાભિમુખે ઊભેલા આ જગત્મંદિરની ફરસબંધી કાળા અને સફેદ આરસની બાંધેલી છે. આઠ સ્તંભો પર મંડિત ઊંચા ઘુમ્મટમાં શિલ્પબદ્ધ થયેલી મત્સ્ય કન્યાઓ મત્સ્યાવતારનું સ્મરણ કરાવીને મનુષ્ય જાતિની ઉત્ક્રાંતિનું કેમ જાણે ભાન કરાવતી ન હોય એવી દીસે છે ! ઘુમ્મટના આઠેય થાંભલાઓ ઉપર સુંદર નકશીકામ કરેલું છે.

ગર્ભગૃહના કલાત્મક કમાડ ચાંદીના પતરાથી મઢી લેવામાં આવેલા છે, જેના પર લાગેલી તકતી અનુસાર સંવત ૧૯૨૬ના ચૈત્ર સુદ-૯ અને રવિવારના રોજ ઠક્કર હીરજી રતનશી ચાંપશી પારપેઆ દ્વારા ૧,૨૨૫ (કોરી?) ના ખર્ચે બારણાની એક રૂપેરી જોડ કરાવી અપાયેલ છે. તો મંદિરની ચતુર્દિશાઓમાં પિત્તળના ચાર દરવાજા અને બે પાટ મહારાવ

ખેંગારજી - ત્રીજાના વખતમાં કુંભારીયાના ઠક્કર દેવકરણ ગોવા હરજીના વારસદારોએ ૬,૮૭૬ કોરીના ખર્ચે સંવત ૧૯૬૨ના શ્રાવણ માસમાં બનાવ્યાની ગઈધર સુતાર રામજી હલુની નોંધ મંદિરના મુખ્ય પ્રવેશદ્વાર પર લાગેલી તકતીના લખાણમાં વાંચવા મળે છે.

નિજ મંદિરમાં કાળા આરસની સોહામણી દેવ પ્રતિમા ચાંદીના આસન ઉપર બિરાજમાન થયેલી છે. સિંહાસનનું સોનું અને ચાંદી મંદિરના છે. જ્યારે લાકડુ અને મજૂરીની સેવા ઠક્કર માવજી વિશ્રામ કચરાણી દ્વારા સંવત ૨૦૦૦ના કારતક સુદ-૨ અને શનિવારના રોજ અપાયેલ છે. એમ મનાય છે કે માધવરાય (અંજાર), ત્રિવિક્રમરાય (નારાયણ સરોવર) અને દ્વારકાધીશ (દ્વારકા)ના મંદિરોમાંની ત્રણેય મૂર્તિઓ એકસરખા માપની ઘડાયેલી છે.

**ઠાકોરજીની મઢુલી :** હિંદુ દેવાલયમાં રંગમંડપમાં હનુમાનજી અને ગણપતિજીની સ્થાપના હોવી જોઈએ. પરંતુ મૂળે દેરાસર શૈલીનું આ મંદિર હોવાથી તેમાં તે મૂર્તિઓ માટે જગ્યા રખાઈ ન હતી અને તત્ક્ષણે માત્ર માધવરાયજીની પ્રતિષ્ઠા કરાઈ હતી. તેથી પાછળથી મંદિરના નીચેના ભાગમાં હવે આ દ્વયમૂર્તિઓની સ્થાપના કરવામાં આવી, જે હાલમાં મોજુદ છે. મંદિર સન્મુખ જ અગ્નિ ખૂણા ઉપર 'નાગનાથ મહાદેવ મંદિર' અને નીચે 'કષ્ટભંજન હનુમાનજી મંદિર'ના પણ દર્શન કરવા મળે છે.

એમ કહેવાય છે કે વર્ષો પૂર્વે અહીં નાનું સરખું તળાવ હતું અને તેની પાસે આ મંદિર આવેલ હતું. સમયાંતરે તળાવ પૂરીને શહેરનો વિકાસ થયો. તળાવ કિનારે હનુમાનજી મહારાજની દેરી હતી. તેની પાસે સ્થાપિત એક પાળિયો આજે પણ જોવા મળે છે, જે તે વખતના આહીર સમાજના શૂરાપૂરાનો હોવાનો મનાય છે. હનુમાન મંદિરનો કાળક્રમે વિકાસ થયો, જેમાં ઉપર શિવમંદિર અને નીચે ઠાકોરજીની મઢી પ્રસ્થાપિત થઈ.

માધવરાયજીની અનેક પરચા લોકોમાં અદ્યાપિ પ્રચલિત છે. અંજારના મનજી ભગતની વાત પણ આ મંદિર સાથે જોડાયેલી છે. નાના દુકાનદાર એવા આ ભગત દોઢેક સો વર્ષ પહેલા ભારે આર્થિક સંકટમાં મુકાયા હતા અને નરસિંહ મહેતા માટે ભગવાન દ્વારકાધીશે શેઠ શામળશાનો વેશ લઈને નરસૈયાની હૂંડી ચૂકવેલી તે પ્રસંગની યાદ અપાવતી આ ઘટનામાં પણ ભગવદ્ કૃપાથી અને શ્રદ્ધાથી મનજી ભગત પણ દેવા મુક્ત બન્યા હતા. (હવે પછીના પ્રકરણમાં આ પ્રસંગનું વિગતે વર્ણન આપ્યું છે.)

**ઈતિહાસ સાથે સંબંધ :** કચ્છ સાથે કંપની સરકારનો સંબંધ જોડવામાં અગ્ર ભાગ ભજવનાર કેપ્ટન જેમ્સ મેકમર્ડો (૧૭૮૭-૧૮૨૦) અંજારના રેસીડેન્ટ બન્યા તે પૂર્વે રાવ રાયધણજી - દ્વિતીયના શાસનકાળ (૧૭૭૯-૧૮૧૪)માં અર્થાત્ ૧૮૧૨માં અંજાર આવેલા અને સ્થાનિક માહિતી મેળવવા કેટલોક સમ. સાધુવેશે રહ્યા હતા. ત્યારે માધવરાય મંદિરની પાસે જ તેઓ ધૂણી લગાવીને બેઠેલા અને પ્રજામાં 'ભૂરિયા બાવા' તરીકે ઓળખાયેલા. શહેરના ટીંબી કોઠે પોતાના બંગલામાં રહેતો આ અંગ્રેજ કલેક્ટર સવાર-સાંજ આ મંદિરના દર્શને આવતો.

મંદિરની પાસે જ રાજાશાહી યુગની 'દરબારી કચેરી' આવેલી હતી. અંજારની મુલાકાતે આવતા રાજ પરિવારના સભ્યો અને શાહી મહેમાનોનો ઉતારો તેમાં રહેતો. કચ્છ રાજની રાણી સાહેબાઓ અંજાર પધારતા ત્યારે માધવરાયના દર્શનનો લાભ અચૂક લેતા. તેમના આગમનના સમયે ચોકની ચારે બાજુ મોટા પડદા બાંધી રસ્તા બંધ રાખવામાં આવતા. જેથી તેમની મર્યાદા લોપાય નહીં, મંદિરની બાજુમાં દરબારી કચેરી હોવાથી દેવદર્શનમાં સુવિધા રહે તે માટે કદાચ મૂળ જિન મંદિર આગળ ખસેડાયું હોય એ પણ એક વધારાનું કારણ સંભવી શકે.

**આધ્યાત્મિક મહાત્મ્ય :** માધવરાય મંદિરના ચોકમાં દર વર્ષે ઐતિહાસિક મહત્વ ધરાવતો 'હોળી મહોત્સવ' યોજાય છે. ભૂતકાળની વર્ષો પુરાણી આ પરંપરા અલ્પાંશે આજે પણ જળવાઈ રહી છે આ સ્થળે હોળી પ્રગટાવ્યા પછી અહીંની જ્યોત શહેરની અન્ય હોળીઓના પ્રાગટ્ય માટે લઈ જવામાં આવે છે. રાજાશાહીના સમયમાં ઉચ્ચ અમલદાર જાતે પોતાના સ્ટાફ સાથે વાજતેગાજતે હોલિકા પૂજન કરાવવા આવતા અને હોલિકા દહન કરાવતા.

ગામમાં ક્યાંય પણ નાની-મોટી ભાગવત કથાનું આયોજન થયું હોય તો તેની પોથીયાત્રા માધવરાયના ચરણેથી શરૂ થાય છે અને તેની પૂર્ણાહૂતિ પણ આ મંદિરે જ થાય છે. લગભગ પચ્ચીસેક વર્ષ પહેલાં બ્રહ્મલીન સંત ડોંગરેજી મહારાજ (૧૯૨૬-૯૦)ની અંજાર ખાતેની ભાગવત કથા પ્રસંગે વંદનીય સંતે ઠાકોરજીના દર્શનાર્થે અત્રે પગલા કરેલા.

જન્માષ્ટમી (શ્રાવણ વદ આઠમ) આ દેવાલયનો મુખ્ય તહેવાર છે, જ્યારે નવા વર્ષના અન્નકુટ, વસંત પંચમી, રામનવમી, દીપાવલી, હોળી વગેરે ઉત્સવો પણ ધામધૂમપૂર્વક ઉજવાય છે. તેમાંય દિવાળીના ચાર સપરમા દિવસોમાં તો (ભુજના હાટકેશ્વર મંદિરની જેમ) અંજારના માધવરાયની મંગળા આરતીનું પણ શહેરીજનોમાં અનેરૂ માહાત્મય છે. આજે પણ વહેલી સવારે તેની મંગળા આરતીના દર્શનનો ઘણા ભાવિકો નિયમિત લાભ લે છે.

**સૌજન્ય : કચ્છશ્રુતિ-લેખકશ્રી**
**ભરત'કુમાર' પ્રા. ઠાકર-અંજારના આભાર સહ**


## શિક્ષાપત્રીનો સપ્તસાર

- શ્રી સહજાનંદ સ્વામી મહારાજે, સંવત ૧૮૮૨ના મહા સુદ પાંચમને રોજ વડતાલ મધ્યે, સર્વજીવન હિતાર્થે ૨૧૨ પદોની 'શિક્ષાપત્રી' સ્વયં લખી છે.
- આ શિક્ષાપત્રીમાં સંસારી જીવો તેમજ સાધુ સંતો માટે સદાચારનો સીધો માર્ગ સરળ ભાષામાં સમજાવ્યો છે.
- શિક્ષાપત્રી સમસ્ત વિશ્વના સત્ શાસ્ત્રોનું સરળ દોહન છે.
- શિક્ષાપત્રીમાં પારિવારિક, સામાજીક, બૌદ્ધિક, માનસિક અને આધ્યાત્મિક સમસ્યાઓનું સમાધાન છે.
- શિક્ષાપત્રીનું નિત્ય વાંચન મનને નિર્મળ કરે છે.
- શિક્ષાપત્રીમાં આપેલી શીખ અનુસાર કર્માધીન સંસારી જીવ, ધર્મ, અર્થ, કામ અને મોક્ષ માટે લાયક બને છે.

## શિક્ષાપત્રી

સંસાર છે મોટો દરિયો,
મોહમાયાથી છે ભરીયો,
કરવા એ દરિયાના પાર,
શિક્ષાપત્રી સાચો સાર.
શિક્ષાપત્રી છે પારસમણી,
જ્ઞાન સરિતાની ધરણી,
વાંચતા મળશે અઢળક શાન
બળ બુદ્ધિને વધશે શાન,
ઘનશ્યામ પ્રભુની એ વાણી,
જેણે જાણી તેણે જ માણી,
નાના મોટા કરતાં કામ,
શિક્ષાપત્રીનો ગણો પ્રમાણ.
શિક્ષાપત્રી એવો સાર
પાપીઓનો તો કરે ઉધ્ધાર,
નિત્ય નિત્ય એનું પઠન કરે,
પુણ્ય કામથી ઝોળી ભરે,
ભવસાગર તરવા મથતો,
શિક્ષાપત્રી ટૂંકો રસ્તો
સદા ચહેરો એનો રહે હસતો,
સાંભળશે તે રહેશે હસતો.
જીવન જીવવા સુંદર સાર
શિક્ષાપત્રી આપે અપાર

## બિદડા સાધના આશ્રમના સંત ભવાનજી નાથાભાઈ



બિદડા મધ્યે પૂ. વેલજીબાપા સ્થાપિત સાધનાશ્રમના મોભી અને બિદડા સર્વોદય ટ્રસ્ટના સ્થાપક ટ્રસ્ટી શ્રી ભવાનજીભાઈ નાથાભાઈનું ગત ૧૬ જાન્યુઆરી ૨૦૧૫ને રોજ જૈફ વયે નિધન થયુ જેની સેતુ પરિવાર સંતપ્ત હૃદયે સખેદ નોંધ લે છે, અને પરમ કૃપાળુ પરમાત્મા સદ્‌ગતના પરમ આત્માને ચરમ શાંતિ અર્પે તેવી પ્રાર્થના કરે છે.

સ્વ. ભવાનજી બાપાનું આપણી જ્ઞાતિ પર અનેરા ઋણ છે પૂ. વેલજી સાધનાશ્રમના આદ્ય સ્થાપક વેલજીબાપાના અવસાન પછી સાધનાશ્રમનું સુકાન કૃષ્ણભક્ત કવિયત્રી 'ગોમતી બા' જેઓ આપણી જ્ઞાતિના સંત રત્ન હતા, તેમના પ્રત્યે ભવાનજી બાપાનો અનન્ય ભક્તિભાવ રહ્યો હતો. ગોમતી બાના વિલય પછી 'સાધનાશ્રમ'નું સુકાન ભવાનજી બાપાએ સંભાળ્યું હતું. તેઓશ્રીએ 'ગોમતી બા'ના ગીતો તેમજ જીવનદૃષ્ટિનો જગતને પરિચય કરાવ્યો હતો. ગોમતીબાની જન્મ શતાબ્દી ભક્તિ ભાવપૂર્વક ઉજવી હતી. જે સમયે આપણી જ્ઞાતિના ઘણા સભ્યોને બિદડા નિમંત્ર્યા હતા ત્યાર પછીના વર્ષે ભવાનજીભાઈ અને એમના ધર્મપત્નિ ગોમતી બાના જન્મદિને ભુજમાં આપણી જ્ઞાતિના પરિવારો સાથે સત્સંગ કર્યો હતો. આવા અનન્ય 'સંત ભક્ત' ભવાનજી બાપા, જેમણે આપણા સમાજના વિરલ મહિલા સંતનો આપણને જ પરિચત કરાવ્યો હતો.

બિદડા 'સાધનાશ્રમ' સાધના પરમતત્વની એકદમ સાદું છતાં શાંત અને સૌમ્ય સ્થળ છે. આ આશ્રમમાં ધર્મ અને તત્વજ્ઞાનને લગતા લગભગ પાંચ હજાર જેટલા પુસ્તકો, આમાનું એક એક પુસ્તક અણમોલ વસ્તુ માફક આશ્ચર્યમય ચોકસાઈપૂર્વક જાળવેલું છે. આ પુસ્તકોનો તત્વજ્ઞાન અભ્યાસીઓ તેમજ ધર્મગ્રંથોમાં રસ ધરાવતા વાચકો, સંશોધકોનો અહીં આવી અભ્યાસ કરે છે.

બિદડા 'સાધનાશ્રમ' ભવાનજી બાપાના અક્ષરદેહ વિલયે સૂનો થયો છે. પરંતુ આ પુસ્તકાલય એમની સુવાસ અવશ્ય પ્રસરાવતું રહેશે. 'સેતુ' પરિવાર સદ્‌ગતને ભક્તિભાવ સહ શ્રદ્ધાંજલી અર્પણ કરે છે.

**– સેતુ પરિવાર**

# શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ ટ્રસ્ટ-ભુજ

## વ્યસન મુક્તિ અને કેન્સર માહિતી ઝુંબેશ

કંસારા મહેશ એમ. ગુજરાતી



શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ મેડીકલ કાયમી ફંડ સમિતિ ભુજ અને જનકલ્યાણ સોસાયટી માંડવી દ્વારા સમાજના ૨૯માં સમૂહ લગ્ન પ્રસંગે વ્યસન મુક્તિ ઝુંબેશ અને કેન્સરથી બચવા માટેની માહિતી અભિયાન અંતર્ગત આ કાર્યક્રમને ભુજ જ્ઞાતિના પ્રમુખશ્રી દિલીપભાઈ બગ્ગાએ ખુલ્લો મુકતા આ કાર્યક્રમથી લોકોમાં પોતાના આરોગ્ય માટે જરૂરથી જાગૃતિ આવે તેમ કહી આ સમયે કેન્સર જેવા દૈત્યને નોતરું દેતા તમાકુ, બીડી, સિગારેટ, માવા, દારૂ જેવા વ્યસનોથી દૂર રહેવા અપીલ કરવામાં આવેલ હતી.

આ પ્રસંગે જનકલ્યાણ સોસાયટી માંડવીના શ્રી કિરણભાઈ દ્વારા માંડવી મુકામે આવેલ કેન્સર ઈન્સ્ટીટ્યુટ હોસ્પિટલમાં કેન્સરના રોગના નિદાન, સર્જરી, ડાયાલીસીસ માત્ર રૂ. ૧૦૦/- તેમજ વિવિધ તપાસ રિપોર્ટ રાહત દરે કરવામાં આવે છે. જે અંગેની માહિતી આપવામાં આવેલ હતી અને સુવિધાનો લાભ લેવા અપીલ કરી હતી.

આ પ્રસંગે માધાપર પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના મેડીકલ ઓફિસર શ્રી સીજું તથા સુપરવાઈઝરશ્રી વિનોદભાઈ ઠક્કર (બ્રહ્મા કુમાર) દ્વારા આરોગ્ય તેમજ યોગ દ્વારા કઈ રીતે રોગથી મુક્ત થવાય તેની સમજ આપવામાં આવેલ હતી.

આ પ્રદર્શનમાં કેન્સર નિર્દેશન તેમજ હોસ્પીટલ દ્વારા કરવામાં આવેલ સર્જરી વખતે કેન્સર જેવી મહાબિમારી તેમજ તે દરમ્યાન થતી ગાંઠ અને તે વખતનો ફોટોગ્રાફ ખાસ પ્રદર્શનમાં મુકવામાં આવેલ હતા. તેમજ હૃદય રોગ, ક્ષય, ટીબી, વિટામીનની ઉણપ, લોહીના ઊંચા દબાણ, શુદ્ધ શાકાહારી ભોજન તેમજ વિવિધ રોગોની જાણકારી આપવામાં આવેલ. સરકારશ્રી દ્વારા ૧૦૮, મા અમૃતમય યોજના, બેટી બચાવો તેમજ નાના બાળકોને થતા રોગમાં સરકારશ્રી દ્વારા તમામ ખર્ચ સારવાર આપવામાં આવે છે તેની માહિતી તેમજ તેનું નિર્દેશન આપવામાં આવેલ હતું.

આ પ્રદર્શનનો લાભ ૨૦૦૦ લોકોએ લીધેલ અને આ પ્રદર્શનથી સમાજની અંદર વ્યસનમુક્તિની જાગૃતિ આવે તે માટેના પોતાના મંતવ્ય લેખિતમાં જણાવેલ હતા.

રવિવારે આ સમૂહલગ્ન પ્રસંગે સાદા સમારંભને શ્રી કિરણભાઈ ખેર, ગૌરાંગ કોટડિયા, મેડીકલ કાયમી ફંડના સમિતિના ચેરમેન હર્ષદભાઈ જે બુદ્ધભટ્ટી, યુવક મંડળના સભ્યો, સમારંભના ચેરમેનશ્રી અનિલભાઈ છત્રાળા, મહેશભાઈ ગુજરાતી, ભાવેશ એચ. બગ્ગા, પરેશ સી. ગુજરાતી, માલતીબેન એન. ગુજરાતી, ધર્મેન્દ્ર બારમેડાએ વ્યવસ્થા સંભાળેલ.

આ પ્રસંગે વિવિધ લોકો દ્વારા શુભેચ્છા પાઠવવામાં આવેલ. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન મેડિકલ કાયમી ફંડ સમિતિના મંત્રીશ્રી પ્રોજેક્ટ ચેરમેનશ્રી મહેશભાઈ એમ. ગુજરાતી દ્વારા કરવામાં આવેલ હતું.



## વ્યસન મુક્તિ મંત્રો

| **ગુટકાષ્ટક** | **બજરાષ્ટક** | **સુરાષ્ટક** | **ડ્રગાષ્ટક** |
|---|---|---|---|
| ગુટકા... | બજરબત્તી | સુરા-શુરા | ડ્રગ્સ કેફ |
| ગુટ ભર ખા કર | હોઠે રમતી | હોશ ગફરા | મન ફરેલ |
| ગુટ ગુટ મર | હૈયે ડસતી | જીગર ચૂરા | ખાલી સૈફ (તિજોરી) |
| | જીવન હરતી | મરે અધૂરા | ભેજુ ગેબ |

— **'રાજહંસ'**

# શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ ટ્રસ્ટ, ભુજ

ચેતન બારમેડા-ભુજ

## ૨૯મો સમુહલગ્ન સમારોહ - ભુજ






તા. ૭/૧૨/૨૦૧૪ ના શુભ દિને શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ ટ્રસ્ટ, ભુજ દ્વારા આયોત ૨૯મો સમુહલગ્નોત્સવ પ્રસંગે ૧૦ નવદંપતિઓએ લગ્નરૂપિ વન નૈયામાં પોતાની સંસારનાવ હંકારી એ પ્રસંગે સમગ્ર કચ્છ ઉપરાંત છેક દાર્જીલીંગ, ઈન્દોર, રાયપુર, મુંબઈ, વડોદરા વગેરે સ્થળેથી અંદાજીત સાત હજાર જ્ઞાતિ બંધુઓની વિશાળ હાજરીએ સમાજ સંગઠીત હોવાની પ્રતિતી કરાવી હતી. ૨૯માં સમુહલગ્ન ટાંકણે અંદાજીત ૫૨ (બાવન) ભેટ આઈટમો ઉપરાંત ૫૦૦૦/- ની ગૌદાન રકમ કન્યાઓને સુપ્રત કરાઈ હતી.

જયુબિલી ગ્રાઉન્ડ નજીક આવેલ ટીનસીટીમાં તા.૭/૧૨/૧૪ નાં જ્ઞાતિના ગોર પુજય મૈત્રેય સુમનભાઈ વ્યાસ અને એમની ટીમે સુચારૂ ઢબે શાસ્ત્રોક્ત વિધિથી લગ્નો સંપન્ન કરાવ્યા હતા. આયોજક ટીમે સમગ્ર દિવસ દરમ્યાન સરસ વ્યવસ્થા સાથે ભોજન સમારંભ પણ સારી રીતે પાર પાડયો હતો. જે કાર્યકરોની સતત છેલ્લા ૩ માસની જહેમતની ફલશ્રુતિ હતી. તમામ કાર્યકરો દરેક ક્ષેત્રે વ્યવસ્થામાં ખંત અને નિષ્ઠાપૂર્વક ખડે પગે સેવામાં ઉપસ્થિત રહ્યા હતા.

બપોરે ૩:૩૦ કલાકે વિશાળ સ્ટેજ પર યોજાયેલા સત્કાર સમારંભના પ્રારંભ પ્રસંગે સમારોહના અધ્યક્ષ અને ભુજ જ્ઞાતિના પ્રમુખશ્રી દિલીપભાઈ કાનજી બગ્ગા, પ્રમુખશ્રી યુવક મંડળ રાહુલભાઈ ચનાણી, જ્ઞાતિના ગોરશ્રી મૈત્રેય સુમનલાલ વ્યાસ, આ સમારંભ પ્રસંગે ગણેશપૂજન માયાબેન કિરણભાઈ છત્રાળા પરિવાર દ્વારા કરવામાં આવેલ તથા સમારોહના મુખ્ય મહેમાનોમાં સમાજશ્રેષ્ઠી શ્રી પ્રભુદાસભાઈ ખેતશી ગુજરાતી, શ્રી રસિકલાલ ઝવેરીલાલ બુદ્ધભટ્ટી, શ્રી પ્રેમજી કેશવજીભાઈ સોલંકી (વડાલી) તથા અતિથિ વિશેષશ્રીઓ શ્રી હરેશભાઈ જેઠાલાલ સોલંકી, શ્રી જગદીશચંદ્ર દયારામ ચૌહાણ, શ્રી બકુલભાઈ જયંતિલાલ ગુજરાતી, શ્રી રમણીકભાઈ કલ્યાણજી જસમતિયા, શ્રી પ્રદિપભાઈ મગનલાલ ચનાણી, શ્રી ઝવેરીલાલ વેલજી બગ્ગા, શ્રી રમેશભાઈ કેશવલાલ મૈચા (માધાપર), શ્રી ભરતભાઈ બેચરલાલ બગ્ગા (નખણાત્રા), શ્રી દિનેશભાઈ જેઠાલાલ બગ્ગા (નખત્રાણા), શ્રી પ્રવિણચંદ્ર લક્ષ્મીદાસ સોલંકી (માંડવી), શ્રી દિનેશભાઈ જેઠાલાલ બારમેડા (તલોદ-સાબરકાંઠા), શ્રી ગિરીશભાઈ કાંતિલાલ બારમેડા (અમદાવાદ) વગેર મંચસ્થ મહેમાનો હાજર રહ્યા હતા. તથા મંચસ્થ મહાનુભાવોમાં વરદ્ હસ્તે દિપ પ્રાગટ્ય કરવામાં આવ્યું હતું.

આ મહાનુભાવોનું પુષ્પગુચ્છથી સ્વાગત સંજીવ બુદ્ધભટ્ટી, રાજેશભાઈ સોલંકી દ્વારા કરવામાં આવેલ. જ્ઞાતિના પ્રમુખશ્રી દિલિપભાઈ બગ્ગા, નિતીનભાઈ હેડાઉ, અનિલભાઈ છત્રાળાના હસ્તે દાતાઓનું ચાંદીના મોમેન્ટો દ્વારા સન્માન કરવામાં આવેલ.

ચંદુભાઈ ચનાણી એ ખૂબ જ ગંભીર નોંધ લઈને જણાવેલ કે વધુમાં વધુ પક્ષકારો સમુહલગ્નમાં જોડાયે તો જ સમાજને અને સમાજમાં પક્ષત્રકારોને ફાયદો થાય તેવી ખાસ સમુહલગ્નમાં જોડવાની અપીલ કરી.

ત્યારબાદ રૂ. ૧૧,૦૦૦/- થી વધુ દાન દેનાર દાતાઓ સન્માન કરવામાં આવેલ.

સમુહલગ્ન પ્રસંગે ભુજના સ્વામિનારાયણ મંદિરના મહંત સ્વામિ તરફથી આર્શીવચન, બીએપીએસ તરફથી આર્શીવચન સાથે અભિનંદન પાઠવતા જણાવ્યું હતું. જ્ઞાતિ પ્રત્યે ઉચ્ચ ભાવના કેળવવા તેમણે શીખ આપી હતી. સમાજમાં કાર્યકરો દ્વારા સેવા, સંગઠન અને શિસ્ત દ્વારા દરેક કાર્ય સફળ થાય છે તે જણાવેલ.

સમારંભના અધ્યક્ષ સ્થાનેથી શ્રી દિલિપભાઈ કે. બગ્ગાએ સૌ દાતાઓની દિલેરીને બિરદાવી હતી. તેમણે નવદંપતિઓને આશીર્વાદ સાથે અભિનંદન પાઠવતા જણાવ્યું હતું. જ્ઞાતિ પ્રત્યે ઉચ્ચ ભાવના કેળવવા તેમણે શીખ આપી હતી. સમાજમાં કાર્યકરો દ્વારા સેવા, સંગઠન અને શિસ્ત દ્વારા દરેક કાર્ય સફળ થાય છે તે જણાવેલ.

આ સમુહલગ્નમાં યુવક મંડળ દ્વારા વેબસાઈડની માહિતી આપવામાં આવી. મેડીકલ ફંડ દ્વારા કેન્સર અંગેનું પ્રદર્શન તેમજ વ્યસન મુક્તિ અંગેનું આયોજન કરવામાં આવેલ. મહામંડળની મહિલા મંડળ પ્રમુખ લત્તાબેન દ્વારા મેરેજ બ્યુરોની માહિતી આપવામાં આવી.

આયોજન અનિલભાઈ કે. છત્રાળા (કન્વીનર), અશોકભાઈ જે. બુદ્ધભટ્ટી (સહકન્વીનર), ચેતનભાઈ આઈ. બારમેડા (સમુહલગ્ન મંત્રી), રાજેશભાઈ એન. સોલંકી, હિતેશભાઈ ડી. પોમલ, સંજયભાઈ એ. બુદ્ધભટ્ટી, રાજેન્દ્ર વી. બુદ્ધભટ્ટી, કિશોરભાઈ ચૌહાણ, સુનિલભાઈ એમ. પોમલ, નિતીનભાઈ એ. હેડાઉ, મહેશભાઈ ગુજરાતી, રાહુલભાઈ ચનાણી, અમૃતલાલ જે. સોલંકી, હર્ષદભાઈ ઝેડ. બુદ્ધભટ્ટી, દિપક ડી. પોમલ, ગિરીશભાઈ એ. સોલંકી, ભાવેશભાઈ એચ. બગ્ગા, નિલેશભાઈ વી. બુદ્ધભટ્ટી, સંજયભાઈ બુદ્ધભટ્ટી, હસમુખભાઈ મૈચા, મુળજીભાઈ કટ્ટા, ભરત મુળજી ચૌહાણ (માધાપર), મહેશભાઈ બારમેડા, દયારામભાઈ પોમલ, જીગર એમ. બુદ્ધભટ્ટી, ભરત કટ્ટા, સંદીપ વ્રજલાલ બુદ્ધભટ્ટી, સમાજ દ્વારા થતી આવી વિવિધ પ્રવૃત્તિ જ્ઞાતિજનોને એક બીજા સાથે લાગણીના તાંતણે બાંધી રાખે છે. સંપ, સેવા, સંગઠન, સહકાર આપણી સફળતાનું રહસ્ય છે. સત્કાર સમારંભનું સંચાલન અને આભારવિધિ મહેશભાઈ બારમેડા તથા ચેતનભાઈ ઈશ્વરલાલ બારમેડાએ કરી હતી.

**જ્ઞાતિ સમાચાર**

## શ્રી મારૂ કંસારા સોની યુવક મંડળ-ભુજ

**જીગર એમ. બુદ્ધભટ્ટી**

### મારૂ કંસારા સોની - જ્ઞાતિના એકતાના દર્શન કરાવતી નવરાત્રી



મારૂ કંસારા સોની જ્ઞાતિ યુવક મંડળ દ્વારા આ વર્ષ પ્રથમ વખત નવરાત્રી મહોત્સવનું આયોજન કરવામાં આવેલ. મારૂ કંસારા સોની જ્ઞાતિ ટ્રસ્ટ પ્રેરિત, યુવક મંડળ આયોજીત નવરાત્રી મહોત્સવ, મહિલા મંડળ દ્વારા યોજાતા બહેનોના રાસ-ગરબાને એક મુકામ આગળ લઈ જઈ સમગ્ર જ્ઞાતિજનો માટે એક પારિવારિક માહોલ વચ્ચે ગુજરાતની સંસ્કૃતિ, પરંપરા અને કલા વારસા સમા નવરાત્રી પર્વની રંગેચંગે ઉજવણી કરી શકે એવા ઉદ્દેશથી કન્વીનર શ્રી અનિલભાઈ છત્રાળાના નેતૃત્વમાં કરવામાં આવેલ, જેમાં ભુજ તાલુકાના સર્વે જ્ઞાતિજનો જોડાઈ એકતા અને સંગઠનના દર્શન કરાવેલ.

નવરાત્રી દરમ્યાન દરરોજ પ્રથમ ફેન્સી રાઉન્ડ જેવા કે ચિલ્ડ્રન રાઉન્ડ, કપલ રાઉન્ડ, ફ્રી સ્ટાઈલ રાઉન્ડ, બહેનોના રાસ-ગરબા રમાડેલ. ત્યાર બાદ કોમ્પીટીશન રાઉન્ડ અને છેલ્લે જનરલ રાઉન્ડ એમ દરરોજ ત્રણ રાઉન્ડ અને છેલ્લે દિવસે મેગા ફાઈનલ રાઉન્ડ રમાયેલ. તા. ૪-૧૦ ના મેગા ફાઈનલ ૨૦૧૪માં શરૂઆત મહાઆરતીથી કરેલ ત્યારબાદ મેગા ફાઈનલ રાઉન્ડ ૧૫૦ સ્પર્ધક પસંદ થયેલ. દાતાના સન્માનનું સંચાલન જીગરભાઈ બુદ્ધભટ્ટીએ કરેલ. જ્ઞાતિ આગેવાન ચંદુભાઈ ચનાણીએ યુવક મંડળના પ્રથમ નવરાત્રીને બિરદાવી સારા કાર્યો માટે આગળ આવવા અપીલ કરેલ. જ્ઞાતિ પ્રમુખ દિલીપ બગ્ગાએ કાર્યક્રમની સરાહના કરી. જ્ઞાતિજનો વિશાળ સંખ્યામાં હાજરી બદલ ધન્યવાદ આપી સહયોગની ખાત્રી આપેલ. દાતાશ્રી પ્રભુદાસભાઈ ગુજરાતી, બકુલભાઈ ગુજરાતી, રસિકભાઈ બુદ્ધભટ્ટી, મુકેશભાઈ બારમેડા તથા રમણીકલાલભાઈ જસમતીયાનું સન્માન કરવામાં આવેલ.

મેગા ફાઈનલ રાઉન્ડમાં ૧૨ વર્ષની નાના બાળકોમાં પ્રથમ ત્રણ (૧) પૂજા બિપીન પોમલ (૨) વાણી પ્રશાંત કટ્ટા (૩) દિતી દિપેશ સોનીના બાળકોના ઈનામ દિલીપભાઈ બગ્ગાએ આપેલ. નવરાત્રી મહોત્સવ દરમ્યાન કચ્છ સાંસદ વિનોદભાઈ ચાવડા, ભુજ વિભાગના ધારાસભ્ય નીમાબેન આચાર્ય, ભુજ શહેર ભાજપ પ્રમુખ રીતેશ ગોર, ભાડાના ચેરમેન કિરીટ સોમપુરા હાજરી આપી નવરાત્રીના આયોજનને બિરદાવેલ તથા જ્ઞાતિ નવરાત્રીના સફળ આયોજનની પ્રશંસા કરી આવનારા સમય બીજી જ્ઞાતિ પણ જોડાશે તેમ કહેલું.


૧૨ વર્ષથી ઉપરના સ્પર્ધકોમાં બેસ્ટ ડ્રેસ ફીમેલ ખુશાલી બુદ્ધભટ્ટી, બેસ્ટ ડ્રેસ મેલ યશ બુદ્ધભટ્ટીના ઈનામો મહિલા મંડળના પ્રમુખ લત્તાબેન સોલંકીએ આપેલ. જ્ઞાતિના મેગા ફાઈનલ રાઉન્ડમાં પ્રથમ વિજેતા પ્રિયા રવિ બારમેડા ૫૧૦૦ રોકડા તથા ચાંદીના દાંડીયા યુવક મંડળના પ્રમુખ રાહુલ ચનાણીના હસ્તે તથા રનર્સઅપ (૧) વૈભવ ચંદ્રકાંત બુદ્ધભટ્ટી (૨) નીલમ રાજેશ બુદ્ધભટ્ટીના ઈનામો યુવક મંડળના મંત્રી જીગર બુદ્ધભટ્ટીના હસ્તે આપવામાં આવેલ. સાત આશ્વાસન ઈનામો દાતાશ્રીના હસ્તે આપવામાં આવેલ. કાર્યક્રમનું સંચાલન મહેશ બારમેડાએ કરેલ. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે યુવક મંડળના તમામ સભ્યોએ જહેમત ઉઠાવેલ.

# શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ મહિલા મંડળ-ભુજ

રોહિણી બુદ્ધભટ્ટી



૧૪મી નવેમ્બર એટલે બાળકોના વ્હાલા, પ્યારા 'ચાચા નહેરુ' નો જન્મ દિવસ અને બાળકો એટલે જાણે કે ફૂલોની સુગંધથી મઘમઘતો બગીચો. આવા જ વ્હાલા બાળકો માટે શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ મહિલા મંડળ-ભુજ તા. ૧૬-૧૧-૨૦૧૪ના રોજ સવારે ૧૦-૦૦ કલાકે, જ્ઞાતિની લગ્નવાડી મધ્યે ૪ થી ૧૪ વર્ષના બાળકો માટે 'ચિત્ર સ્પર્ધા' યોજી હતી જેમાં ૫૫ થી ૬૦ જેટલા બાળકોએ ભાગ લીધો હતો. જેમાં ત્રણ ગ્રુપ બનાવવામાં આવ્યા હતા. ૪ થી ૬ વર્ષ, ૭ થી ૧૦ વર્ષ અને ૧૧ થી ૧૪ વર્ષના બાળકો એમ ત્રણ ગ્રુપમાંથી પ્રથમ અને દ્વિતીય એમ બે બાળકોને વિજયી જાહેર કરવામાં આવ્યા હતા. તેમજ ભાગ લેનાર દરેક બાળકોને પ્રોત્સાહન



ઈનામો આપી પ્રોત્સાહીત કરવામાં આવ્યા હતા.

સમગ્ર કાર્યક્રમમાં અધ્યક્ષ સ્થાને ખુશાલીબેન સંજયભાઈ બુદ્ધભટ્ટી તથા માલતીબેન નરેશભાઈ ગુજરાતી રહ્યા હતા.

નિર્ણાયકો તરીકે સોનિયાબેન રમેશભાઈ પોમલ તેમજ દર્શનીબેન જીગરભાઈ બારમેડાએ સેવા આપી હતી.

સમગ્ર કાર્યક્રમના દાતા શ્રી પ્રભુદાસભાઈ ખેતશી સોની તરફથી બાળકોને ઈનામો તેમજ નાસ્તો આપવામાં આવ્યા હતા.

હાજર રહેલા આમંત્રિતોમાં યુવક મંડળના પ્રમુખશ્રી રાહુલભાઈ ચનાણી એ આવા કાર્યક્રમો મહિલામંડળ અવારનવાર યોજી અને જ્ઞાતિની પ્રતિભાઓને અવારનવાર યોજી અને જ્ઞાતિની પ્રતિભાઓને બહાર લાવવામાં મદદરૂપ બને તેવી ભાવના વ્યક્ત કરી હતી. શ્રી અનિલભાઈ છત્રાળા એ પણ બહેનોને પ્રવૃત્તિને બિરદાવી હતી.

**ગ્રુપ-૧માં વિજેતાઓ ૪ થી ૬ વર્ષ**

**પ્રથમ** : રુદ્ર પી. પોમલ

**દ્વિતીય** : હિતાર્થ કશ્યપ બુદ્ધભટ્ટી

**ગ્રુપ-૨માં વિજેતાઓ ૭ થી ૧૦ વર્ષ**

**પ્રથમ** : ખુશી જે. સોલંકી

**દ્વિતીય** : નિયતી જયેશ પોમલ

**ગ્રુપ-૩માં વિજેતાઓ ૧૧ થી ૧૪ વર્ષ**

**પ્રથમ** : ખ્યાતી ચૌહાણ

**દ્વિતીય** : ખુશ ભૂતડા

સમગ્ર કાર્યક્રમનું સંચાલન રોહીણી બુદ્ધભટ્ટીએ સંભાળ્યું હતું. તેમજ કાર્યક્રમને સફળ બનાવવા માટે મહિલામંડળની બધી જ સભ્ય બહેનોએ જહેમત ઉઠાવી હતી. આભારવિધિ સાથે કાર્યક્રમ પૂર્ણ જાહેર કરવામા આવ્યો. ■

---

- ☐ મસ્તક અને મન વચ્ચે સંવાદ જરૂરી છે. પરંતુ એ સંવાદમાં ખલેલ પડે તો હંમેશા મસ્તક નહીં મનને અનુસરો.
- ☐ ઊઠો, જાગો ને ધ્યેય પ્રાપ્ત ન થાય ત્યાં સુધી મંડ્યા રહો.

*– સ્વામી વિવેકાનંદ*

**જ્ઞાતિ સમાચાર**

## નખત્રાણા મારૂ કંસારા સોની જ્ઞાતિના સરસ્વતી સમારોહમાં ૧૩૦ને સન્માન્યા



અહીંની સોની સમાજવાડી ખાતે મારૂ કંસારા સોની જ્ઞાતિ દ્વારા સરસ્વતી સન્માન સમારોહ યોજાયો હતો. જેમાં જ્ઞાતિના ૧૩૦ જેટલા વિદ્યાર્થીઓ-વિદ્યાર્થીનીઓને જ્ઞાતિના અગ્રણીઓના હસ્તે ઈનામો આપી સન્માન કરવામાં આવ્યા હતા. સાથે સાથે કાલિકા પાટોત્સવની પણ ધામધૂમપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી.

પ્રમુખ હીરાલાલ સોનીના અધ્યક્ષસ્થાને યોજાયેલા આ પ્રસંગે સોની સમાજ દ્વારા રવાડીનું આયોજન કરવામાં આવ્યું હતું. બેન્ડ પાર્ટીની સુરાવલી સાથે માતાજીની રવાડી નગરના વિવિધ વિસ્તારોમાંથી પસાર થઈ સમાજવાડી પહોંચી હતી. બગ્ગા પરિવાર દ્વારા મહાઆરતીનો લાભ લેવામાં આવ્યો હતો.

બપોરે સરસ્વતી સન્માન સમારોહમાં પ્રમુખે સ્વાગત પ્રવચનમાં સમાજ શિક્ષણ ક્ષેત્રે વધુને વધુ આગળ વધે તેવી ઈચ્છા વ્યક્ત કરી હતી. માજી પ્રમુખ હિંમતલાલ સોની, અગ્રણી ભરતભાઈ સોની, હેમેન્દ્રભાઈ કંસારા, દિનેશભાઈ કટ્ટા, રતિલાલભાઈ સોની, મહેન્દ્રભાઈ સોની, સંજયભાઈ બગ્ગા, સુરેશભાઈ વિગેરેએ પ્રારંભિક પ્રવચન કર્યું હતું.

સોની યુવક મંડળના પ્રમુખ મહેશભાઈ સોની, મંત્રી બ્રેગીન સોની, કૌશિક કટ્ટા, ભાવેશ બગ્ગા, મેબ્રીન સોની, જયેશ સોની, નવીન કટ્ટા, સતીશ સોની, કૈલાસભાઈ, મહિલા મંડળના પ્રમુખ જ્યોતિબેન કટ્ટા, હેતલબેન, રસીલાબેન વિગેરેએ કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી.

મહાપ્રસાદની વ્યવસ્થા અમૃતલાલ બગ્ગા, તુલસીભાઈ સોની, પ્રવિણભાઈ સોનીએ સંભાળી હતી. સંચાલન કિશોરભાઈ કોટડિયાએ તાજેતરમાં મારૂ કંસારા સોની સમાજ દ્વારા આયોજિત સરસ્વતી સન્માન સમારોહમાં દીપ પ્રાગટ્ય કરતા જ્ઞાતિના પ્રમુખ હીરાલાલભાઈ સોની, ભરતભાઈ સોની, અન્ય જ્ઞાતિના અગ્રણીઓ તેમજ ઉપસ્થિત છાત્રો તેમજ મહિલાઓ.

સૌજન્ય : કચ્છમિત્ર તા. ૨૦-૧-૨૦૧૫

**જ્ઞાતિ સમાચાર**

## શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ - અંજાર



શ્રી અંજાર મારૂ કંસારા સોની જ્ઞાતિ દ્વારા જ્ઞાતિના માતાજીના મંદિર મધ્યે વાર્ષિક પાટોત્સવ નિમિત્તે વિવિધ કાર્યક્રમો યોજાયા હતા.

સવારના ૯-૦૦ કલાકથી હવનનો કાર્યક્રમ શરૂ થયો હતો. જેમાં મુખ્ય યજમાન પદે શ્રી અનિલકુમાર શંકરલાલભાઈ બગ્ગા પરિવારે રહી હવનની વિધી કરી હતી. જેના આચાર્ય પદે જ્ઞાતિના ગોર શ્રી કનકચંદ્ર છગનલાલ વ્યાસ અને ઉપાચાર્ય પદે શ્રી દેવેન વ્યાસે શાસ્ત્રોક્ત વિધિ સંપન્ન કરાવી હતી.

૧૧-૦૦ કલાકે એક શોભાયાત્રા શ્રી મહાકાલિ માતાજીના મંદિરેથી નીકળી અને શહેરના રાજમાર્ગો પર ફરી મંદિર પહોંચી હતી. જેમાં બેન્ડ-વાજા અને કળશધારી કુમારીકાઓ સાથે મોટી સંખ્યામાં જ્ઞાતિના ભાઈ-બહેનો જોડાયા હતા.

બપોરે સમુહ પ્રસાદનું જ્ઞાતિની વાડી મધ્યે આયોજન કરવામાં આવ્યું હતું.

જ્ઞાતિના પ્રમુખશ્રી રાજુભાઈ કેશવલાલ વિસાપરમાર તથા કારોબારીના સભ્યો, મહિલા મંડળના પ્રમુખ, કારોબારી સભ્યો, યુવક મંડળના પ્રમુખ, કારોબારી સભ્યો અને સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી.

# શ્રી પશ્ચિમ કચ્છ મારૂ કંસારા સોની જ્ઞાતિ એજ્યુકેશન ટ્રસ્ટ

**હેમેન્દ્રભાઈ એમ. ગુજરાતી**



શ્રી પશ્ચિમ કચ્છ મારૂ કંસારા સોની જ્ઞાતિ એજ્યુકેશન ટ્રસ્ટના ઉપક્રમે આયોજીત શૈક્ષણિક સન્માન સમારોહ-૨૦૧૪માં ઉપસ્થિત ગુજરાત રાજ્યના કુટીર અને મીઠા ઉદ્યોગના રાજ્યમંત્રી શ્રી તારાચંદભાઈ છેડાએ ટ્રસ્ટના આ શૈક્ષણિક કાર્યને બિરદાવતા જણાવ્યું કે, જ્યારે રાજ્ય સરકાર શિક્ષણ માટે વિશેષ ધ્યાન આપે છે ત્યારે માત્ર આપણે વેપાર ધંધામાં નહીં રહેતા આપણે આપણા બાળકોને ઉચ્ચ અભ્યાસ કરાવી અને પોતાના પારંપરિક વ્યવસાયમાં નહીં રહેતા અનેક ક્ષેત્રમાં જવું જરૂરી છે.

તેમણે એવી ખાત્રી આપી કે સોના-ચાંદીના વેપારી વર્ગને સરકારી યોજનાઓનો લાભ મળે છે ત્યારે આ ધંધાના મૂળના પાયાના કારીગર વર્ગોને મજબૂત કરવા તાલુકા મથકોએ કાર્યશાળા કાર્યરત કરાશે અને તેમણે એવી ખાત્રી આપી કે એક મહાજનને બીજા મહાજનની જરૂર પડે ત્યારે તેમના તરફથી તથા તેમની સંસ્થા તરફથી સંપૂર્ણ સહયોગ મળશે.

ટ્રસ્ટના ઉપાધ્યક્ષ શ્રી ધનજીભાઈ હરીદાસ બુદ્ધભટ્ટીના અધ્યક્ષપદે યોજાયેલ આ કાર્યક્રમમાં સૌ પ્રથમ ટ્રસ્ટના મહામંત્રીશ્રી હેમેન્દ્રભાઈ કંસારાએ મહેમાનોને આવકારી અને ટ્રસ્ટની કામગીરી વિશે ખ્યાલ આપ્યો હતો. તેમણે જણાવ્યું કે ટ્રસ્ટ માત્ર બાળકોના શૈક્ષણિક સન્માન પુરતું સિમીત નહીં રહેતા સમાજના છેવાડામાં રહેતા જ્ઞાતિજનો પાસે પહોંચી એક પારિવારિક જવાબદારી ઉપાડશે. તેમણે આગામી સમયમાં ટ્રસ્ટ દ્વારા ૭૫ વર્ષથી ઉપરના વડીલોને સન્માનવા તેમજ જેમના લગ્નજીવનને ૫૦ વર્ષ પૂર્ણ થયા છે તેમને સન્માનવાનું કાર્યક્રમ યોજવા નેમ વ્યક્ત કરી હતી.

આ કાર્યક્રમમાં ધો.૧૦ અને ધો.૧૨ તેમજ ગ્રેજ્યુએટ તથા પોસ્ટ ગ્રેજ્યુએટ થયેલ વિદ્યાર્થીઓનું સન્માન માનનીય રાજ્યમંત્રીશ્રી તારાચંદભાઈ છેડાના વરદ્ હસ્તે કરવામાં આવેલ. તેવી જ રીતે પશ્ચિમ કચ્છમાં નિવૃત્ત થયેલ સરકારી કર્મચારીઓને પણ સન્માનિત કરવામાં આવ્યા હતા.

એજ્યુકેશન ટ્રસ્ટના અધ્યક્ષશ્રી લખમશીભાઈ ઈશ્વરભાઈ કોટડીયા તથા શ્રીમતી રાધાબેન લખમશીભાઈ કોટડીયાના લગ્નજીવનને ૬૦ વર્ષ થતા તેમનું રાજ્ય મંત્રી તારાચંદભાઈ તેમજ ભુજ મહિલામંડળના પ્રમુખ લત્તાબેન સોલંકીના વરદ્ હસ્તે વિશિષ્ટ સન્માન કરવામાં આવેલ હતું.

જીલ્લા ઉદ્યોગ કેન્દ્રના અધિકારીશ્રી અખિલેશભાઈ અંતાણીએ આ પ્રસંગે જણાવ્યું કે રાજ્ય સરકારની હકારાત્મક અભિગમથી રોજગારલક્ષી યોજનાઓમાં સોનાચાંદીના વેપારીઓ, કારીગરોને તેમજ બહેનો માટે ગૃહઉદ્યોગ તેમજ હસ્તકળા માટે તેવી જ રીતે શિક્ષિત બેરોજગારો માટે યોજનાનો લાભ લેવા અનુરોધ કર્યો હતો. આ પ્રસંગે જ્ઞાતિના એક વેપારીને સોનાચાંદીના ધંધા માટે મંજુર કરેલ લોનની હુકમની નકલ આપવામાં આવી હતી.

ભુજ જ્ઞાતિના અગ્રણી શ્રી ચંદુભાઈ ચનાણીએ એજ્યુકેશન ટ્રસ્ટની કામગીરીને બિરદાવી અને જણાવ્યું કે વાદ વિવાદથી પર રહી આપણે વિકાસ ઉપર જ ધ્યાન કેન્દ્રીત કરવું જોઈએ. તેમણે ટ્રસ્ટના વિવિધ વિકાસલક્ષી મુદ્દાઓ પરત્વે પોતાનો મંતવ્ય રજુ કરી એજ્યુકેશન ટ્રસ્ટની કામગીરીને પ્રોત્સાહન રૂ. ૨૫,૦૦૦ (પચીસ હજાર) ફંડની જાહેરાત કરી હતી. ભુજ જ્ઞાતિના પ્રમુખશ્રી દિલીપભાઈ બગ્ગાએ પણ સરકારની યોજનાઓને આવકારી અને જણાવ્યું હતું કે, આ યોજનાઓનો આપણે લાભ લઈ અને જ્ઞાતિના ભાઈ-બહેનોને મજબુત કરીએ. તેમણે જણાવ્યું કે બેન્કનો ધિરાણ પરત્વેનો હકારાત્મક અભિગમ થાય તો આ યોજનાનો લાભ વધુ લોકો લઈ શકે. તેમણે એજ્યુકેશન ટ્રસ્ટને ભુજ જ્ઞાતિ તરફથી સંપૂર્ણ સાથ અને સહકારની ખાત્રી આપી હતી.

અખિલ કચ્છ કેળવણી ટ્રસ્ટના પ્રમુખશ્રી અમૃતલાલ જેઠાલાલ સોલંકીએ કેળવણી ટ્રસ્ટની માહિતી આપી જણાવેલ કે ટ્રસ્ટ દ્વારા જરૂરતમંદ વિદ્યાર્થીઓને સ્કોલરશીપ આપી એને અભ્યાસમાં સહયોગી બને છે. ભવિષ્યમાં આ બંને ટ્રસ્ટો પરસ્પર



કામ કરતા રહેશે. સન્માનિત વિદ્યાર્થીની મોહિની સોની એ ખૂબ જ સુંદર શૈલીમાં એજ્યુકેશન ટ્રસ્ટની કામગીરીને બિરદાવી અને શુભેચ્છા પાઠવી હતી. સન્માનિત ટ્રસ્ટના અધ્યક્ષશ્રી લખમશીભાઈ ઈશ્વરદાસ સોનીએ સન્માન બદલ આભાર વ્યક્ત કરી અને ટ્રસ્ટની રચના સંદર્ભે વિગતથી માહિતગાર કર્યા હતા. પોતાના સન્માનથી ખુશાલીથી એજ્યુકેશન ટ્રસ્ટને રૂ. ૧૧,૦૦૦ ડોનેશન જાહેર કર્યું હતું. સન્માનિત નિવૃત્ત કર્મચારી શ્રી દયારામભાઈ ચત્રભુજ હેડાઉ અને વિ. વિ. કટ્ટા દ્વારા ટ્રસ્ટને ડોનેશન આપેલ હતું. તેવી જ રીતે સન્માનિત થયેલ વિદ્યાર્થીની હિનાબેન મોરારજી તેમજ દિપાલીબેન હસમુખલાલ બારમેડા તરફથી પણ પોતાના સન્માનરૂપે શુભેચ્છા ભેટ ટ્રસ્ટને આપવામાં આવેલ હતી.

આ કાર્યક્રમમાં ઉપસ્થિત ભુજ મહિલા મંડળના પ્રમુખ લત્તાબેન સોલંકી, નિવૃત્ત માહિતી અધિકારી શાંતિલાલભાઈ સોલંકી, પી.જી. સોની તેમજ ધનજીભાઈ સોની એ પણ સંબોધન કર્યું હતું. શૈક્ષણિક સન્માન કાર્યક્રમમાં જ્ઞાતિની પી.એચ.ડી. ડીગ્રી પ્રાપ્ત કરનાર ફાલ્ગુની પોમલ તેમજ ચાણક્ય એકેડમી સ્કુલના પ્રિન્સીપાલ શ્રી કવિતા સોની, કચ્છ યુનિવર્સિટીના કૃપાલીબેન મહિચ્છા તેમજ જિલ્લા સહકારી સંઘમાં જવાબદારી નિભાવતા કામિનીબેન બુદ્ધભટ્ટીનું રાજ્યમંત્રીના વરદ્ હસ્તે સન્માન કરવામાં આવેલ હતું. શ્રી અખિલ કચ્છ મારૂ કંસારા સોની જ્ઞાતિ - અમદાવાદ સેતુ પરિવાર તથા અખિલ ભારતીય મારૂ કંસારા સોની જ્ઞાતિના પ્રભુદાસભાઈ ખેતશી નાદુરસ્ત તબીયતના કારણે ઉપસ્થિત ન રહેતા, તેમણે શુભેચ્છા સંદેશ આપેલ હતો. તથા ટ્રસ્ટને રૂ. ૧૧,૦૦૦નું ફંડ આપેલ હતું. તેમજ અખિલ ભારતીય મહામંડળના મંત્રીશ્રી પ્રેમજીભાઈ સોની તરફથી શુભેચ્છાપત્રનું વાંચન કરવામાં આવેલ હતું.

આ શૈક્ષણિક કાર્યક્રમમાં વિદ્યાર્થીઓને ગીફ્ટના દાતા ગંગારામભાઈ સોની (કાદિયાવાળા) સન્માનપત્ર (મોમેન્ટો)ના દાતા શ્રીમતી રાધાબેન લખમશીભાઈ (ઉગેડીવાળા) કર્મચારી સન્માન સહયોગી દાતા શ્રી સહજાનંદ જ્વેલર્સ ગ્રુપ (નેત્રા), હા. વાલજીભાઈ કટ્ટા, વિદ્યાર્થીઓને મેડલના દાતા સ્વ. કંસારા મોહનલાલ માધવજી (નખત્રાણા) પરિવાર હા. પ્રફુલભાઈ કંસારા તથા કાર્યક્રમના સહયોગી તરીકે શ્રી પશ્ચિમ મારૂ કંસારા સોની જ્ઞાતિ હોદ્દેદારો તથા કારોબારી સભ્યો તેમજ ડો. ફાલ્ગુની પોમલના સૌજન્ય દાતા એમ. જી. સોની એડવોકેટ (નખત્રાણા) રહ્યા હતા. આ કાર્યક્રમ દરમ્યાન ઉપસ્થિત જ્ઞાતિજનો દ્વારા એજ્યુકેશન ટ્રસ્ટને આર્થિક સહયોગ આપેલ હતો.

આ કાર્યક્રમમાં ભુજ જ્ઞાતિના અગ્રણીઓ અનિલ છત્રાળા, હર્ષદ બુદ્ધભટ્ટી, બિપીનભાઈ સોની, અરવિંદભાઈ સોની, ચેતન બારમેડા, મુળજીભાઈ નાનાલાલ કટ્ટા, મહેશભાઈ કંસારા, ભરતભાઈ હિંમતલાલ બગ્ગા, પ્રો. કમલેશ બુદ્ધભટ્ટી, માંડવી જ્ઞાતિના પ્રમુખ હરેશભાઈ નેણશી, સુરેશભાઈ સોની, રમેશભાઈ સોની, વસંતભાઈ પોમલ, અરવિંદભાઈ સોની, પ્રવિણભાઈ સોની, પશ્ચિમ કચ્છના વિવિધ ઘટકના પ્રમુખશ્રીઓ નખત્રાણા મહિલા મંડળના હેતલબેન પોમલ, યુવક મંડળના પ્રમુખ મહેશ બુદ્ધભટ્ટી, વર્માનગરથી શ્રી પ્રવિણભાઈ સોની, દયાપરના મોરારજીભાઈ સોની, રવાપરના મનસુખલાલ સોની, રમેશભાઈ સોની, મોહનભાઈ સોની - કોટડા (જ.), શંભુભાઈ સોની, જખુભાઈ સોની - વિરાણી, રવજીભાઈ સોની - ગડાણી ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમને સફળ બનાવવા શ્રી ગંગારામભાઈ કરશનદાસ સોની, મણિલાલ ગોવિંદજી સોની (એડવોકેટ), જેરામભાઈ કાનજી બુદ્ધભટ્ટી, નારણભાઈ સોની (ખોંભડી), દિનેશભાઈ જે. સોની, રમણીકલાલ ગોકળદાસ તથા પ્રફુલભાઈ કંસારા, કિશોરભાઈ સોની, નિકુંજ સોની, આનંદ સોની, ભરતભાઈ સોની, રમેશભાઈ કંસારા, ઘનશ્યામભાઈ સોની, ધીરૂભાઈ સોની, જીજ્ઞેશભાઈ સકરીયા વિગેરેએ જહેમત ઉઠાવી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન મોહનભાઈ કોટડીયા (નખત્રાણા) તથા આભારવિધિ એમ.જી. સોની (એડવોકેટ)એ કરેલ હતી.

## જ્ઞાતિસેતુમાં લગ્ન વિષયક જાહેરાત આપવા બાબત

બદલાતા સમયની સાથે સગપણ સંબંધો માટે યોગ્ય પાત્રની પસંદગી મુશ્કેલ બની રહેલ છે ત્યારે સમાજના મુખપત્રમાં લગ્નવિષયક જાહેરાત આપવાનું ચલણ વધી રહેલ છે જે સ્વાભાવિક અને આવકાર્ય છે.

જ્ઞાતિસેતુમાં લગ્નવિષયક જાહેરાત પ્રસિદ્ધ કરવામાં આવે છે. આ અંગે સમાજમાં જાગૃતિ વધે તે હેતુથી **કન્યાઓના વાલી તરફથી જાહેરાત આપવામાં આવશે તો તે B/W ૧/૪ પેજમાં નિઃશુલ્ક પ્રસિદ્ધ કરવામાં આવશે.** જ્યારે યુવકોના વાલીઓ દ્વારા B/W ૧/૪ પેજમાં આપવામાં આવેલ જાહેરાતનો ચાર્જ રૂ. ૫૦૦/- રહેશે. જાહેરાત અંગેની વિગતો બાજુમાં દર્શાવેલ ફોર્મેટ મુજબ લખી જ્ઞાતિસેતુના સરનામે મોકલવાની રહેશે.

**વધુ વિગત માટે મનુભાઈ કોટડિયા - મો. ૯૬૦૧૨૭૫૦૭૮**

**ઈ-મેલ : gnyatisetu@gmail.com**

**નામ :**

પાસપોર્ટ સાઈઝ ફોટો

**સરનામું :**

**નૂખ/અટક**

**જન્મ તારીખ : સ્થળ : સમય :**

**ઊંચાઈ : વજન : અભ્યાસ :**

**વ્યવસાય :**

**સરનામું : મો. નંબર :**

**માસિક આવક :**

**કૌટુંબિક વિગત :**

**પિતા : માતા :**

**ભાઈ : બહેન :**

**મોસાળ :**

**જ્ઞાતિ સમાચાર**


# શ્રી સાબરકાંઠા કચ્છ મારૂ કંસારા સોની જ્ઞાતિમંડળ

**રશ્મીનભાઈ સોની**

શ્રી સાબરકાંઠા કચ્છ મારૂ કંસારા સોની જ્ઞાતિમંડળની જનરલ મિટીંગ તા. ૨૩-૧૧-૨૦૧૪ને રવિવારના રોજ પ્રાંતિજ મુકામે દશામાના મંદિરે જ્ઞાતિના અગ્રણીઓની હાજરીમાં મળેલ. એજન્ડા મુજબ જ્ઞાતિના સર્વ સંમતિથી નવી કારોબારીની રચના આગામી ત્રણ વર્ષ માટે કરવામાં આવેલ છે.

પ્રમુખ : ગોપાલભાઈ શામજીભાઈ સોની - દહેગામ મો. ૯૮૨૫૩૯૫૪૬૪, ઉપપ્રમુખ : શાંતિલાલ કલ્યાણજી સોની - વડાલી મો. ૯૯૨૫૭૯૧૧૫૧, ખજાનચી : રશ્મીનભાઈ જેઠાલાલ સોની - તલોદ મો. ૯૮૯૮૧૭૩૩૧૩, મંત્રી : કમલેશભાઈ જયંતિભાઈ કોટડીયા - ઈડર મો. ૯૮૯૭૩૫૨૦૦, સહમંત્રી : અતુલભાઈ પ્રેમજીભાઈ સોની - વડાલી મો. ૯૪૨૬૩૬૫૪૩૫, કારોબારી સભ્ય : ગિરીશભાઈ દામજીભાઈ સોની - ખેડબ્રહ્મા, મો. ૯૪૨૭૦૮૩૬૫૫, હર્ષદભાઈ રમેશભાઈ સોની - નરોડા મો. ૯૮૨૫૭૧૬૨૬૩, નિતીનભાઈ રજનીકાંત સોની - ખેડબ્રહ્મા મો. ૯૪૨૭૩૬૫૩૭૬, રાજુભાઈ છોટાલાલ સોની - બરોડા મો. ૯૪૨૭૫૯૨૨૩૪, સંદીપભાઈ વિઠ્ઠલભાઈ સોની - ખેડબ્રહ્મા મો. ૯૪૨૬૮૨૧૨૯૯, દિલીપભાઈ કલ્યાણજી સોની - સતલાસણા મો. ૯૪૨૭૦૩૯૩૬૭

પત્ર વ્યવહારનું સરનામું : રશ્મીનભાઈ જેઠાલાલ સોની, જે. જે. જ્વેલર્સ - તલોદ. સુભાષચોક, મેઈન બજાર, તલોદ. મો. ૯૮૯૮૧૭૩૩૧૩, ફોન : ૦૨૭૭૦-૨૨૧૦૬૫



પ્રમુખ
ગોપાલભાઈ શામજીભાઈ સોની
દહેગામ



ઉપપ્રમુખ
શાંતિલાલ કલ્યાણજી સોની
વડાલી



મંત્રી
કમલેશભાઈ જયંતિભાઈ કોટડીયા
ઈડર



સહમંત્રી
અતુલભાઈ પ્રેમજીભાઈ સોની
વડાલી



ખજાનચી
રશ્મીનભાઈ જેઠાલાલ સોની
તલોદ



કારોબારી સભ્ય
ગિરીશભાઈ દામજીભાઈ સોની
ખેડબ્રહ્મા



કારોબારી સભ્ય
હર્ષદભાઈ રમેશભાઈ સોની
નરોડા



કારોબારી સભ્ય
નિતીનભાઈ રજનીકાંત સોની
ખેડબ્રહ્મા



કારોબારી સભ્ય
રાજુભાઈ છોટાલાલ સોની
બરોડા



કારોબારી સભ્ય
સંદીપભાઈ વિઠ્ઠલભાઈ સોની
ખેડબ્રહ્મા



કારોબારી સભ્ય
દિલીપભાઈ કલ્યાણજી સોની
સતલાસણા

# શ્રી મારૂ કંસારા સોની સમાજ-રાયપુર

કિરણબેન સોની-રાયપુર

## શ્રી મહાકાલી માતાજીનો પાટોત્સવ



શ્રી મારૂ કંસારા સોની સમાજ - રાયપુર તરફથી નવવર્ષ ૨૦૧૫ જ્ઞાતિસેતુ પરિવાર માટે શુભ મંગલકારી રહે તેવી શુભેચ્છાઓ...

શ્રી મારૂ કંસારા સોની સમાજ - રાયપુરમાં અધ્યક્ષ શ્રી કૌશિકકુમાર કિશોરભાઈ કટ્ટાની અધ્યક્ષતામાં તા. ૪-૧-૨૦૧૫ના રોજ પોષ સુદ ચતુર્દશી નિમિત્તે શ્રી મહાકાલી માતાજીનો પાટોત્સવ કાર્યક્રમનું આયોજન થયું.

કાર્યક્રમમાં સવારે પૂજા, હવન, આરતી અને અંતે મહાપ્રસાદીનું આયોજન કરવામાં આવેલ હતું. એમાં મારૂ કંસારા સોની સમાજના સર્વે જ્ઞાતિજનોએ સહપરિવાર હોંશભેર ભાગ લીધો.

આ સંપૂર્ણ આયોજનમાં શ્રી કૌશિકકુમાર કિશોરભાઈ કટ્ટા, યુવા મંડળ પ્રમુખશ્રી પરેશભાઈ મગનભાઈ બારમેડા અને સચિવ શ્રી નિતીનભાઈ દિલીપભાઈ પોમલની દેખરેખ હેઠળ સફળતાપૂર્વક પાર પડયો. યુવા મંડળના કાર્યકર્તાઓનું પણ વિશેષ યોગદાન રહ્યું.

મહિલામંડળ તરફથી ભજનની પ્રસ્તુતિ અપાઈ. કાર્યક્રમની સફળતા માટે સર્વે જ્ઞાતિજનોનો ખૂબ ખૂબ આભાર..

## મહિલામંડળનો કાર્યક્રમ



શ્રી મારૂ કંસારા સોની સમાજ, મહિલા મંડળ, રાયપુર દ્વારા નવવર્ષ ૨૦૧૫ (૧-૧-૨૦૧૫) ના રોજ મહિલા મંડળના અધ્યક્ષ શ્રીમતી ઉર્મિલાબેન વિનોદભાઈ પોમલની સાથે મહિલા સદસ્યો અને કાર્યકારિણી સદસ્યોની પુરી ટીમ એક ક્રિશ્ચિયન સંસ્થા મધર ટેરેસા આશ્રમ-રાયપુરની મુલાકાતે ગયા. આ સંસ્થા ઘણા વર્ષોથી રાયપુરમાં મેન્ટલી રિટાર્ડેડ મહિલાઓ માટ ઉત્કૃષ્ટ સેવા આપી રહી છે. અહીં ૧૫ વર્ષથી વધુ ઉંમરની મંદબુદ્ધિ છોકરીઓ અને મહિલાઓ સેવા લઈ રહી છે. અને એની આસપાસ ૧૫-૨૦ જેટલા સ્વયંસેવિકા નર્સો અને ડોક્ટરોની ટીમ છે જે ત્યાં સેવાઓ આપે છે.

આવા આશ્રમમાં મહિલામંડળના સદસ્યોએ એમની સાથે વાતચીત કરી અને તેમને વસ્ત્રો, ભોજન સામગ્રી અને જીવન જરૂરિયાતની વસ્તુઓ ભેટ આપી. આ જોઈને આશ્રમની છોકરીઓ અને મહિલાઓની ખુશીનો પાર ના રહ્યો અમને પણ એમની સાથે સમય વિતાવવાનો અનેરો આનંદ અનુભવ થયો.

નવવર્ષના આવા શુભ અવસર પર આવું શુભકાર્ય અમારા હાથે થયું એ માટે ઉર્મિલાબેન પોમલને સહુએ ધન્યવાદ આપ્યા. અને અંતે આ કાર્યક્રમમાં ભાગ લેનારી મહિલાઓને સફળતા માટે ખૂબ ખૂબ આભાર અને અભિનંદન.

## હાર્દિક અભિનંદન



શ્રીમતી જયશ્રીબેન તથા શ્રી ભરતભાઈ પરમાર (ભુજ)ની સુપુત્રી **ડો. આરોહી**ને જી.જે. આયુર્વેદ કોલેજમાંથી BAHS ના અંતિમ વર્ષમાં ૮માં ક્રમાંકે તથા ગાયનેકમાં ટોપ ઉત્તીર્ણ થવા બદલ જ્ઞાતિસેતુ ટીમ તરફથી હાર્દિક અભિનંદન.



શ્રીમતી દિપ્તીબેન તથા શ્રી પરેશભાઈ ચમનલાલ ગુજરાતી (ભુજ)ના સુપુત્ર **કિશને** CA-CS. Executive માં ઉત્તીર્ણ થવા બદલ જ્ઞાતિસેતુ ટીમ તરફથી હાર્દિક શુભેચ્છા પાઠવે છે.

# બારમેડા પરિવાર



તુલસીદાસ કંસારા-અમદાવાદ




ગૌતમ ઋષિના ગોત્રની બારમેડા અટકને રાજસ્થાનમાં આવેલ બારમેડ નામના શહેર સાથે સંબંધ છે અને નથી. ખરેખર તો આ અટકની શરૂઆત બાડમેરની સ્થાપનાની એકાદ સદી પહેલા થયેલ છે અને તેના પુરસ્કર્તા હતા બારમેડાઓના વડવા શ્રી ધર્મસિંહજી. તેમનો જન્મ આજના બારમેડથી ત્રીસેક માઈલના અંતરે આવેલ જુના કરાડ (કે કરાડુ) નામના ગામમાં દેવરાજજીને ત્યાં લગભગ ૧૩૧૫ વર્ષો પહેલાં થયેલ (વિ. સં. ૭૫૬ વૈશાખ શુક્લપક્ષની ત્રીજ બુધવાર) ત્યારે આપણા મારવાડ (રાજસ્થાન)ના સમાજમાં કન્યાઓની અછતને કારણે કન્યા વિક્રયનો રિવાજ હતો અને નાણાની અછત ને કારણે કેટલાયે યુવકો કુંવારા રહી જતા હતા.

**પ્રથમ સમૂહ લગ્ન :** આવી વિપરિત સામાજિક પરિસ્થિતિમાંથી રસ્તો શોધી આ દૂરંદેશી મહાપુરૂષશ્રી ધર્મસિંહજીએ પોતાના સમાજના અગ્રણીઓ તેમજ કુટુંબીજનો નિમંત્રણ પાઠવીને આજુબાજુથી અનેક પરિવારોને બોલાવ્યા અને આશરે દોઢસો જેટલા યુગલોને પોતાના ખર્ચે પરણાવેલ. આ દ્રષ્ટિએ મારૂ કંસારાઓ માટે તે પ્રથમ સમુહ લગ્ન કહેવાય. તે સમયે તેમણે મહેમાનોને વિદાય આપતી વખતે આભાર માનતાં પોતાની અટક હવેથી બાડમેરા રાખવાનું નિશ્ચિત કરેલ અને તે પ્રમાણેની જાણ વિદાય લેતા મહેમાનોને કરેલ.

**બાડ-મેરાનો અર્થ અને ભવિષ્યવાણી :** વિદાય લેતા મહેમાનોમાંથી કોઈ જીજ્ઞાસુએ કારણ પૂછતાં તેમણે કહેલ કે તમે લોકો મારી વાડ-હદ-માં આવ્યા તેથી આજથી મેં મારી અટક બાડમેરા રાખેલ છે. બાડ એટલે મારવાડી બોલીમાં હદ અને મેરા એટલે મારી આજુબાજુના લોકો, જેના પરથી કદાચ મેરાવળો કે મેળાવળો શબ્દ ઉતરી આવેલ હશે. અને સાથે સાથે તેમણે એમ પણ કહ્યું કે આજથી સો એક વર્ષ પછી એક નગર બનશે જેનું નામ બાડમેર રાખવામાં આવશે. આમ તેમની ભવિષ્યવાણી પણ સાચી પડેલ તેથી જ બારમેડાઓને બારમેડ સાથે સંબંધ છે તે કરતાં તેમના વડવા ધર્મસિંહજી સાથે વધારે સંબંધ છે.

વિકીપીડીયામાંથી મળેલ માહિતી પ્રમાણે પણ અઢારમી સદીમાં બ્રિટીશ લોકોએ બારમેર અથવા તો બાલમેર નામ આ શહેર માટે સ્વીકારેલ જે તેરમી સદીમાં થઈ ગયેલ બહાડા રાઓ પરમાર (પનવાર) નામના રાજા અને તેમના કિલ્લાબંધ શહેર બહાડામેર પરથી ઉતરી આવેલ છે. આમ બાડમેર કહો કે બારમે, તે ઓળખનું નામ આપનાર હતા પ્રથમ બાડમેરા ધર્મસિંહજી.

**આપણી જ્ઞાતિના જાણવા જેવા બારમેડાઓ :** આજથી પચાસેક વર્ષ પહેલા મુંબઈમાં ઝવેરબાઈ એન. બારમેડાને મળાનું થયેલ. તેઓ રીઝર્વબેંકમાં ડાયરેક્ટર પદે હતા. તેમના મોટાભાઈ ખેંગારભાઈ બારમેડા એજ્યુકેશન ડિપાર્ટમેન્ટમાં ઈન્સ્પેક્ટર હતા. તેમણે અંગ્રેજીમાં વિદ્યાર્થીઓ માટે બુક્સ પણ લખેલ. બંને ભાઈઓ મુંબઈમાં રહેતા. ઝવેરભાઈ પછીથી અમદાવાદ મારે ત્યાં સ્ટેટ બેંકની લઘુઉદ્યોગ શાખામાં મળવા આવેલ અને ત્યાંથી તેમને હું અમદાવાદની પ્રખ્યાત ઈન્ડિયન ઈન્સ્ટીટ્યુટ ઓફ મેનેજમેન્ટમાં લઈ ગયેલ. તેમના પિતાશ્રી બાજુની છબીમાં દેખાતા શ્રી નાગજીભાઈ બારમેડાનું મુળ ગામ સિનોગ્રા જે મેં નાનપણમાં જોયેલ અને આજુબાજુની વાડીઓમાં તેમની સાથે ફરવા ગયેલ તે યાદ છે. ત્યારબાદ તેઓ અંજાર આવીને વસેલ. તેમના ચાર પુત્રો અને બે પુત્રીઓ. અહીં વાત કરી તે ઝવેરભાઈ અને ખેંગારભાઈ સિવાય ધનજીભાઈ અને પરમાનંદભાઈ તેમના પુત્રો. ધનજીભાઈ ના પુત્ર હરિલાલભાઈ મુબઈ ઘાટકોપર રહે અને જ્ઞાતિનું કામકાજ કરે. હવે કદાચ હયાત નથી. નાગજીભાઈની બે બહેનોમાંથી રામુબેનની વાત આપણે ગયા મણકામાં બગા પરિવારના ઉલ્લેખ વખતે કરેલ. બીજા બહેન રતનબાઈ તે સાકરીયા પરિવારમાં પરણાવેલ, જેમની વાત પણ ગયા મણકામાં કરેલ હતી. નાગજીમામા મારા લગ્ન વખતે હાજર હતા. મારા આલ્બમમાં તેમનો એક ફોટો મળેલ છે. જે અહીં પ્રસ્તુત છે. મુંબઈમાં બારમેડા પરિવારોની સંખ્યા ૨૦૦૨માં ત્યાંની જ્ઞાતિએ સ્વ. રૂક્ષમણીબેન કેશવજી પોમલ પરિવારના સક્રિય સાથ અને સહકારથી બહાર પાડેલ પરિવાર પરિચય પત્રક - ૨૦૦૨ (સંવત ૨૦૫૯) પ્રમાણે ૧૭ હતી, જે ત્યાં વસતા ૧૪૧ કુટુંબોમાં ૩૬ બુદ્ધભટ્ટી પરિવારો પછી બીજા નંબરે હતી.



**ભુજના બારમેડાઓ :** સમયના વહેણ સાથે બારમેડાનું અપભ્રંશ થઈને બારમેડા થઈ ગયાનું જણાય છે. ભુજમાં સૌથી મોટી સંખ્યા ધરાવતા બારમેડાના પરિવારોમાં આવે. ઓધવજી

રતનશીનો પરિવાર. તેઓ પીપડા ફળિયામાં રહેતા હતા. ઘરમાં ગાય રાખતા હતા. સવારે વહેલા ઉઠી મહાદેવના નાકા બહાર ગરીબોને અને ગાય-કૂતરાઓને રોટલા ખવડાવવાનો તેમનો વર્ષોથી નિયમ હતો. તેમની વાસણો વેચવાની દુકાન અત્યારે તેમના પુત્રો અને પોત્રો કંસારા બજારમાં ચલાવે છે.

સૌથી વધારે ૧૬ની સંખ્યા ધરાવતા અને એક સાથે રહેતા પરિવાર તરીકે નોંધાયેલ સ્વ. માવજી ખીમજી બારમેડાનું ફેમીલી છે. જેમાં આવક ના સાધન તરીકે વેપાર અને નોકરીમાં શૈક્ષણિક પ્રવૃત્તિનો સુભગ સંગમ થયેલ છે. ઘરના બધા જ સભ્યોની ઉચ્ચ શૈક્ષણિક લાયકાતો જોતાં આ પરિવારનો ભણતર તરફનો લગાવ અનુસરવા લાયક છે. કુલ નોંધાયેલ ૧૩૪ ફેમિલી થઈ ૬૩૧ વ્યક્તિઓ સાથે ભુજમાં બારમેડા પરિવારોમાં સ્ત્રી અને પુરૂષોનું પ્રમાણ લગભગ સરખું (૫૦ : ૫૦) થઈ ગયેલ છે અને તે રીતે તેમના વડીલશ્રી ધર્મસિંહજીએ આપેલ પોતાની ઓળખ 'બાડમેરા' સાર્થક થયેલ કહી શકાય. અન્ય વધારે સંખ્યા ધરાવતા કુટુંબોનો ઉલ્લેખ કરીએ તો બાર સભ્યો સાથેનું સ્વ. મૂળશંકર શીવજી બારમેડા, જે મુખ્યત્વે વેપારમાં રોકાયેલ હોવાનું જણાય છે. જ્યારે દસ સભ્યોની સંખ્યા સાથે સ્વ. જટાશંકર શીવજી બારમેડાનો પરિવાર વેપાર તેમજ નોકરી એમ સંયુક્ત પ્રકારે પોતાની આવક મેળવે છે. તેવું જ ૧૨ સભ્યોનું જગીદશ શીવજી બારમેડાનું કુંટુંબ માધાપર (ભુજ) મુકામે ચાંદીકામના વ્યવસાય સાથે સંકળાયેલ છે. આવા જ બે અન્ય પરિવારોમાં દસ દસ સભ્યોની સાથે કાંતિલાલ કેશવજી બારમેડા, મુળ-કોટડા ચકારના, વકીલાત અને સોની કામમાં રોકાયેલ છે જ્યારે નરોત્તમ નરશી (મેઘપર) ગેરેજ કામ કરે છે. ૨૦૦૯ના વસ્તીપત્રક મુજબ ભુજમાં નોંધાયેલ ૫૩૦૯ પરિવારોમાં ૨૦ ટકા બુદ્ધભટ્ટી, ૧૩ ટકા પોમલ અને ત્રીજે નંબરે ૧૨ ટકા સાથે બાડમેરાઓની વસ્તી છે.

**અમદાવાદ અને બારમેડા :** અહીંની વાત કરીએ તો, પરિવાર-પરિચય નિર્દેશિકા-૨૦૧૪ની આવૃત્તિ પ્રમાણે અહીંના કુલ ૧૧૨ પરિવારોમાંથી ઓગણીસ બારમેડા પરિવારોમાં સૌ પ્રથમ અહીં વસેલ પરિવાર કાંતિલાલ નાગજી બારમેડાનો છે. જેમાં તેમના બે પુત્રો રાજેન્દ્રભાઈ અને ગિરીશભાઈના કુટુંબીજનો સાથે એક ડઝન સભ્યોનો સમાવેશ થાય છે. આ પરિવારના સહકાર અને સહયોગ શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિમંડળને શરૂઆતથી જ મળતો રહેલ છે. તેમના પુત્રશ્રી ગિરીશભાઈ નામાંકિત સિવલી એન્જીનીયર છે અને એક સાહસિક બિલ્ડર તરીકે મધ્યમ વર્ગના લોકોના વસવાટ માટેના બાંધકામમાં સારું એવું ગજુ કાઢેલ છે. તેઓએ બે-ત્રણ વર્ષ પહેલા જ્ઞાતિના બધા જ સભ્યોને નળસરોવરનો પ્રવાસ કરાવેલ. તેમના બીજા પુત્ર શ્રી રાજેન્દ્રભાઈનો ફાળો અમદાવાદમાં મંડળ શરૂ કરવામાં બે રીતે નોંધનીય છે, પ્રથમ તો તેમણે પોતાની માણેકચોક વિસ્તારમાં સાંકળી ગલી જેવા રસ્તે આવેલ ચાંલ્લાની ઓળમાં ધવલ જ્વેલર્સ નામની દુકાનમાં મંડળની ઓફીસ કરવા માટે સ્વેચ્છાએ ઉમળકો દર્શાવ્યો જેથી કાયદેસરનું સરનામું આ મંડળને મળ્યું. બીજું તેમની ઉદારતાને કારણે અમદાવાદમાં વસ્તી ગણતરી શક્ય બની અને તેના પરિણામ સ્વરૂપ પ્રથમ પરિચય પુસ્તિકાએ આકાર લીધો. અત્યારે શ્રી રાજેન્દ્રભાઈ આ મંડળનું પ્રમુખપદ સંભાળે છે. તેઓ શરૂઆતથી જ ખજાનચીનો હોદ્દો સંભાળી ચૂકેલ છે. તેમજ મંત્રી તરીકે પણ કાર્ય કરી ચૂકેલ છે. તેમનો શાંત સ્વભાવ અને ઓછાબોલાપણું દરેકને ગમી જાય તેવા સદ્‌ગુણો છે. જે કદાચ તેમના રોજેબરોજના કામકાજને કારણે હોઈ શકે, કારણકે તેઓ અવનવા રંગના ગ્રહોની તાસીર પ્રમાણેના નંગ, કિંમતી પથ્થરોના જાણકાર છે અને જ્યોતિષીઓ તેમજ દાગીના બનાવતા વેપારીઓ કે કારીગરો સાતે ઘરોબો જાળવીને પોતાના વેપારને વિસ્તારેલ છે. તેમના પિતાશ્રી સાથે થયેલ વાર્તાલાપ અહીં તેમના જ શબ્દોમાં આપેલ છે.

**અમદાવાદમાં પ્રથમ પગલાં મૂકનાર કાંતિલાલ નાગજી બારમેડા :** અમારા પરિવારમાં કચ્છના નખત્રાણા તાલુકાના વિથોણ ગામથી અમદાવાદમાં આવીને વસવાટ કરનાર અમારા મોટાભાઈશ્રી વેલજીભાઈ હતા. તેઓએ પછીથી અમને અમદાવાદ બોલાવ્યા અને ત્યારે અમો ચાંદીકામ કરતા ગતા. ત્યારે અમારો વસવાટ અમદાવાદના દાણીલીમડા વિસ્તારમાં હતો. ત્યાર બાદ મેં ઈલેક્ટ્રીકના માલસામાન વેંચવાની દુકાન કરેલ. મોટા દિકરા રાજેન્દ્રભાઈને ભુજથી ઝવેરલાલ શીવજી પ્રાગજી બુદ્ધભટ્ટીના પરિવારમાંથી પરણાવેલ ત્યારે ગઈ સદીના આઠમાં દાયકાના અંત ભાગમાં પ્રથમ વખત અમદાવાદના આપણા જ્ઞાતિજનોને ભેગા કરેલ અને તેમના દર્શન કરી ધન્ય થયેલ. અત્યારે મારી વય લગભગ ૭૬ વર્ષની છે. અને મારા બંને દિકરાઓના સુખી સંસાર જોઈ, ઈશ્વરને પ્રાર્થના કરતાં કરતાં સંતોષ સાથે આ લાંબા જીવનની સાંજને માણી રહેલ છું.

**બારમેડાની દિકરી અને દામાણી બુદ્ધભટ્ટીઓની માતા :** આજથી ૨૩૭ વર્ષ પહેલા પોષ વદ-૪, સંવત ૧૮૩૪ તા. ૧૪-૨-૧૭૭૭ શુક્રવારની સાંજે, ૨૫ વર્ષની યુવાન વયે ભુજ મધ્યે સતી થયેલ મા મેઘબાઈ (જન્મ સ્થળ કોઠારા, તા. અબડાસા, સોમવાર તા. ૧૭-૫-૧૭૫૨ સંવત ૧૮૦૯, વૈશાખ વદ-૮) નો જન્મ પણ બારમેડા પરિવારમાં થયેલ.

એક એસએમએસ

પરિવારજનો સાથે ધીરજ રાખવી તે પ્રેમ છે.
અન્ય વ્યક્તિઓ માટે ધીરજ રાખવી તે આદર છે.
સ્વયં સાથે ધીરજ રાખવી તે આત્મવિશ્વાસ છે.
અને ઈશ્વર સાથે ધીરજ રાખવી તે શ્રદ્ધા છે.

# પ્રેમજીભાઈ કેશવજીભાઈ સોલંકી

આપણા સમાજમાં સેવા અનેક સેવા ભેખધારી મહાનુભાવો છે, જેઓ તન, મન, ધનથી સમાજ સેવા કાર્ય કરવા છતાં ક્યારેય પોતાની 'વાહ-વાહી'ના આગ્રહી રહેતા નથી. વાસ્તવમાં આવા સમાજ સેવકો પાસે, એવી કોઈ બાબત માટે સમય કે ઈચ્છા જ નથી હોતી. આવા જ આપણા સમાજના એક મૂક સેવક છે, શ્રી પ્રેમજીભાઈ કેશવજીભાઈ સોલંકી આપણા સમાજના મહામંડળની સ્થાપના થઈ ત્યારથી તેઓશ્રી આ મંડળના મહામંત્રી છે, પરંતુ આ બાબત તેઓશ્રીએ ભાગ્યેજ કાંઈ ફોરમમાં એમના એ હોદ્દા વિષે કંઈ કહ્યું હોય ! અને એમની આ નમ્રતાને લીધે જ એમની મહામંડળના મહામંત્રી તરીકેની કારકિર્દી સુદિર્ઘ અને સફળ રહી છે, એવું ચોક્કસ કહી શકાય. આવો, આજે આપણે સહુ આ મૂક કાર્યકરના સ્વહસ્તે જ એમના જીવનની ખટમીઠી વાતો જાણીએ અને એમની અનુભવી શીખ મેળવીએ **- મુખ્યતંત્રી**



જન્મ સ્થળ : ભુજ, તા. ૧૬-૯-૧૯૪૪

અભ્યાસ : ગુજરાતી ધો. ૫ સુધી

માતા-પિતા : રતનબેન કેશવજી માધવજી સોલંકી,

ભાઈ-બહેન : ૬-ભાઈ, ૨-બહેનમાં સૌથી મોટા।

૧૯૫૫ : સ્કૂલ છોડી અમારા પૂ. પિતાજી સાથે સોનાચાંદીની કામકાજની દુકાનમાં જોડાયો.

૧૯૬૨ : મારા લગ્ન ભુજના બેચરદાસ દેવકરણ બિજલાણીની પુત્રી હિરાબેન સાથે થયા.

૧૯૭૨ : વડાલીમાં સાયકલ રીપેરીંગની દુકાન કરી જે ત્રણ વર્ષ ચલાવી.

૧૯૭૫ : વડાલીમાં સોનાચાંદી કામકાજની દુકાન ચાલુ કરી તે વખતે આર્થિક સ્થિતિ ખૂબ જ નબળી હોવાથી ખૂબ જ સંઘર્ષમય જીવન નિર્વાહ ચલાવ્યો તે પછી ઉત્તરોત્તર ધંધો સારો ચાલ્યો અને ધંધાનો વિકાસ થતો રહ્યો.

૧૯૭૫ થી ૨૦૦૭ સુધી : સાબરકાંઠા જ્ઞાતિ મંડળમાં મંત્રી - પ્રમુખ તરીકે કામગીરી કરી.

૧૯૮૬ : વડાલીમાં લાયન્સ કલબની સ્થાપના કરી, પ્રમુખ તરીકે કામ કર્યું.

૧૯૮૭ : વડાલી નાગરિક સહકારી બેંકમાં ચૂંટણી લડી ૮૦ ટકા વોટથી જીતી બેંકના મેનેજીંગ ડિરેક્ટર તરીકે ૩ વર્ષ કામ કર્યું.

૧૯૮૯ : મારા કાનમાં સાંભળવામાં મોટી તકલીફ થઈ ત્યારથી કાનમાં મશીનથી સાંભળું છું. તદ્દપરાંત મને ડાયાબીટીસની તકલીફ પણ ઘણા વર્ષથી છે.

૧૯૯૦ : વડાલીના પ્રખ્યાત ઠાકોર દ્વાર રામજી મંદિરમાં ટ્રસ્ટી તરીકે આજ પર્યંત સેવા આપું છું.

૨૩ જુલાઈ ૨૦૦૬ : મહામંડળની સ્થાપના, સાબરકાંઠા જ્ઞાતિ દ્વારા કરવામાં આવેલ, તે વખતે સાબરકાંઠા જ્ઞાતિના પ્રમુખ તરીકે મેં મુખ્ય કામગીરી કરેલ.

૧૩-૧૨-૨૦૦૬ થી આપણી સમગ્ર જ્ઞાતિના મહામંડળના મહામંત્રી તરીકે મહામંડળની કામગીરી શરૂ કરી જે આજપર્યંત ચાલુ છે.

૨૦૦૮ : વડાલીમાં 'સીનીયર સીટીઝન કાઉન્સીલ'ની સ્થાપના કરી અને પ્રમુખ તરીકે ૬ વર્ષ કામ કર્યું.

મહામંડળમાં કામકાજ વધુ થઈ શકે તે માટે ૨૦૧૧ : ધંધાકીય પ્રવૃત્તિમાંથી નિવૃત્ત થઈ ભુજ રહેવાનું રાખ્યુ. જો કે હવે અમે ભુજ તથા વડાલીમાં બંને સ્થળે રહીએ છીએ.

પરિવાર : અમારા પરિવારમાં ત્રણ પુત્ર-પુત્રવધુ, પૌત્ર, પૌત્રી, દોહીત્ર, દોહીત્રી, પૌત્રીની દિકરી, દિકરી-જમાઈ, પૌત્રી-જમાઈ, પોત્રાવહુ સાથે કુલ ૨૪ની સંખ્યા છે.

મહામંડળના મહામંત્રી તરીકે આપણી સમગ્ર જ્ઞાતિના આગેવાનો જ્ઞાતિજનો સાથે સંપર્કમાં રહ્યો છું. જેનો મને ખૂબ આનંદ છે. મારી ઉંમર અત્યારે ૭૧ વર્ષની છે. નિવૃત્ત થયા એટલે ઘરમાં બેસી રહેવું મને અનુકુળ નથી. આજે પણ હું અમારી સોના-ચાંદીની ત્રણ દુકાનોમાં કોઈપણ રીતે મદદરૂપ થવાનો પ્રયત્ન કરું છું. વડાલીમાં બીજી જ્ઞાતિના આગેવાનો સાથે સંબંધો છે. જેથી કોઈ પ્રવૃત્તિમાં તેમની સાથે સંપર્કમાં રહું છું.

**શ્રી પ્રેમજીભાઈને જ્ઞાતિજનોને કંઈક પ્રેરક સંદેશ આપવા વિનંતી કરતા તેઓશ્રીએ નમ્રભાવે નીચે મુજબ કહ્યું :**

**આપણા જ્ઞાતિ સમાજે આર્થિક, સામાજીક, રાજકીય વ્યવસ્થા માટે આગળ વધવું જોઈએ. અને તે માટે સમાજના વડીલો જે શારીરિક રીતે સક્ષમ હોય તેઓ પોતાનો અનુભવ-ટાઈમ આપી સામાજીક કાર્યોમાં સક્રિય રહે તો સમાજ ખૂબ જ પ્રગતિ કરી શકે. આજે નવી ટેકનોલોજી ઉપલબ્ધ છે. યુવાનો પણ સમાજ માટે સક્રીય રહે તે જરૂરી છે.**

અમારા સોના-ચાંદીના ત્રણ શોરૂમ છે, મારા ત્રણ દિકરા, અતુલકુમાર-ઈડર, વિજયકુમાર-વડાલી તથા સંજયકુમાર-વડાલી સંભાળી રહ્યા છે. જે મારી દિકરી (એક) હિનાબન જે ભુજ રહે છે. મારું ધ્યેય : કામ એટલે જ પૂજા

**સોની પ્રેમજીભાઈ કેશવજી સોલંકીનું સરનામું : વડાલી, જી. સાબરકાંઠા. મો. ૯૪૨૭૩૬૫૩૭૭**

**પ્રશ્નોત્તરી સંકલન : મનુભાઈ કોટડીયા**

વ્યક્તિ
વિશેષ

# સુખી દામ્પત્ય જીવનના છ દાયકા : શ્રી લખમશી ઈશ્વરલાલ કોટડીયા

**શ્રીમતી લત્તાબેન સોલંકી-ભુજ**

શ્રી અખિલ ભારતીય મહામંડળના ઉપપ્રમુખશ્રી લખમશીભાઈ ઈશ્વરલાલ કોટડીયા તેમના દાંપત્ય જીવનના ૬૦ વર્ષ પૂર્ણ કરેલ છે. શ્રી લખમશીભાઈ ઈશ્વરદાસ કોટડીયા ઉગેડીમાં સોનાચાંદીના વ્યવસાય સાથે જોડાયા અને તેની સાથે તેલ અને તેલીબીયાંના વેપાર સાથે પણ જોડાયા. વેપારી વૃત્તિ સાથે તેઓ ૧૯૭૧ થી ૧૯૭૯ સુધી ઉગેડી ગ્રામ પંચાયતના સરપંચપદે તથા ૧૯૭૯ થી ૧૯૮૫ સુધી તાલુકા પંચાયતના સભ્યપદે તથા ૧૯૮૪-૮૫માં કારોબારી ચેરમેન તરીકે જવાબદારી નિભાવી હતી. તેવી જ રીતે શ્રીમતી રાધાબેન પણ ગ્રામપંચાયતના સભ્ય તરીકે ચુંટાયા હતા. લખમશીભાઈ સેવા સહકારીના માનદ્ મંત્રી સાથે ગ્રામવિકાસમાં સહયોગી બન્યા. તેવી જ રીતે તેઓ જ્ઞાતિમાં સક્રિય થયા. પશ્ચિમ કચ્છ મારૂ કંસારા સોની જ્ઞાતિના સ્થાપનાના મંત્રી તરીકે જવાબદારી નિભાવી તેની સાથે માતાના મઢની આવેલ સમાજવાડી નિર્માણમાં સ્વ. પરષોત્તમભાઈ ધારશીના સહયોગી બન્યા હતા. હાલે તેઓશ્રી અખીલ ભારતીય મારૂ કંસારા સોની જ્ઞાતિ મહામંડળના ઉપપ્રમુખ, શ્રી પશ્ચિમ કચ્છ મારૂ કંસારા સોની જ્ઞાતિ એજ્યુકેશન ટ્રસ્ટના પ્રમુખપદે જવાબદારી નિભાવી રહ્યા છે. તેઓ પુત્રો-પુત્રવધુ, પુત્રી-જમાઈ-પૌત્રવધુ-પૌત્રો-દોહિત્રીઓ સહિત વિશાળ પરિવારના વટવૃક્ષ સમાન છે અને જ્ઞાતિ ગૌરવ છે. તેમના દીર્ઘકાલીન સફળ દાંપત્ય જીવનની વિગત જાણવા શ્રીમતી લત્તાબેન સોલંકીએ આ દંપતિની રૂબરૂ મુલાકાત લીધેલ છે, તેની રસપ્રદ વિગતો જ્ઞાતિ સેતુના વાચકો માટે પ્રસ્તુત છે. **— અતુલ સોની**



એક મુલાકાત શુભેચ્છા મુલાકાત લેવાનું મન થયું. એવા દંપતિનું જેમણે દાંપત્યના છ દાયકા એટલે કે સાઈઠ વર્ષ પુરા કર્યા અને એકસઠમાં વર્ષમાં મંગલ પ્રવેશ કર્યો છે. અને એકસઠમાં વર્ષે પણ પ્રસન્ન દાંપત્ય એમની નજરૂમાંથી અમી રૂપે વરસી રહ્યું છે. એવા દંપતિ છે. લખમશી ઈશ્વરભાઈ કોટડિયા અને રાધાબેન લખમશી કોટડિયા.

સહુ પ્રથમ આપ બંનેને દાંપત્યના એકસઠમાં વર્ષના મંગલ પ્રવેશે સમસ્ત જ્ઞાતિજનો તરફથી ખૂબ ખૂબ શુભેચ્છા રાધાબેન અને લખમશીભાઈના સુદીર્ઘ દાંપત્યના આનંદમય સફરની એક ઝલક..

આજની તારીખે બંનેની ઉંમર ૭૫ અને ૭૩ લખમશીભાઈ તા. ૧૨-૭-૪૦ સંવત ૧૯૯૬, રાધાબેનની જન્મ તારીખ ખબર નથી પણ સંવત ૧૯૯૮ મહા મહિનામાં જન્મ થયો. લગ્નની તિથિ - જેઠ સુદ અગિયારસ - ૨૦૧૧.

લગ્ન વખતે ક્રમશ ૧૫ અને ૧૩ વર્ષની ઉંમર બંનેની. સામાન્ય રીતે ત્યારે લગ્નની ઉંમર ૧૬ થી ૧૮ વર્ષ છોકરાની રહેતી છોકરીની ૧૫ વર્ષ.

પણ લખુભાઈ આપ ૧૫ મે વર્ષે કેમ પરણ્યા ? એમણે વિશિષ્ટ કિસ્સો જણાવ્યો. મારી બે મા છે. મોટી મા અંધ હતા અને એમને કોઈ સંતાન ન હોવાથી વંશ વેલો આગળ વધારવા મારા પિતાના બીજા લગ્ન કરાવ્યા. માતા-પિતાની મોટી ઉંમરે મારો જન્મ થવાથી મારા લગ્ન વહેલા લીધા. જેથી તેઓ દાદા-દાદી બનીને વ્યાજનો લ્હાવો લઈ શકે.

લખુભાઈએ શાળાંત પાસ કરી હતી તેમણે રાધાબેનને સંબંધીને ઘેર લગ્નમાં જોયા હતા પણ રાધાબેને લખમશીભાઈને જોયા ન'તા. કુટુંબીજનોની મધ્યસ્થીથી સંબંધ બંધાયો. આઠ મહિના સગપણ રહ્યું.

સગપણ અને લગ્ન વચ્ચેના ગાળામાં તમે કેટલી વાર મળ્યા. એક પણ વાર નહીં.. સગપણ કરીને પણ વહુને ઘરે લાવવાનો રિવાજ ન'તો. વાર તહેવારના થતા વહેવાર એક બીજાના કુટુંબ જ મોકલાતો. અગિયાર ગાડાની જાન જોડી પરણવા ગયા'તા. સાથે ઊંટ અને ઘોડી પણ હતા. લગભગ ૭૦ માણસો હતા. ત્યારે જાનને બે ત્રણ દિવસ રોકવાનો રિવાજ હતો.

રાધાબેનને જ્યારે પૂછ્યું કે ૧૩ વર્ષની ઉંમરે સાસરે આવ્યા ત્યારે ઘરનું વાતાવરણ કેવુ લાગ્યું ? રાધાબેને જણાવ્યું કંઈ સમજાતું નહીં એટલી સમજણ પણ ન'તી. નણંદ-પરણી ગયા'તા. બે સાસુ, સસરા અને બે પાંચનું કુટુંબ... મધ્યમ વર્ગીય સ્થિતિ તમને ઘરનું કામ કોણે શીખવ્યું. મારા સાસુમા એ બંને સાસુજીએ રાંધતા ઘર સંભાળતા ધીમે ધીમે ધીરજથી શીખવ્યું. એમની છત્રછાયામાં ચાર દિકરીઓ અને બે દીકરા ઉછેર્યા મને તો બાળકોને ઉછેરવામાં કોઈ તકલીફ ન પડી. સાજે માંદે પણ તેઓ સંભાળી લેતા. દવા લેવા દેશલપર સુધી પગે જવું પડતું. ઘુંઘટ પ્રથાને કારણે પોતે ન જતા વડીલો જ

દવા લઈ આવતા ઘર વપરાશની વસ્તુ પણ વડીલો જ લાવતા. મારા પર એવી કોઈ જવાબદારી ન'તી. ઘરમાં વસ્તુઓ ખૂટોખૂટ રહેતી કોઈ કમી ન'તી.

રાધાબેને પૂછ્યું કે પિયર જવાનું શું ? કેટલા દિવસ રોકાતા ભા તેડવા આવતા ઊંટથી પિયર જવાનું કોઈ વાર પાછા મુકવા પણ આવતા કોઈ વાર સાસરે પાછા ફરતા બે ના ચાર વિસ થાય તો શું ? દિવસો આગળ પાછળ થાય એમાં સાસરિયા વાંધો ન લેતા. બંને કુટુંબની અનુકૂળતા પ્રમાણે રોકાતી.

આતો થઈ કુટુંબ અને ઘરની જવાબદારીઓ.. પરંતુ પતિ-પત્ની બંને રાજકારણ સાથે જોડાયેલ છે. લખમશીભાઈએ શાળાંત પાસ કરી હતી. વારસાઈ ધંધા સાથે ૧૯૫૬ થી ૧૯૬૦ સુધી પોસ્ટ ઓફિસમાં એકાઉન્ટનું કામ કરતા ૧૯૬૦ થી સહકારી મંડળીમાં જોડાતા સંપર્કો વધતા ધંધામાં ઘરાકી વધી અને વેપાર વધ્યો. લખમશીભાઈ ૧૯૬૭-૭૦ પંચાયતના સભ્ય, ૧૯૭૧-૭૯ પંચાયતમાં સરપંચ, ૧૯૭૯-૮૪ તાલુકા પંચાયત સભ્ય, ૧૯૮૯-૯૪ પંચાયતના સરપંચ. આ બધી રાજકીય કારકિર્દી ઉગેડીમાં ઘડાઈ. રાધાબેન ૧૯૯૫ થી ૨૦૦૦ સુધી નખત્રાણા તાલુકા પંચાયતમાં સભ્ય રહ્યા. રાધાબેનને પૂછ્યું. તમે તમારી મરજીથી રાજકારણમાં આવ્યા. રાધાબેને કહ્યું ના.. રે.. ના હું એમના કહેવાથી જ આવી. મિટીંગમાં પણ પોતે જ લઈ જતા અને લઈ આવતા. કારોબારીમાં પણ રહી.. કોઈ નિર્ણય લેવો હોય તો તમારું કે સૂચન લેવામાં આવવું. ના એવું કશું જ નહીં. ભાઈઓ ભાઈઓ જ નક્કી કરી લેતા. અમે બહેનો તો ખાલી શોભાના... અત્યારે રાજકારણમાં શું ચાલી રહ્યું છે એના શું જાણો છો ? જરા પણ વાકેફ નથી. મૂક્યા પછી પાછું વાળી જોયું જ કોણે છે.

આ બધી વાતો તો તેમના કુટુંબ સમાજ અને રાજકારણની છે. પણ... દાંપત્યજીવન.. અને એ પણ આટલા સુદીર્ઘ સફરમાં દાંપત્યની ઝીણી ઝીણી નાજુક અણદીઠી કેડીઓને કંડારવી.. ઘણી અઘરી હોય.. કેમ કે ઘર, વ્યવહાર, કુટુંબને સંભાળતા અનેક મુશ્કેલીઓનો સામનો કરવો પડે.

મુશ્કેલીઓ તો ઘણી આવી પણ પરસ્પર સાથ સહકારથી તેમાંથી બહાર નીકળી શક્યા. ૧૯૬૭માં જ્યારે રાજકારણમાં હતા ત્યારે ગામમાં લોજ ન'તી. ચાર-પાંચ વ્યક્તિ જણા તો રોજ વધારના જમવા વાળા હોય. તેમને રાધાબેન પ્રેમથી જ જમાડ્યા છે. ક્યારેક જમી પરવારે ને કોઈ આવે ત્યારે પણ એજ ભાવે જમાડ્યા છે. ક્યારે આનાકાની નથી કરી. સંતાનો વડીલોની જવાબદારી સાથે એ પણ પ્રેમથી નીભાવ્યા.

રાધાબેનને પૂછ્યું માથાકુટ, ગેરસમજણ, બોલાચાલી તો થઈ જ હશે... હા.. ક્યારેક... તો શું કરવા.. કોઈ બાબત.. લંબાવતા નહીં. સમજણના સેતુ પરથી પસાર થઈ.. કુટુંબના હિતમાં નિર્ણય લેવાનો જતું કરતા.. મતભેદો તો હતા.. અને હ યો. પરંતુ મનભેદ ન'તો.. અને આજે પણ નથી.. સરલતાથી જીવન પસાર થતું રહ્યું..

રાધાબેને જણાવ્યું કે પતિનું જીવન બહુ જ ઉમંગ વાળું છે ને મારું ઓછા ઉમંગ વાળું... ખૂબ ખુશી છે. અમારા વચ્ચે... જવું કરવાથી ખુશીઓ પાછી વળે છે.

વહુ દીકરીઓ રાજકારણમાં જોડાય તો તમને ગમે પડ્યો. બોલ ઝીલવા વાળી છે વહુ દીકરીઓ, ખુશીથી જોડાય ગમશે.

આમ રાધાબેન લખમશીભાઈનું સાઈઠ, સાઈઠ વર્ષોની દાંપત્યજીવન આજે પણ પ્રેમ, સમર્પણ, જતુ કરવાની ભાવના, કુટુંબ પ્રત્યે પ્રેમ, સહકારથી ચાલી રહ્યું. ફક્ત ચાલી જ નથી રહ્યું. અનેક યુગલોના દાંપત્યનું ચાલક બળ બની રહ્યું છે.

આપ બંને સમાજને શું સંદેશો આપવા માગો છો. ખાસ કરીને પ્રભુતામાં પગલા માંડતા નવદંપતિઓને આપ કેવા આશિષ આપશો કેવી શીખ આપશો.

આશિષમાં અખંડ આનંદ, સુખનું સાતત્ય અને ખુશ મિજાજ અને પ્રેમને ઘુઘવાતો સાગર મળે એવા શુભાશિષ... શીખ તો બસ એટલી જ કે સમજણનો સેતુ બંને વચ્ચે કાયમ ટકી રહે.. એક ગરમ તો બીજાએ નરમ રહેવું... એક બીજાનો આદર કરવો. એક બીજાના માન સન્માન જાળવવા. એક બીજાના કુટુંબને પ્રેમથી સાચવવા. કોઈ પણ વાત હોય તો વડીલોને વચ્ચે મુકવી સાથે બેસી નિરાકરણ લાવવું. ઈર્ષા ન રાખવો. અહમ્ દાંપત્યની ડોરને કમજોર બનાવે છે. બહુ તાણીએ તો તૂટી જવાય છે. સંયુક્ત કુટુંબ જવાબદારી ઓછી થાય ... જંતુ કરવાની ભાવના આને.. મારું નહી પણ આપણું કરીએ તો દિલની વિશાળતા વધતી ચાલે પ્રેમથી બધાના દિલ જીવી શકાય.

લખમશીભાઈ અત્યારે નિવૃત્ત છે પરંતુ નિવૃત્તિમાં સમાજસેવાની પ્રવૃત્તિ કરે છે. અને આજીવન સમાજસેવા કરવાની નેમ ધરાવે છે. શ્રી પશ્ચિમ કચ્છ કેળવણી મંડળમાં પ્રમુખ તરીકે, શ્રી અખિલ ભારતીય મારૂ કંસારા સોની જ્ઞાતિ મહામંડળના ઉપપ્રમુખ તરીકે પણ સેવા આપેલ. હાલ આવી અનેક સામાજીક સુખાકારીના કાર્યો સાથે સંકળાયેલા છે. જેમાં રાધાબેનનો એમને પુરેપુરો સાથ સહકાર મળી રહ્યો છે.

બસ, થોડામાં ઘણું સમજાવી દીધું, જણાવી દીધું. આ મીઠડા દંપતિએ.. ફરી ફરી લખમશીભાઈ અને રાધાબેનને દાંપત્યની ષષ્ઠીપૂર્તિ વચ્ચે ખૂબ ખૂબ શુભેચ્છાઓ... એમના દાંપત્યના વટવૃક્ષની છાયામાં એમના કુટુંબીજનો, મિત્રો, સંબંધીઓ, અને સમજાને મીઠો છાંયડો મળતો.. સ્વસ્થ, આનંદમય, મંગલમય જીવનની હરેક ક્ષણ મળે.. એવી હાર્દિક શુભેચ્છા...

# કચ્છ જીલ્લા સોના-ચાંદી વેપારી અને કારીગર મહામંડળ

**હિરાલાલ મોહનલાલ સોની-પ્રમુખ**

### કચ્છ જિલ્લાના સોના-ચાંદીના વેપારીઓ કે કારીગરોને વારે આવશે નવરત્ન સમિતિ



નખત્રાણા ગત રવિવારે કચ્છ જિલ્લાના સોના-ચાંદીના વેપારીઓ અને કારીગરોની મળેલી મિટીંગમાં હિરાલાલ મોહનલાલ સોનીની કચ્છ જિલ્લા સોના-ચાંદી વેપારી અને કારીગર મહામંડળના પ્રમુખ તરીકે સર્વાનુમતે વરણી કરવામાં આવતા નવા વરાયેલા પ્રમુખશ્રી એ ઉપસ્થિતોમાંથી નવરત્ન સમિતિની રચના કરેલ છે. જે આ સમિતિ, જિલ્લામાં ચોરી, લૂંટ, ઠગાઈ, છેતરપિંડી, કારીગર માલ ઉપાડીને ભાગી જવું, રસ્તે જતા પોતાનો માલ અને જેલમાં ધકેલાઈ જવાના બનતા બનાવો વગેરેથી બચવા, તથા જે વેપારી કે કારીગર ઉપર આવી પડે અને આ મહામંડળના સહકાર માટે જાણ કરે તો આ સમિતિ હંમેશા પ્રમુખશ્રીની આગેવાની હેઠળ તેમને મદદરૂપ થવા તત્પર રહેશે, જરૂરત પડે આ સમિતિ તાત્કાલિક બનાવના સ્થળે પહોંચી જઈ મદદરૂપ થશે તેવા ઉમદા હેતુથી બનાવવામાં આવી છે.

આ નવરત્ન સમિતિમાં શ્રી ભરતભાઈ કોટડિયા (ઉગેડીવાળા), શ્રી મનોજભાઈ સોની (ખોંભડીવાળા), શ્રી કિર્તીભાઈ સોની (નેત્રા), શ્રી પિયુષભાઈ સોની (ભુજ), શ્રી હિરાલાલ મોહનલાલ સોની-પ્રમુખ, શ્રી રિગ્નેશભાઈ (ભચાઉ), શ્રી સતિષભાઈ બગા, શ્રી કાંતિભાઈ (વિરાણીવાળા), શ્રી સંજયભાઈ છત્રાડા (ભુજ)નો સમાવેશ થાય છે. આ દરેક જણે નિ:સ્વાર્થ સેવા આપવા મોટી સંખ્યામાં ઉપસ્થિત જિલ્લાભરના વેપારીઓ અને કારીગરોની હાજરીમાં એક સાથે મંચ પાસે ફોટો આપ્યો હતો. જ્યારે જિલ્લા કારાબોરી અને અન્ય સમિતિઓની રચના પ્રમુખશ્રી હવે પછી જાહેર કરશે.

### સાંસદશ્રીનું જિલ્લા સોનાચાંદી વેપારી-કારીગર મહામંડળે કર્યું શાનદાર સન્માન

નખત્રાણા સોની સમાજવાડીમાં સંસદસભ્ય શ્રી વિનોદભાઈ ચાવડાનું રવિવારે કચ્છ જિલ્લાના તમામ તાલુકામાંથી આવેલા સોનાચાંદી વેપારી-કારીગર મહામંડળ દ્વારા ઢોલ-શરણાઈના તાલે પાઘડી પહેરાવીને શાનદાર સન્માન કરવામાં આવ્યું.

જિલ્લા મહામંડળના પ્રમુખશ્રી હિરાલાલ સોનીએ પાઘડી પહેરાવી, તથા કચ્છ જિલ્લામાંથી આવેલા ભચાઉ સોના-ચાંદી વેપારી મંડળના પ્રમુખશ્રી અમૃતલાલ, નલીયાના શ્રી રમેશભાઈ સોની, દયાપરના પ્રમુખશ્રી મહેન્દ્રભાઈ સોની, વિરાણીના પ્રમુખશ્રી શંભુભાઈ સોની, માધાપરના પ્રમુખશ્રી ભરતભાઈ સોની, વિથોણના પ્રમુખશ્રી હિંમતલાલ સોની, કોઠારાના પ્રમુખશ્રી નાનાલાલ સોની, રવાપરના પ્રમુખશ્રી અશ્વિનભાઈ સોની, ગઢશીશાના પ્રમુખશ્રી કિશોરભાઈ સોની, દરસડી માંડવીના શ્રી ભગવાનભાઈ સોની, અંજારના શ્રી પ્રેમજી ગાંગજી, આસંબીયાના શ્રી વિનોદભાઈ સોની, ભુજ કારીગર મંડળના પ્રમુખશ્રી રાજેશભાઈ સોની, ભુજપરના શ્રી દિપકભાઈ, દેશલપરના મનસુખભાઈ સોની, વર્માનગરના શ્રી અશ્વિનભાઈ સોની, ગાંધીધામના શ્રી મૌસમભાઈ સોની તેમજ લાકડીયા, ચીરઈ, સુખપર, દુધઈ, મથલ, ખાવડા, ધાવડા, મોમાયમોરા, તેરા, નેત્રા અને વિવિધ ગામોમાંથી પધારેલા વેપારી આગેવાનો, કારીગરો વિગેરેએ સંસદ સભ્યશ્રી વિનોદભાઈ ચાવડાનું સન્માન કર્યું હતું.



તેમજ ઉપસ્થિત વક્તાઓએ સોનાચાંદીના વેપારી અને કારીગરો ચોરી, લુંટ,



છેતરપિંડી, માલ-પાડીને ભાગી જવાના કિસ્સા, રસ્તેજતા આધારોના અભાવે પોતાનો માલ અને પોલીસ ચેકીંગમાં જેલમાં ધકેલાઈ જવાના બનાવો તેમજ અન્ય રજુઆતો કરવામાં આવી. નેત્રાની તાજેતરની ચોરી અંગે સાંસદે તરત જ પોલીસને યોગ્ય સૂચન કરતાં ડીવાયએસપીશ્રી એ તપાસને વેગીલી બનાવવા ખાત્રી આપી.

સાંસદે પ્રતિસાદ આપતા સોના-ચાંદીના વેપારીઓ કે કારીગરો ખોટી રીતે પોલીસ કાર્યવાહીનો ભોગ નહિ બને જરૂર પડે ઉપયોગી થવાની ખાત્રી આપતાં આનંદની લાગણી ફરી વળી હતી.

રાજ્યના ડેટા સેલના કન્વીનર ભરતભાઈ સોનીએ સોના-ચાંદીના વેપારીઓને સજાગતા સાથે ધંધો કરવાની તેમજ કોઈપણ સમયે તેમની જરૂર પડે ત્યારે તેઓ તેમની સાથે જ છે. તેવી ખાતરી સાથે રાજકીય રીતે પણ સાથ સહકાર આપવાનું જણાવ્યું હતું. વેપારીઓ પર જ્યારે આફત આવી પડે ત્યારે શું કરવું ચોપડા કઈ રીતે રાખવા સ્ટોક રજીસ્ટરની દેખભાળ સાથે લાગતી માહિતીનું માર્ગદર્શન અપાયું હતું સાથે આ યુનિયનમાં નવરત્ન સમિતિની રચના ઉપસ્થિત રહ્યા હતા. ભરતભાઈ કોટડીયા, અશ્વિનભાઈ સોની, શાંતિલાલભાઈ સોની, અમૃતલાલભાઈ સોની (ભચાઉ), મનોજભાઈ સોની, સંજયભાઈ, યાકુબભાઈ કુંભાર (ભુજ) વિ. ટેકો જાહેર કરી હીરાલાલ સોનીની વરણીને વધાવવાની સાથે ગ્રાહકોનો વિશ્વાસ સંપાદન પર ભાર મૂક્યો હતો. સોની વેપારી અગ્રણીઓ રાજેશભાઈ સોની, ભોગીલાલભાઈ વ્યાસ, હંસરાજ સોની, રમેશભાઈ બગા, ભાઈલાલભાઈ સોની, દિનેશભાઈ સોની સહિત ચાંદીના વ્યવસાય સાથે જોડાયેલા સોની જ્ઞાતિ સિવાય અન્ય સમાજના લોકો ઉપસ્થિત રહ્યા હતા. સંચાલન વરૂણ સોની, આભાર વિધિ મેબ્રિન સોની, બેગ્રીન સોનીએ કરી હતી.

## METRIMONIAL



NAME : **NAMAN HALAIE**
FATHERS NAME : PINACK SHANKERLAL
MOTHERS NAME : KUNJAL
DATE OF BIRTH : 28-10-1984
TIME OF BIRTH : 03:27AM
PLACE OF BIRTH : SECUNDERABAD
HEIGHT : 5"7
COLOUR : WHEATISH
ADDRESS : TRUSTED SELLER H-162 ABHYANKAR ROAD SITABULDI NAGPUR – 440012 M.H. INDIA.
CONTACT NO. : 09922759995 / 09326259995
EDUCATION : DIPL. IN BUSINESS ADMINISTRATION
OCCUPATION : BUSINESS
FATHERS OCCUPATION : PROPERTY DEALER
MOTHERS OCCUPATION : HOUSE WIFE & BUSINESS (MACKENS GIFT & NOVELTY STORE)
SISTER : RUMA HALAIE RAJA (MARRIED)
GRAND FATHER (NANA) : PRITAMLAL KANSARA (SECUNDREBAD)
HOBBIES : ADVENTURE, TRAVELLING, MOVIES, MUSIC

## લગ્નવિષયક



**ઉમેદવારનું નામ :** હાર્દિક અતુલભાઈ બુદ્ધભટ્ટી
**સરનામું :** બ્લોક નં. ૩૦૩, આદર્શ એપાર્ટમેન્ટ. નાગર ચકલા, ભુજ
**જન્મ તારીખ :** ૧૭-૧૧-૮૯
**જન્મ સ્થળ :** જામનગર
**જન્મ સમય :** ૧૧.૩૫ રાત્રે
**જાતિ :** યુવક
**ઊંચાઈ :** ૬.૦૦ ફુટ
**વજન :** ૭૦ કિલો
**અભ્યાસ :** ધો.૧૨
**શોખ :** મ્યુઝીક ટ્રાવેલીંગ
**વ્યવસાય :** ફરસાણનો વેપાર
**વ્યવસાયનું સરનામું :** કંસારા બજાર
**મો. :** ૯૮૨૫૨ ૩૪૨૭૪, ૯૯૭૮૭ ૩૩૫૭૪
**માસિક આવક :** ૨૦,૦૦૦
**કૌટુંબિક વિગત :**
**પિતા :** અતુલભાઈ કરશનદાસ બુદ્ધભટ્ટી
**માતા :** મમતાબેન અતુલભાઈ બુદ્ધભટ્ટી
**ભાઈ :** - **બહેન :** -
**મોસાળ :** પ્રેમજીભાઈ કોટડીયા - ભુજ
**નોંધ :** મંગળ છે.

Anil Soni
98242 85210

Atul S. Soni
Ahmedabad
97250 38140

Kirtan A. Soni
90336 28998

પ્રભુકૃપા
જવેલર્સ

Dealers & Makers of
Gold & Silver Jewellery

5, Srimand Sikhar Complex, M. P. Road, Anjar-Kutch.
Ph. : 02836 - 242347
e-mail : asoni2910@gmail.com






MANN ORNA™
PVT. LTD
GOLD ORNAMENTS WHOLESALERS

170, M.G. Haveli Road,
Nr. Hallmark Complex,
Opp. Haveli Chambers, Manekchowk,
Ahmedabad - 380 001, Gujarat, India
Ph. +91-79-22146071,22166171.
M. : +91-90990 27705
Website : www.mannorna.com,
Email : mannorna@yahoo.com

## લગ્ન વિષયક



**ઉમેદવારનું નામ :** જ્ઞાની રાજેશકુમાર બુદ્ધભટ્ટી

**સરનામું :** આર. કે. જ્વેલર્સ, સુસેન તરસાલી રીંગ રોડ, પરમેશ્વર ટાવર, વડોદરા

**જન્મ તારીખ :** ૩૧-૭-૯૧ **જન્મ સ્થળ :** મુંબઈ **જન્મ સમય :** ૬.૪૫ સાંજે

**જાતિ :** યુવક **ઊંચાઈ :** ૬ ફુટ **વજન :** ૮૦ કિલો

**અભ્યાસ :** એમ.બી.એ.

**વ્યવસાય :** જ્વેલરી શો રૂમ, વડોદરા

**વ્યવસાયનું સરનામું :** આર. કે. જ્વેલર્સ, સુસેન તરસાલી રીંગ રોડ, પરમેશ્વર ટાવર, વડોદરા

**મો. :** ૯૪૨૭૫૯૨૨૩૪, ૯૭૨૨૦૨૦૭૭૧

**માસિક આવક :** ૧,૦૦,૦૦૦

**કૌટુંબિક વિગત :**

**પિતા :** રાજેશકુમાર છોટાલાલ બુદ્ધભટ્ટી

**માતા :** શીલાબેન રાજેશકુમાર બુદ્ધભટ્ટી

**ભાઈ :** ૧ - કુંવારા

**મોસાળ :** સોની શાંતિલાલ નેણશી - ભુજ-કચ્છ

## લગ્ન વિષયક



**ઉમેદવારનું નામ :** કેવલ દિનકરરાય પરમાર

**સરનામું :** સંતકૃપા મેડીકલ સ્ટોર, મેઈન બજાર, સિહોર-૩૬૪૨૪૦

**જન્મ તારીખ :** ૧૩-૯-૯૦ **જન્મ સ્થળ :** સિહોર **જન્મ સમય :** ૧.૫૫ બપોરે

**જાતિ :** યુવક **ઊંચાઈ :** ૫.૧૦ ફુટ **વજન :** ૫૫ કિલો

**અભ્યાસ :** એમ.બી.બી.એસ. પૂર્ણ કરી હાલ વડોદરા
એમ.એસ. ઓર્થો. માં અભ્યાસ ચાલુ (વડોદરા)

**મો. :** ૦૨૮૪૬-૨૨૨૨૬૯, ૯૩૭૪૨૨૨૨૬૯

**માસિક આવક :** —

**વ્યવસાયનું સરનામું :** મેડીકલ સ્ટોર્સ, મેઈન બજાર, શીહોર, ભાવનગર.

**કૌટુંબિક વિગત :**

**પિતા :** દિનકરરાય એમ. પરમાર

**માતા :** ગીતાબેન દિનકરરાય પરમાર

**મોસાળ :** જશવંતરાય દામોદરદાસ - સ્ટેશન રોડ, ધોરાજી.

## MATRIMONIAL BIO- DATA



NAME: KHUSHALI ANIL SONI
DOB:28th OCTOBER,1990

HEIGHT:5'FT.

WEIGHT:53kgs

EDUCATION:B.COM,M.B.A (SYMBIOSIS)(RUNNING)

FATHER'S NAME: ANIL KANTILAL SONI

OCCUPATION: DIAMOND & GOLD ORNAMENTS MANUFACTURER.

CONTACT NO. : +91 90999 26088

MOTHER'S NAME:PADMA ANIL SONI

ADDRESS:" SANTOSH TOWER BLDG.,"B-WING, 1ST FLOOR
FLAT NO. B-105, HOSPITAL ROAD, BHUJ-KUTCH.

MOSAL:NAROTAMDAS CHATRABHUJ PARMAR(RAJKOT).




ફોન નં. (૦૨૭૭૦) ૨૨૧૨૯૭
૨૨૦૮૯૭
મો. ૯૪૨૬૪૪૮૫૯૭

# વૈશાલી જવેલર્સ

પ્રો. સોની દિનેશકુમાર જેઠાલાલ

**સોના ચાંદીના ફેન્સી દાગીના બનાવનાર તથા વેચનાર**

ઠે. અંબાજી ચોક,
મુ. તલોદ જી. સાબરકાંઠા

**Mehta Jigar** **Ph. : 25324929**



*Dealers in : Fancy Gold & Silver Ornaments*

# *Mehta Jewellers*


**(Manekpurawala)**

**3076/2, Nr. Nagina Pole, Ratan Pole, Gandhi Road, Ahmedabad-1.**
**Email : mehta.jewellers@ymail.com**

## અભિનંદન

**જ્ઞાતિસેતુમાં લગ્નવિષયક વિભાગ શરૂ કરવા બદલ સર્વે જ્ઞાતિસેતુ ટીમને એક શુભેચ્છક તરફથી ખૂબ ખૂબ અભિનંદન..**

**– અજ્ઞાત**




**વ્યવસાય**

# પડકારનો સ્વીકાર

## શ્રી ભરતભાઈ બુદ્ધભટ્ટીનું અનેરુ સાહસ

**અતુલ સોની**




મુંબઈના એસેલ વર્લ્ડ અને પછી એમેઝિકાનું મનોરંજન ક્ષેત્રે એક અનોખુ નામ છે આ નામ પડતા જ લોકોના મનમાં એડવેન્ચર રાઈડ્સના ચિત્રો ઉપસી આવે છે અને નીચેથી ઉપર જતી સાપ-સીડીની જેવી રાઈડ્સ જે રોલર કોસ્ટર પર સરકતી હોય છે એવી જ એક રાઈડ્સ (ઝાયરો રાઈડ) બનાવવાનું બીડું ઝડપ્યું. ભુજ (કચ્છ)ના શ્રી ભરતભાઈ કાન્તીલાલ બુદ્ધભટ્ટી એ જેઓ સ્વ. શ્રી મોતીલાલ રણછોડ બુદ્ધભટ્ટી (બુદ્ધભટ્ટી ગેરેજવાળા) ના પૌત્ર થાય. તેમને એડવેન્ચર રાઈડ્સ ઝાયરો રાઈડ્સ બનાવવા માટે તેમના મિત્ર તરફથી ઓર્ડર મળ્યો જે એમણે ફક્ત મહિનાની અંદર જ ઈન્ટરનેટ પરથી બધી જ માહિતી મેળવી અને આ ઈનોવેટીવ કાર્ય પુરુ કર્યું. આ ઝાયરો રાઈડ ફાઈટર પ્લેન પાયલોટ કે અવકાશયાનમાં જનારા એસ્ટ્રોનોરની ટ્રેનીંગ માટે હકિકતમાં ઉપયોગમાં લેવાય છે. ભારત સિવાય અન્ય દેશોમાં આ રાઈડનું મહત્વશીલ માટે મહત્વનું ગણાય છે.

સુરેન્દ્રનગરના દસાડા તાલુકાના દહેગામ પાસે ફ્લેમિંગો સેકોયલ્સ દ્વારા આકાર લેનારા એમ્યુઝમેન્ટ પાર્કમાં આ રાઈડ મુકાઈ છે અને એડવેન્ચર પ્રિય લોકો આ રાઈડનો લાભ મેળવી રહ્યા છે.

શ્રી ભરતભાઈએ બી.કોમ.નો અભ્યાસ પૂર્ણ કર્યા પછી ગેરેજનું સંચાલન સંભાળ્યું અને સાથે સાથે આવા ઈનોવેટીવ કાર્યોમાં દિલચશ્પીને કારણે વિવિધ અનેક વસ્તુઓ બનાવી તેમાં ૨૦૦૧ના ભૂકંપ પછી તેણે એન.જી.ઓ. અભિયાનમાં ૬ વર્ષ કામ કર્યું. ત્યાર બાદ પોતાનું અલગ 'ઈન્દુ ફેબ્રિકેશન' નામે કામ ચાલુ કર્યું. જેમાં ફેબ્રિકેશન કામ સાથે આવા ઈનોવેટીવ કાર્યો પણ કરતા કરતા ફિલ્મ શુટીંગ માટેના વિવિધ ઈક્વીપમેન્ટ જેવા કે ટ્રોલી, ટ્રાયપોડ, હેન્ડીકેમ જીબ વગેરેનું પણ નિર્માણ કર્યું. હાલમાં આ ઝાયરોરાઈડ સિંગલ સિટર બન્યું છે. હવે પછી ૪ વ્યક્તિ બેસી શકે તેવું ઝાયરો રાઈડ બની રહ્યું છે. ભરતભાઈ હંમેશા કંક નવું શોધીને તેને લોકો સમક્ષ રજુ કરવાનું સાહસ ધરાવે છે. તેમને કોઈપણ બીજી વ્યક્તિ જે અશક્ય લાગતી વસ્તુ હોય તેને તેઓ તેટલી જ આસાનીથી બનાવી શકવાની ક્ષમતા ધરાવે છે.

દરેક કાર્યના માસ્ટરમાઈન્ડ એવા શ્રી ભરતભાઈ બુદ્ધભટ્ટીને 'જ્ઞાતિસેતુ' પરિવાર જીવનમાં હજુ પણ સફળતાના શિખરો સર કરે તેવી શુભેચ્છાઓ આ સાથે આપે છે.



**મહિલા સેલ**

# મેરેજ બ્યુરો

**રજી નં. ૧૬૭ : યુવક :** અટક બારમેડા, ઉંમર ૨૯, અભ્યાસ - ધો.૧૦, ઊંચાઈ - ૫.૫, વજન - ૫૬, વ્યવસાય - વેફર્સ એજન્ટ (વેપાર) માસિક આવક - ૪૦,૦૦૦, કુંવારા

**રજી નં. ૧૬૮ : યુવક :** અટક બુદ્ધભટ્ટી, ઉંમર ૩૫, અભ્યાસ - ધો.૧૦, ઊંચાઈ - ૫.૫, વજન - , વ્યવસાય - ટ્રાન્સપોર્ટ ઓફિસ, માસિક આવક - ૧૫,૦૦૦ થી ૨૦,૦૦૦ , કુંવારા

**રજી નં. ૧૬૯ : યુવક :** અટક પોમલ, ઉંમર ૨૮, અભ્યાસ - ધો.૧૦, ઊંચાઈ - ૫.૭, વજન - ૫૫, વ્યવસાય - સોની કામ કારીગર માસિક આવક - ૧૫,૦૦૦ થી ૨૦,૦૦૦, કુંવારા

**રજી નં. ૧૭૦ : યુવક :** અટક પરમાર, ઉંમર ૨૯, અભ્યાસ - બી.કોમ., ડીટીપી, ઊંચાઈ - ૫.૭, વજન - ૭૭, વ્યવસાય - ટેક્સ કન્સલ્ટન્ટ, માસિક આવક - ૩૫,૦૦૦ થી ૪૦,૦૦૦, છુટાછેડા, સાદો મંગળ

**રજી નં. ૧૭૧ : યુવતી :** અટક પરમાર, ઉંમર ૨૫, અભ્યાસ - બી.એસ.સી.-આઈટી.,એમસીએ, ઊંચાઈ - ૫.૬, વજન - ૫૮, વ્યવસાય - નોકરી માસિક આવક - ૧૫,૦૦૦, કુંવારા

**સંપર્ક : શ્રીમતી લત્તાબેન આઈ સોલંકી. અંજાળિયા ફળિયા, કંસારા બજાર-ભુજ. મો. ૯૭૨૫૩૨૦૪૪૪**

# નારી-સમાજ

ભાવી બારમેડા-રાયપુર

'નારી', 'સ્ત્રી' સમાજનો મજબુત પાયો, સામ્ય, સમાજની સામ્યતાનું ચિહન પણ ! આપણે કેટલીક કહેવતો અને લોક ઉક્તિઓ ઉપર ધ્યાન આપીએ તો કંઈક વિરોધાભાસી ભાવો, ઉત્પન્ન થાય છે. આ બધા ભાવ કદી સકારાત્મક, કદી નકારાત્મક, કદી કટાક્ષ તો કદી કટુતાનું સૂચક છે. આમાંથી આપણે કયાં ભાવમાં માનીયે છીએ કે તેનું અનુસરણ કરીએ છીએ તો જરૂર લોકોના પોત-પોતાના વિવેક ઉભર નિર્ભર કરે છે.

''નારી તું નારાયણી''
''નારીની બુધ્ધિ, પગની પાનીમાં''
''વહુ ઘરની લક્ષ્મી''
''પિયરે હતા લાખના, સાસરે કોડીના થયા.''

ઘણા બધા શબ્દો આપણી ભાષાના, એવા તો છે કે કૌતુહલ જગાવે છે. બંધુત્વ, સખાભાવ, કારીગર. બંધુત્વનું સ્ત્રીલીંગ કદાચ મારી જાણમાં નથી. સખાભાવનું સખીભાવ, પણ ! ક્યાં ? કારીગર શબ્દ સ્ત્રીઓ માટે ન લાગે ? અંગ્રેજી ભાષાના અમુક શબ્દો પણ, craftmanship, brotherhood કેમ, craftiwomanship નહીં બધા crafts man જ કરે, woman નહીં. Brotherhood ફક્ત man માં જ જોવા મળે Sisterhood woman માં નહીં ! sisterhood word exist કરે છે પણ Practice માં....... અને જ્યાં Practice માં છે ત્યાં સ્વર્ગ છે. એક ખૂબ સરસ વાત યાદ આવે છે, sisterhood ની,

આફ્રીકાનું નાનકડું ગામ, આમ તો આફ્રીકા એક ખૂબ મોટો અને વિવિધતાવાળો દેશ છે (એ બીજી વાત છે કે colanialisum તેની ઘણી બધી વિવિધતાને મીટાવી ચુક્યો છે.) ઘણી બધી જાતી, પ્રજાતી પોતપોતાના અલગ-અલગ રીવાજો સાથે જીવન ગુજારે છે. પણ ત્યાંની સ્ત્રીઓ વિષે કહેવું પડે, જબરદસ્ત સ્ત્રીઓ. જે પોતાના ખભે પોતાના પુરા પરિવારની જવાબદારી ઉપાડે. Majority પુરુષો ત્યાં કામ કરતા નથી પણ નશો કરે છે. ઘણી બધી બૂરી આદતોથી લદાયેલ હોય છે. સ્ત્રીઓ પણ ત્યાં નશાથી મુક્ત નથી આ તેઓના જીવનનો જાણે ભાગ છે. ત્યાં નારી તરીકેનું કોઈ feel આપણા સમાન નથી, તેઓનો અભીગમ અલગ છે. ઘણીવાર males નું સ્ત્રી પ્રત્યે વર્તન નિષ્ઠુર કહી શકાય, અમાનવીય કહી શકાય તેવું હોય છે.

આવા એક ગામમાં જ્યાં પુરુષ પોતાની સ્ત્રીઓ પ્રત્યે (ત્યાંના સમાજમાં લગ્ન કરવાની છૂટ છે.) લગાતાર અમાનવીય વર્તન કરે, મારઝૂડ કરે, હત્યા, બળાત્કાર બધુંય સામાન્ય લેખાય. આવા ભ્રષ્ટ અને વ્યવસ્થા વગરના સમાજમાં સ્ત્રીઓએ પોતપોતાની વેદનામાંથી બહાર નીકળવા અથવા તો રાહત પામવા સખીભાવ (sisterhood) કેળવવા લાગી. સ્ત્રીઓમાં આત્મીયતા, ઘનીષ્ઠતા ગાઢ થતી ગઈ. માણસોનો ત્રાસ જેટલો વધતો ગયો તેટલી સ્ત્રીઓની ઘનીષ્ઠતા વધતી ગઈ અને ત્યાં સોનાનો સૂરજ ઉગ્યો. સ્ત્રીઓની એકતા, આત્મીયતા, ઘનીષ્ઠતા અને સખીભાવ પુરુષો પર હાવી થવા લાગ્યો. હવે કોઈ પુરુષ સ્ત્રીને મારી ન શકતો, રંજાડી ન શકતો, નશો ન કરી શકતો. Domestic violence નામની સ્થિતિને, તીલાંજલી અપાઈ ગઈ.



*શ્રીમતી ભાવીબેન બારમેડા-રાયપુર (છત્તીસગઢ) મધ્યે આ લેખ ઈન્ગલીસ સ્કેલમાં અપ્પર ડિવીઝન અધ્યાપક તરીકે કાર્યરત છે. તેમજ અભ્યાસમાં પછાત એવા વિદ્યાર્થીઓ માટે વિશેષ શિક્ષણ પ્રયાસોનું નેતૃત્વ કરે છે. તેઓશ્રી પોતાનું કોચીંગ કેન્દ્ર ચલાવે છે. રાયપુર મધ્યે અંગ્રેજી અધ્યાપકોના એસોશીએશનના તેઓ સક્રિય સભ્ય છે. ભાવીબેનનો જન્મ સુરતમાં થયો તેઓ રાયપુર નિવાસી હિમેશભાઈ બારમેડાના ધર્મપત્ની છે. તેઓ એક વિચારશીલ લેખિકા છે. આશા છે કે, તેમની કલમનો લાભ જ્ઞાતિસેતુના વાચકોને મળતો રહેશે.*

"Thanks to sisterhood of those women."

હવે તે ગામના બાળકો રડતા, રઝળતા નહીં પણ હસતા અને રમતા હતા. કોઈ બાળક માં વગરનો ન થતો અને પિતાનો સાથ મળતો. તે એક સંસ્કારી, આદર્શ સમાજ બન્યો.

Alice Walker પણ તેની ખૂબ સુંદર નવલકથા, The color purple માં Womanhood, sisterhood નું ખૂબ સરસ ચિત્રણ પુરુ પાડે છે. આ નવલકથાના પાત્રો સ્ત્રી એકતાનું ખૂબ સુંદર ઉદાહરણ પુરુ પાડે છે. ખેર, આ તો હતો આફ્રીકાનો સમાજ, તેમાં સ્ત્રીની હાલત અને સ્ત્રી એકતાનું સુંદર ઉદાહરણ પણ દુઃખની વાત એ છે કે આજે પણ આફ્રીકાના નાના નાના સમાજોમાં અગણિત દૂષણો છે. અને સ્ત્રીઓ તેની સામે નિરંતર જજૂમી રહી છે. મારા અનુસાર તે સ્ત્રીઓ દુનિયાની સૌથી ખડતલ સ્ત્રીઓ છે. સૌથી મજબૂત સ્ત્રીઓ છે.

નારી સાથે જોડાયેલ એક શબ્દ છે faminisum, પણ સાચું feminisum શું છે ? feminisum નાં ઝંડા પકડીને પુરુષો સામે સુત્રોચ્ચાર કરવો, ના કદી નહીં. Strong faminist અને true feminist માને છે કે જ્યારે તમે સ્ત્રીત્વ સામે લડો તો ફક્ત સ્ત્રીત્વ માટે લડો પુરુષ સામે નહીં. Not against male સાચું feminisum ફક્ત સત્ય. માન અને મર્યાદા પર આધારિત છે, ના કે પરિણામ વગરના criticisum ઉપર કે ખોટા નકારાત્મક વાક્યો ઉપર. True feminisum માને છે, ''સ્ત્રીના માનમાં પુરુષના અપમાનમાં નહીં.''

આપણે આપણી આજુબાજુ નજર દોડાવીએ તો ઘણી વાર સ્ત્રીએ પોતાના માન માટે પુરુષ સામે લડવા કરતાં સ્ત્રી સામે વધારે લડવું પડે છે. આ બાબત ખૂબ શોચનીય અને દુઃખદાયી છે. કારણ Sisterhood ક્યાંક ક્યાંક ખૂબ સરસ જોવા મળે છે અને ક્યાંક.... જેનો વિસ્તાર કરવાની ખૂબ જરૂર છે.

સાથે રહીએ, સાથે જીવીએ.
જીવીએ અને જીવવા દઈએ.
સખીભાવનો ઉદય કરીએ.
આદર્શ સમાજનું સર્જન કરીએ.

સાથે જ, આવા Sisterhoodની ખૂબ જ જરૂર છે. જે આજની નારીને ક્યાંની ક્યાં પહોંચાડી શકશે. જે નારીને નવી ઉર્જા દેશે, નવી પ્રતિભા દેશે, ચારે દિશાએ સકારાત્મકતા પ્રસરશે, જે સમાજને, દેશને, દુનિયાને ઉર્જાવાન બનાવશે, અને પ્રગતિના ઉંચા શિખરો સર થશે. છત્તીસગઢના પ્રખ્યાત હીંદી કવિયાત્રી ઉર્મિલા દેવી (ઉર્મિ) એ સાચું જ કહ્યું છે.

''નયી ઉમંગ હૈ, નયી ઉર્જા હૈ,
પ્રતિભા કા કોઈ ઓર ન છોર,
મહેનત ઔર સંકલ્પ કે સાથ મેં
લેકર ઉંચે અરમાનો કી ડોર
બઢ રહે યહ કદમ નારી કે
નીત નઈ ક્ષિતીજ કી ઔર.''

**પ્રકીર્ણ**

# મૈત્રી

**– ફોરમ સોની - મોટી રાયણ**

અરે ભાઈ ! ફ્રેન્ડશીપનો જમાનો છે, નવાઈ લાગે, આજ કાલના જુવાનીયા, લફરા કહે, પછી કે અમે તો જસ્ટ ફ્રેન્ડસ હતા ! ભાઈ ! એટલું હસવું આવે એવા લોકો ઉપર !

આવા આજકાલના ટુંક સમય માટે બંધાતા સંબંધો પર હસવું કે રડવું એ જ નથી સમજાતું...

આવા રીલેશનશીપ ક્યારેય વધુ સમય માટે ટકતા નથી. ફ્રેન્ડશીપ શબ્દને હવે 'ટાઈમપાસ' શબ્દ સાથે જોડી દેવામાં આવ્યું છે. એક સંબંધ, જેની શરૂઆત જ શરતો સાથે થાય, તે આગળ શું કરશે ? વળી પૂછીશું તો કહેશે - ફ્લાણો 'સિરિયસ' હતો, પણ ફ્લાણી તો ટાઈમપાસ કરતી હતી.. અરે ?!!! માનવી ટાઈમપાસ કરવાની વસ્તુ છે ?

પણ યાર ! મારી વાતોને 'લેકચર'ના સમજશો, આજ કાલની 'જનરેશન' ને ડેમો બતાડવાની ખૂબ જ જરૂર પડે છે. ધ મેઈન પોઈન્ટ ઈઝ, ફ્રેન્ડશીપમાં કોઈ શરત ના હોય, 'અન કન્ડીશનલ' - બીનશરતી હોવી જોઈએ. કૃષ્ણ-સુદામા, પણ મિત્રો હતા... અરે ! સ્ત્રી અને પુરુષ પણ શુદ્ધ મૈત્રી - પવિત્ર મૈત્રી બંધન સાથે જોડાઇ શકે છે. ભગવાન કૃષ્ણ અને દ્રૌપદી એ માટેનું શ્રેષ્ઠ ઉદાહરણ છે.

કહેવાનો સાર એટલું જ કે મૈત્રીના પવિત્ર બંધનને ટાઈમપાસ નામ સાથે જોડીને ગંદુના કરશો પણ જો મૈત્રી કરો, તો અને નિભાવી જાણતા શીખો. જીવન એક જ મળે છે. અને સાચા મિત્રો પણ ખૂબ મુશ્કેલીથી મળતા હોય છે.. તેને જીવનમાં લાવી રંગો પૂરો.... જીવન એ મેઘધનુષ્યની જેમ રંગબેરંગી થઈ જશે.. સાચું ને ? વોટ યુ થીંક ?...

# હે પ્રભુ !

**– રશ્મિન જે. સોની-તલોદ**

સંજોગો વિકટ હોય ત્યારે સુંદર રીતે કેમ જીવવું તે મને શીખવ,
બધી બાબતો અવળી પડતી હોય ત્યારે
હાસ્ય અને આનંદ કેમ ટકાવી રાખવા તે મને શીખવ,
પરિસ્થિતિ ગુસ્સો પ્રેરે તેવી હોય ત્યારે
શાંતિ કેમ ટકાવી રાખવી તે મને શીખવ,
કઠોર ટીકાઓનો વરસાદ વરસે ત્યારે
તેમાંથી મારા ખપનું કેમ ગ્રહણ કરી લેવું તે મને શીખવ,
ચારે બાજુથી મુશ્કેલીઓ ઘેરી વળે,
શ્રદ્ધા ડગુ-મગુ થઈ જાય,
નિરાશાની ગર્તામાં મન ડુબી જાય ત્યારે,
ધૈર્ય અને શાંતિથી હે પ્રભુ તારી કૃપાની પ્રતિક્ષા કેમ કરવી તે મને શીખવ.

# ભુજ મધ્યે સર્વોપયોગી સુંદર સામાજીક સંકુલની કલ્પના

તુલસીદાસ કંસારા-અમદાવાદ



હાલમાં જ પોષ માસમાં તા. ૯-૧-૨૦૧૫ના રોજ આપણી જ્ઞાતિમાં થઈ ગયેલ સતી મા મેઘબાઈનો નિર્વાણ દિવસ દામાણી બુદ્ધભટ્ટી પરિવારોએ સાથે મળીને ભુજમાં તેમની 'જ્ઞાતિ વંડા' તરીકે ઓળખાતી જગ્યાએ મનાવ્યો. જેમાં ભાગ લેવાનો અવસર પ્રાપ્ત થયો. આ જગ્યાને એક સર્વોપયોગી સુંદર કમ્યુનીટી સંકુલ તરીકે વિકસાવવાનું આયોજન ભુજ જ્ઞાતિ ટ્રસ્ટે થોડા સમય પહેલા વિચારેલ છે અને તે બાબતની એક પત્રિકા પણ 'નિવેદન તેમજ દાન યોજના' તરીકે બહાર પાડેલ છે. તે સાંજે હું મારા મિત્રને મળવા ગયેલ અને મેં જોયું કે તેમના ઘરની સામે આવેલ તેમની જ્ઞાતિની વંડી, જેણે હવે તે પહોળા રસ્તા ઉપર નવું કલેવર ધરી લીધેલ છે, ત્યાં આવીને એક મોટી ટુરિસ્ટ બસ ઉભી. મેં પૂછા કરી તો કહે કે આ કચ્છ કાર્નિવલને કારણે ઘણા મુલાકાતીઓ ઓ છે અને હોટલમાં જગ્યા ના મળે ત્યારે અહીં ઉતારો મળી શકે તેવી વ્યવસ્થા કરેલ છે જેથી જ્ઞાતિને આવક થાય છે અને સમાજની મિલક્તનો ઉપયોગ તેમજ જાળવણી થાય છે.

ભીડના નાકાથી સુરલભીટ તરફ જવાના રસ્તે એકાદ કિમી.થી પણ ઓછા અંતરે આવેલ આપણી જગ્યા તો ઐતિહાસિક મહત્વ ધરાવે છે. કારણકે ત્યાં આપણી જ્ઞાતિના મા મેઘબાઈએ આજથી બસો છત્રીસ વર્ષ પહેલા પચીસ વર્ષની નાની વયે છેલ્લો શ્વાસ લીધેલ અને તે પણ તેમના ભુજમાં રહેતા પતિના અવસાનને કારણે તેમની પાછળ જલતી ચિત્તાની વચ્ચે બેસીને ! આ પ્રથા ત્યારે રાજસ્થાનના રાજપૂતોમાં વધારે પ્રચલિત હતી, પરંતુ આપણા સમાજમાં કદાચ આવી રીતે સતી થવાનો તે બનાવ પ્રથમ અને છેલ્લો હશે. આ કારણે તેઓ જ્યાં સતી થયેલ તે જગ્યા કદાચ કચ્છ રાજ તરફથી આપણી જ્ઞાતિને ફાળવવામાં આવેલ અથવા તો તે સમયે આપણી જ્ઞાતિના કર્તા-હર્તાઓએ ખરીદી લીધેલ. આ મેઘવબાઈના પુત્ર દામજીભાઈના નામ ઉપરથી બુદ્ધભટ્ટીઓમાં દામાણી પરિવારનો વેલો આગળ વધેલ છે.

ઉપર જણાવ્યું તેમ હાલમાં જ તેમની સાતમી પેઢી સાથે આઠમી અને નવમી પેઢી સુધીના પુત્ર અને પુત્રીઓએ સાથે મળીને તેમનો નિર્વાણ દિવસ ઉજવ્યો. આ પ્રસંગે પ્રસાદરૂપી ભોજનનું આયોજન સ્વ. જદુરામ બુદ્ધભટ્ટીના પરિવાર તરફથી કરવામાં આવેલ. તેવું ત્યાં પ્રદર્શિત બોર્ડમાં જણાવાયેલ હતું. સાંજે ત્યાં સમગ્ર જ્ઞાતિના સભ્યોએ દર્શન કરેલ અને પ્રસાદ લઈ મહિલા મંડળ યોજીત ભજનની રમઝટમાં ભાગ લીધેલ. મા મેઘબાઈનું જન્મ સ્થળ કોઠારામાં (તાલુકો અબડાસા) સોમવાર તા. ૧૭-૫-૧૭૫૨ સંવત ૧૮૦૯, વૈશાખ વદ-૮, અને નિર્વાણની તારીખ પોષ માસની અંધારી ચોથ, વિક્રમ સંવત ૧૮૩૪ તા. ૧૪-૨-૧૭૭૭ શુક્રવારની સાંજ. કહેવાય છે કે હંમેશા કશુંક આપીને જાય છે, અને આ મા મેઘબાઈ તો ન માત્ર પોતાના પરિવારને પરંતુ કંસારાની આખી જ્ઞાતિને આ જમીન એ પોતાના ત્યાગની નિશાની સાથે અનેક કુટુંબોને એક શ્રદ્ધા, આત્મવિશ્વાસ જાગે અને પ્રેરણા મળતી રહે તેવી મિશાલ આપીને, આશીર્વાદ આપીને ગયેલ, જેના ફળ સ્વરૂપે તેમની દાસ્તાનું બયાન કરતી તેમની દેરી આજે જ્યાં ઉભેલ છે તે જગ્યા કંસારાના વાડા તરીકે ઓળખાય છે.

આ કંસારાના વાડાની જગ્યા આશરે દસ હજાર ચો.ફીટ ઉપર થવા જાય છે અને તેના વિકાસ માટે શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ ટ્રસ્ટ-ભુજ તરફથી લગભગ બે વર્ષ પહેલા પહેલ કરાયેલ છે. પ્રાસ્તાવિક વિકાસ યોજના મુજબ ત્યાં દસેક રૂમ, હોલ અને કિચન, તેમજ આગળના ભાગમાં પાર્ટી પ્લોટ બનાવવાનું પ્લાનીંગ વિચારાયેલ છે જેનો સૂચિત નકશો અહીં આપેલ છે. આ સમગ્ર પ્રોજેક્ટનો અંદાજીત ખર્ચ ત્યારના ભાવ પ્રમાણે આશરે સાઈઠ લાખ રૂપિયા નિર્ધારેલ, જે અત્યારે કદાચ પંચોતેર લાખ થઈ શકે.

અત્યારે ભુજ કે આજકાલના ટુરિસ્ટ મેપ પર દેશ-વિદેસના નાગરિકોને આકર્ષી રહેલ છે. અને જિલ્લાનું મુખ્ય મથક છે. કચ્છમાં તેમજ ભુજમાં આપણા સમાજના લોકો બહોળા પ્રમાણમાં વસતા હોવાથી સામાજિક પ્રસંગો ઘણા પરિવારોમાં એક સાથે ઉજવાતા હોય છે અને અત્યારના આંગણા વિનાના ઘરોને કારણે નાના મોટા પ્રસંગે થોડા મોકળાશની જરૂરીયાત ઊભી થતી હોય છે. આજુબાજુના ગામોમાંથી સામાજીક, સરકારી કે અન્ય કારણે અથવા તો બિમારીને કારે હોસ્પિટલની મુલાકાતે આવતા જ્ઞાતિના લોકો માટે ઉતરવાનું કોઈ ઠેકાનું નથી. તદુપરાંત જ્ઞાતિના જ ભાઈઓ કે બહેનો, જે ઢળતી ઉંમરે એકલા પડી ગયેલ હોય તેમને

કંપની મળી રહે અને જીવન સંધ્યાનો સમય સારી રીતે પસાર કરી શકે તેવી જગ્યા પણ નથી. આ બે હેતુઓ પરિપૂર્ણ થાય તેવા ઉમદા વિચાર સાથે આ જગ્યાએ સતીમાના ચરણોમાં દસેક રૂમો બનાવવામાં આવે તો ત્યાં વસવાટ પણ થઈ શકે અને જ્ઞાતિના ભાઈ-બહેનોને એક સગવડ મળી રહે. ભવિષ્યમાં વધારે ફંડ આવે તો ત્યાં વિદ્યાર્થીઓ માટે બોર્ડીંગ હાઉસ જેવી સગવડ પણ ઊભી કરી શકાય.

જ્ઞાતિના લોકોને અવાર નવાર લગ્ન તેમજ અન્ય પ્રસંગોએ જગ્યાની જરૂરીયાત ઉભી થતી હોય છે જે પોતાની જગ્યા હોય તો ઊંચા ભાડાની જગ્યા લેવી ન પડે તે દ્રષ્ટિએ ૧૫૦૦ થી ૨૦૦૦ લોકોનો સમાવેશ થઈ શકે તેવો હોલ અને પાર્ટી પ્લોટ બનાવવાનું આયોજન આ યોજનામાં વિચારેલ છે. આ યોજનાની રૂપરેખા પ્રમાણે, જરૂરીયાતમંદ વડીલો માટે એકરૂમ, રસોડું તેમજ એટેચ્ડ બાથરૂમની સગવડ ધરાવતા આઠ થી દસ રૂમનું બાંધકામ કરવું. હાલમાં જે માળખું ઉભેલ છે તેનો ઉપયોગ કરીને યોગ્ય ફેરફાર સાથે હોલનું બાંધકામ કરવું. અત્યારે જે જગ્યાએ જાહેર રસોડુ છે તે વધારે ઉપયોગી બને તે રીતનું બાંધકામ કરવું. બાકી રહેતા ગ્રાઉન્ડો વિકાસ કરી, સતી માતાની દેરી તરફ જવા માટે યોગ્ય રસ્તો બનાવવો. ફરતી બાઉન્ડ્રી વોલને ઊંચી કરવી અને સંકુલના વહીવટ માટે અત્યારે માતામાં રહે છે તે જગ્યાએ ઓફીસ તેમજ સ્ટાફરૂમનું આયોજન કર્વું. આ ઉમદા કાર્યમાં જ્ઞાતિજનોનો સાથ મળી રહે તે માટે બહાર પાડવામાં આવેલ નિવેદનની મુજબ કોઈપણ જ્ઞાતિજનને તેમના સ્વજનોની કાયમી યાદગીરી રૂપે ડોનેશન આપી આ યોજનામાં જોડાવા માટે નિમંત્રિત કરવામાં આવેલ છે. અહીં પ્રાસ્તાવિક આયોજનનો નકશો આપેલ છે૮ તેમજ દાતાશ્રીઓના પાડવામાં આવેલ વિભાગ નીચે મુજબ છે.

(૧) સંપૂર્ણ ખર્ચના દાતાશ્રી - રૂ. ૬૦ લાખ
(૨) મુખ્ય દાતાશ્રી - રૂ. ૨૧ લાખ
(૩) હોલના દાતાશ્રી - રૂ. ૧૫ લાખ
(૪) એક રૂમના દાતાશ્રી - રૂ. ૨.૧૧ લાખ (૮ થી ૧૦ રૂમો)
(૫) એક રૂમના ફર્નીચરના દાતાશ્રી - રૂ. ૫૧ હજાર (૮ થી ૧૦ રૂમો)
(૬) રસોડાના દાતાશ્રી - રૂ. ૧.૫૧ લાખ
(૭) એક સ્ટાફરૂમના દાતાશ્રી - રૂ. ૧.૫૧ લાખ (કુલ બે રૂમ)
(૮) એક ઓફીસ રૂમના દાતાશ્રી - રૂ. ૧.૫૧ લાખ
(૯) લાઈટ પંખા ઈત્યાદીના દાતાશ્રી - રૂ. ૨.૧૧ લાખ (સંપૂર્ણ સંકુલ)
(૧૦) ફોટાના દાતાશ્રી - રૂ. ૧૫ હજાર
(૧૧) તકતીમાં નામના દાતાશ્રી - રૂ. ૫ હજાર.

આ દાતાશ્રીઓના દાનની યોજનામાં, તેમને માટે વિચારેલ કાયમી યાદગીરીની વિગતો આ પ્રમાણે છે.

૧. મુખ્યા દાતાશ્રી પુરા સંકુલને તેમના સુચના મુજબનું નામ આપી શકશે અને ઉદ્‌ઘાટન, તેમજ ધાર્મિક વિધિમાં મુખ્ય યજમાન રહેશે. જ્ઞાતિ તરફથી તેમના યોગદાન બદલ યોગ્ય ઈલ્કાબ આપી તેમનું જાહેર સન્માન કરવામાં આવશે.

૨. હોલના દાતાશ્રી હોલનું નામ સૂચવી શકશે, તેમાં ફોટો મુકી શકશે અને ઉદ્‌ઘાટન, તેમજ ધાર્મિકવિધિમાં તેઓશ્રી મુખ્ય યજમાન રહેશે. યોગ્ય ઈલ્કાબ સાથે જાહેર સન્માન.

૩. એક રૂમના દાતાશ્રી તે રૂમ પર નામ તેમજ તેમાં ફોટો મૂકી શકશે અને તેનું ઉદ્‌ઘાટન કરી શકશે. યોગદાન બદલ જાહેર સન્માન.

૪. એક રૂમના ફર્નીચરના દાતાશ્રીનું નામ યોગ્ય જગ્યાએ મુકવામાં આવશે અને જાહેર સન્માન કરવામાં આવશે.

૫. રસોડાના દાતાશ્રીનું નામ તેમજ ફોટો મૂકવો અને તેનું ઉદ્‌ઘાટન તેમના દ્વારા કરવું. યોગદાન બદલ જાહેર સન્માન.

૬. ઓફિસરૂમના દાતાશ્રીઓનુ નામ તેમજ ફોટો યોગ્ય જગ્યાએ મૂકવો અને તેનું ઉદ્‌ઘાટન તેમના દ્વારા થશે. જાહેર સન્માન કરવામાં આવશે.

૭. સ્ટોરરૂમના દાતાશ્રીઓનુ નામ તેમજ ફોટો યોગ્ય જગ્યાએ મૂકવો અને તેનું ઉદ્‌ઘાટન તેમના દ્વારા થશે. જાહેર સન્માન કરવામાં આવશે.

૮. લાઈટ, પંખા વિગેરેના દાતાશ્રીનું નામ તેમજ ફોટો યોગ્ય જગ્યાએ મુકવામાં આવશે અને યોગદાન બદલ જાહેર સન્માન

૯. ફોટાના દાતાશ્રીનો ફોટો યોગ્ય જગ્યાએ મુકવામાં આવશે અને જ્ઞાતિ તરફથી તેમના યોગદાન બદલ જાહેર સન્માન કરવામાં આવશે.

૧૦. રૂ. પાંચ હજાર કે તેથી વધારે રકમના દાતાશ્રીઓના નામ તકતીમાં લખવામાં આવશે.

આ આયોજન માટે ૧૧ સભ્યોની બાંધકામ સમિતિનું ગઠન થઈ ગયેલ છે, જેનું કાર્યક્ષેત્ર નીચે મુજબ નક્કી કરવામાં આવેલ છે.

૧. બાંધકામ સમિતિ તથા જ્ઞાતિ ટ્રસ્ટ સંયુક્ત રીતે આ કાર્ય પૂર્ણ કરશે.

૨. જ્ઞાતિ સ્તરે હોદ્દેદારો કે સભ્યોમાં ફેરફાર થાય તો પણ આ સમિતિ કાર્ય પૂર્ણ ન થાય ત્યાં સુધી યથાવત રહેશે.

૩. સમિતિનું કાર્ય તેમજ મુદ્દત દાન મેળવી, બાંધકામ પૂર્ણ કરાવી, હિસાબો રજુ કરવા સુધીનું રહેશે.

૪. બાંધકામ અંગેના નિર્ણયો સમિતિની મિટીંગમાં હાજરી આધારિત સામાન્ય બહુમતથી લેવામાં આવશે.

૫. બાંધકામ દરમ્યાન જરૂરી ફેરફારની સત્તા સમિતિની રહેશે.

૬. સમિતિના સભ્યોમાં ફેરફાર તેમજ નિર્ણાયક મતની સત્તા ચેરમેનશ્રીને રહેશે.

૭. બાંધકામ અંગેના ખર્ચનો હિસાબ સમિતિ રાખશે.

આ ઉપરાંત પાંચ સભ્યોની જ્ઞાતિની પ્રોપર્ટી ડેવલપ અને મેઈન્ટેનન્સ સમિતિ છે જે આ પ્રોપર્ટીના ડેવલપમેન્ટ અને દેખભાળને લગતા નિર્ણયો લેવા સક્ષમ છે. આ જગ્યાને ડેવલપ કરવા માટે નીચેના મુદ્દાઓ વિચારવામાં આવેલ છે.

૧. દાનની ઓફર વહેલા તે પહેલાના ધોરણે સ્વીકારવામાં આવશે.

૨. કોઈપણ જ્ઞાતિજન આ બાબતમાં બાંધકામ સમિતિને લેખિતમાં સૂચન કરી શકશે.

૩. દાન આધારિત યોજના હોવાને કારણે ક્યાં બાંધકામને પ્રાથમિકતા આપવી તે નિર્ણય સમિતિ કરશે.

૪. દાનની રકમ વધારેમાં વધારે છ હપ્તામાં છ માસમાં ૧ થી ૫ તારીખ સુધીમાં આપી દેવાની રહેશે.

૫. બાંધકામના નકશા જ્ઞાતિ ટ્રસ્ટની ઓફિસે તથા સ્થળ ઉપર મૂકવામાં આવશે.

૬. આ યોજનામાં ફેરફાર કરવાની સત્તા બાંધકામ સમિતિને છે અને જ્ઞાતિજનો તરફથી યોગ્ય પ્રતિસાદ મળતાં કામ શરૂ કરવામાં આવશે.

તદુપરાંત ભવિષ્યની જરૂરિયાતોને ખ્યાલમાં રાખીને, આ જગ્યાનો ઉપયોગ વિવિધ સેમિનાર, વર્કશોપ તેમજ યુવા વર્ગ માટે મેનેજમેન્ટ ટ્રેઈનીંગ કે માર્ગદર્શન માટેના ક્લાસ ગોઠવવા પણ કરી શકાય. ધંધાકીય તાલીમ તેમજ મીટીંગો માટે પણ અવારનવાર મોટી જગ્યાની જરૂરત પડતી હોય છે. બાળકો તેમજ યુવાનોના શૈક્ષણિક પ્રોજેક્ટો માટે પણ આ એક અનુકૂળ જગ્યા બની શકે. આમ અનેક ઉપયોગીની શક્યતા આ જગ્યાના વિકાસ પછી ઊભી થઈ શકે છે. આ બાબતમાં આ વાંચનારને કોઈ સૂચનો કરવાના હોય તો તે આવકાર્ય છે અને ભુજ જ્ઞાતિ ટ્રસ્ટની ઓફિસે લેખિતમાં તમારા વિચારો જણાવી શકો છો.

**હેલ્થ ફર્સ્ટ :** જેવી રીતે પોતાના શરીરની તંદુરસ્તી માટે કસરતની જરૂર શરીરના દરેક અંગોને પડે છે અને તે દરરોજ થવી જોઈએ તેવી જ રીતે સમાજની તંદુરસ્તી માટે દરેક સશક્ત અંગોએ પોતાની ક્ષમતા પ્રમાણે યથાયોગ્ય દાન રૂપી વ્યાયામ હંમેશા કરતા રહેવું જોઈએ.

**વિચાર મંચ**

# સમાજ જાગો, વાંચો જરૂર

**એક સમાજ સેવક**

આપણે સમાજ જે સમાજ થકી ઓળખાઈએ છીએ તે સમાજ સૌને ગર્વ થાય કે આપણે જાગ્રત સમાજમાં રહેવું. એવા આપણા સમાજ વિશેની ઘણીએ ચર્ચા-વિચારણા કરીએ છીએ. સેતુ દ્વારા ખોટા રિવાજો ઉપર લખાણો લખીએ છીએ. પણ બધું જ ધાર્યા પ્રમાણે નથી થતું. એટલે થોડી દિલગીરી સાથે લખવું પડે છે કે સમજણના સુર વિશે. ઘણાં જ લેખો સેતુ દ્વારા વાંચ્યા પણ તેનો પરિણામ ન આવે અને સમાજના વડીલો, મહામંડળ, દરેક ઘટક પ્રમુખ આના ઉપર વિચાર ન કરે અને અમલમાં ન મૂકે તો બધું વ્યર્થ છે. છૂટાછેડા અને દિકરીના માવતર પૈસા માંગે આ જાણે આપણા સમાજમાં મામૂલી વાત થઈ ગઈ છે. પૈસાદાર કે સાધારણ વ્યક્તિ બધાને તેનો અનુભવ થાય છે. બીજુ, નવી પ્રથા સગાઈ તુટે અને પૈસા લેવાય એ વળી નવો રિવાજ ચાલુ થાય ત્યાં સુધી સમાજ શાંત કેમ બેઠો છે ? સમાજ આ બાબતમાં વિચાર કેમ નથી કરતો ? સમાજ કઈ દિશા તરફ જાય છે એ તો વિચારો, મહામંડળ કે ઘટક પ્રમુખ અને સમાજમાં દરેક સભ્યને સાથ સહકાર આપવો પડે. કારણકે આજે મારા ઘરમાં તો કાલે તમારા ઘરમાં આ સમસ્યા આવી શકે છે. માટે મહેરબાની કરી સમાજે આ વિષય પર વિચારી અને જાગૃત થવું બહુ જ જરૂરી છે. મહામંડળ કે ઘટક પ્રમુખ સાથે મળીને પંચ નીમે અને સમસ્યાનો સમાધાન પણ પંચ વચ્ચે થાય તો તે સમાજના દરેક વ્યક્તિના હિતમાં છે. મારે સમાજનાં દરેક વ્યક્તિને કહેવાની ઈચ્છા થાય છે કે, જાગો, હવે બહુ મોડું ન કરો અને ખોટા રિવાજો ઉપર ધ્યાન ન દો, કારણકે સગાઈ તુટે અને પૈસા મંગાય તો સમાજ નહ રહે. આપણો સમાજ બીજી દિશા તરફ ભણી જાય છે, ત્યાં સુધી જાગે નહિ તો હદ થઈ જાય. મારે ભાર દઈને લખવું પડે છે કે આપણા સંતાનો પ્રત્યે ધ્યાન આપો અને વિચારો. તમારા ઘરમાં સેતુ આવે ત્યારે વાંચીને અને સેતુ દ્વારા તમારા વિચારો જણાવો કે આ સાચુ થઈ રહ્યું છે કે ખોટું. દરેક ઘરની જવાબદારી છે કે તે સેતુ દ્વારા તમારા વિચારો જણાવો કે આ સાચુ થઈ રહ્યું છે ખોટું. દરેક ઘરની જવાબદારી છે કે તે સેતુ દ્વારા પોતાના વિચારો જણાવે. સમાજમાં કોઈ મહાપુરુષને જાગવું પડશે, સમજવું પડશે અને જાગૃતિ લાવવી પડશે. માટે આ લેખને તમે વાંચી મૂકી ન દેતા. એવી મારી વિનંતી છે. ભર્યો છે સવાલ, તેના જવાબની પ્રતિક્ષા રાખીશ. દરેક ઘટક પ્રમુખ કે મહિલા પ્રમુખને વિનંતી છે કે સમાજમાં જાગૃતિ લાવવા માટે આની ઝેરોક્ષ કરાવી સમાજના દરેક ઘરમાં પહોંચતા કરો.

આ સુંદર લેખના લેખક અજ્ઞાત રહે છે. જ્ઞાતિસેતુ માટેના લેખ મોકલતા લેખકોને તેમના નામ પ્રકાશનના અવશ્ય જણાવવાના રહેશે. તેઓ ઈચ્છશે તો તેમનું નામ અજ્ઞાત રાખવામાં આવશે. — **મુખ્યતંત્રી**

# કેન્સર એટલે 'કેન્સલ' નહીં

**અતુલ સોની**

આધુનિક સમયમાં લોકોની સુખાકારી વધી છે. વિજ્ઞાન અને ટેકનોલોજીના વિકાસથી કેટલાય અસાધ્ય જણાયેલ રોગની સારવાર હવે ઉપલબ્ધ થઈ રહેલ છે. અગાઉ જીવલેણ ગણાતા શીતળાના રોગથી સમગ્ર જગત મુક્ત થયું છે તો પોલિયો, ટીબી, ડિપ્થેરિયા વગેરે બિમારીઓ મહદ્ અંશે કાબૂમાં આવેલ છે. આમ છતાં હાલના સમયમાં કેન્સરના રોગનો વ્યાપ વધી રહેલ છે. ગુજરાતમાં કેન્સરની સારવાર માટે અમદાવાદમાં આવેલ છે. સિવિલ હોસ્પિટલ સૌથી શ્રેષ્ઠ ગણાય છે. છેલ્લા કેટલાક વર્ષોથી એવું જણાય રહેલ છે. કચ્છથી કેન્સરની સારવાર માટે આવતા આપણા સમાજના દર્દીઓની સંખ્યામાં વધારો થતો જાય છે. કેન્સરની સારવારના ભાગરૂપે થતા ઓપરેશન, કેમોથેરાપી ટ્રીટમેન્ટ અને રેડિયેશન (શેક) લેવા આવતા દર્દીઓની સંખ્યા વધી રહી છે. આ કેન્સર હોસ્પિટલ સાથે સંકળાયેલ આપણી જ્ઞાતિના સેવાભાવી બેન - જ્યોતિબેન સોની બહારગામથી આવતા દર્દીઓને બનતી મદદ કરે છે. તેમજ તેમને યોગ્ય માર્ગદર્શન અને હુંફ પુરા પાડે છે. સામાન્ય રીતે કેન્સર રોગ એ સમયસર સારવાર લેવામાં આવે તો જરૂરથી સારા પરિણામ આવે છે.

કેન્સર વિશે ઘણી ગેર માન્યતા પ્રવર્તે છે આ અંગે સાચી સમજણ મળે તે હેતુથી કેન્સર અંગેની કેટલી માહિતી પ્રસ્તુત છે. આશા છે કે તે વાંચકોને ઉપયોગી થશે.

આજથી થોડા વર્ષો પહેલા લોકોમાં 'કેન્સર એટલે કેન્સલ' એવી ભયની લાગણી ફેલાયેલી હતી તેથી લોકો કેન્સરનું નામ સાંભળતા જ નિરાશ થઈ જતા હતા. પરંતુ કેન્સરને નાથવામાં કેન્સર અંગેના વિવિધ સંશોધનો તથા કેન્સર નિષ્ણાંતોના અથાગ પ્રયત્નોના લીધે સારો પ્રતિભાવ સાંપડેલ છે.

**કેન્સર એટલે શું ?**

કેન્સર એ વિકૃત કે ઝેરી બનેલા શરીરના કોષોની અનિયમિત અને અનિયંત્રિત વૃદ્ધિ છે. જે મોટે ભાગે શરીરમાં ગાંઠનું સ્વરૂપ ધારણ કરે છે. જો કે લોહીના અપરિપક્વ કોષોની સંખ્યા વૃદ્ધિને કારણે થતા રૂધિર કેન્સરમાં ગાંઠ જોવા મળતી નથી. કોષોની સંખ્યા વૃદ્ધિને કારણે થતી ગાંઠને અર્બુદ (Tumour) અથવા નવવિકસન (neoplasia) કહે છે. તે સૌમ્ય (benign) અને જીવલેણ કે મારક (malignant) એમ બે પ્રકારની હોય છે. સૌમ્ય ગાંઠ સામાન્ય રીતે જીવલેણ હોતી નથી. જો વહેલું નિદાન અને યોગ્ય સારવાર લેવામાં આવે તો કેન્સરને મટાડી શકાય છે. નિદા અને સારવારમાં વિલંબ દર્દી માટે જીવલેણ બની શકે છે.

**ભારતમાં કેન્સરનું પ્રમાણ :** કેન્સરનો રોગ સામાન્ય રીતે મોટી ઉંમરના સ્ત્રી-પુરુષમાં જોવામાં આવે છે અને ભારતીય પ્રજાનું સરેરાશ આયુષ્ય હવે ૬૪-૬૫ વર્ષ જેટલું થયું છે, જેથી કેન્સરનું પ્રમાણ પણ વધ્યું છે. આપણા દેશમાં કેન્સરનું પ્રમાણ દર એક લાખની વસ્તીએ ૧૦૦ થી ૧૧૦નું ગણવામા આવે છે.

આપણા દેશમાં બંને જાતિઓમાં થતા કુલ કેન્સરના ૫૦% થી વધુ કેન્સર મોં અને ગળાના (બંને જાતિઓમાં) તથા સ્ત્રીઓમાં થતા સ્તન અને ગર્ભાશયના મુખના કેન્સર છે. આ ત્રણેય પ્રકારના કેન્સર પર્યાવરણ, સમાજના રીતરિવાજ સાથે સામ્ય ધરાવે છે. આ પ્રકારના કેન્સર (૧) જાત તપાસ દ્વારા જલ્દીથી શોધી શકાય છે. (૨) તેનું વહેલું નિદાન થઈ શકે છે. (૩) શરૂઆતના તબક્કામાં નિદાન થાય તો આ પ્રકારના કેન્સર સંપૂર્ણ પણ મટાડી શકાય છે.

કેન્સર વિશેની વૈજ્ઞાનિક માહિતી : (૧) કેન્સર એ કોઈ ચેપી રોગ નથી. તે દર્દીની સારવાર કરનાર ડોક્ટર, નર્સ કે સગાઓને નથી થતો, કેન્સર કોષોમાં ઉદ્‌ભવતી અસામાન્યતાને કારણે થાય છે. પરંતુ સાથે સાથે અંગત સફાઈ અને આરોગ્યનું પણ ધ્યાન રાખવું જરૂરી છે. (૨) કેન્સરની શરૂઆતના લક્ષણો આમ તો સામાન્ય બિમારીના જ છે. પરંતુ જો તે લાંબા સમય સુધી ચાલુ રહે તો ડોક્ટર પાસે જઈને યોગ્ય નિદાન કરાવવું જોઈએ તેમાં લાપરવાહી કરવી નુકશાન કારક સાબિત થઈ શકે છે. (૩) કેન્સર એ વારસાગત રોગ નથી. મોટાભાગના લગભગ ૮૦ થી ૯૦ ટકા કેન્સર પર્યાવરણ અને અંગત આદતોને કારણે થાય છે. (૪) કેન્સર કોઈ એક રોગ નથી પણ રોગોના સમૂહ છે જો વેળાસર તેનું નિદાન કરાય તો તેને મૂળથી જ દૂર કરી શકાય છે.

શરીરનું મહત્વનું એકમ કોષ : કોષ એ આપણા શરીરનું મહત્વનું એકમ છે અને માનવ શરીર આવા લાખો કોષોનું બનેલું છે. કેન્સર વિશે સમજતા પહેલા આપણા શરીરના કોષો, તેની અગત્યતા અને કાર્ય સમજવું ખૂબ જ જરૂરી છે.

આપણું સમગ્ર શરીર અને શરીરના અવયવો જુદી જુદી જાતના નાના નાના અનેક કોષોના બનેલા હોય છે. કોષ બનવાની અને નાશ પામવાની પ્રક્રિયા જાણે અજાણે અવિરત ચાલ્યા જ કરતી હોય છે. શરીરમાં કોષોનું મુખ્ય કાર્ય શારીરિક વિકાસ, પડવા-વાગવા કે ઘસારાને લીધે નુકસાન પામેલ કોષોની જગ્યાએ નવા કોષોની પૂર્તિ કે નિર્માણ કરવાનું છે.

સામાન્ય રીતે કોષો શરીરને જરૂર પડે ત્યારે જ વિભાજીત થઈ નવા કોષ બનાવે છે. આમ કોષ વિભાજન

અને કોષ વૃદ્ધિની પ્રક્રિયા નિયંત્રિત અને જરૂરિયાત મુજબ જ હોય છે. આવી શિસ્તબદ્ધ પ્રક્રિયા શરીરના રોજીંદા ઘસારાને પહોંચી વળવા, વાગેલા ઘાને રૂઝાવા, શરીરને રોગમુક્ત અને તંદુરસ્ત રાખવા ખૂબ જ જરૂરી છે.

**સામાન્ય માનવ કોષ અને તેની આંતરિક રચના :** દરેક કોષનું કાર્ય અને તેના વિભાજનની ગતિ કોષ કેન્દ્રના નિયંત્રણમાં હોય છે. કોષકેન્દ્રમાં પટ્ટી આકારના રંગસૂત્રો જ હોય છે જેના ઉપર વિવિધ આહારના જનીન આવેલા હોય છે. દરેક જનીન અસંખ્ય ડીએનએ (ડીઓક્સી રીબો ન્યુક્લીક એસિડ) થી બનેલા હોય છે. ડી.એન.એ. એ માહિતીનું સંગ્રહાય જે દરેક કોષનું કાર્ય નક્કી કરે છે અને તેને નિયંત્રણ રાખે છે.

સામાન્ય સંજોગોમાં ડીએનએ જ કોષ વિભાજનની ગતિ નિયંત્રણમાં રાખે છે અને શરીરની સામાન્ય વૃદ્ધિ અને ઘસારાથી ક્ષીણ થતા કોષોના સ્થાને નવા કોષોનું નિયમિત નિર્માણ કરે છે.

પરંતુ કેટલાક બાહ્ય પરિબળો કે આંતરિક ખામીને કારણે ડીએનએ ને નુકસાન પહોંચે છે. ત્યારબાદ આવા નુકશાન પામેલા ડીએનએ પોતાનું કાર્ય શિસ્તબદ્ધ કરી શકતા નથી અને પોતાના પરનો કાબૂ ગુમાવે છે. સામાન્ય રીતે નીચે જણાવેલ બધા પરિબળો ડીએનએ ને નુકશાન પહોંચાડે છે.

ભૌતિક પરિબળો, રાસાયણિક પરિબળો, જૈવિક પરિબળો - સામાન્ય રીતે શરીરમાં થતી બધી ગાંઠો કેન્સરને કારણે નથી હોતી તે અલગ અલગ પ્રકારની હોઈ શકે જેમકે,

**સાદી ગાંઠ (રસોળી) :** સાદી ગાંઠ ચરબીની હોય છે. આ પ્રકારની ગાંઠની વૃદ્ધિ ખૂબ જ ધીમી હોય છે. આથી ગાંઠ શરીરમાં ગમે ત્યાં એક કરતા વધારે જગ્યાએ હોઈ શકે છે. સામાન્ય રીતે આ પ્રકારની ગાંઠ શરીરને નુકશાનકારક નથી હોતી. પરંતુ જે ગાંઠ શરીરમાં જરૂરી ક્રિયાઓમાં અવરોધક બનતી હોય તો તેને ઓપરેશન વડે કઢાવી નાખવી હિતાવહ છે.

**ટીબીની ગાંઠ :** ટીબીની ગાંઠ મોટે ભાગે ગળાના ભાગમાં જોવા મળે છે. જો કે શરીરના આંતરડા જેવા આંતરિક ભાગોમાં પણ આવી ગાંઠો થઈ શકે છે. યોગ્ય દાકતરી તપાસ અને પ્રયોગશાળા પરીક્ષણ વડે જ એ નક્કી થઈ શકે છે કે આવી ગાંઠ ટીબીની, કેન્સરની કે પછી સાદી છે. ટીબી આજના વૈજ્ઞાનિક યુગમાં યોગ્ય તબીબી સારવાર વડે સંપૂર્ણ મટાડી શકાય છે.

**ગોઈટરની ગાંઠ :** ગોઈટરની ગાંઠ શરીરમાં આયોડિનની ઉણપને લીધે થાય છે. આવી ગાંઠ ગળામાં થઈ શકે છે. યોગ્ય સારવાર અથવા ઓપરેશન વડે દૂર કરી આવી ગાંઠ મટાડી શકાય છે.

**કેન્સરની સારવાર માટે અમદાવાદ આવતા દર્દીઓ માટે રહેવાની વ્યવસ્થા**

કેન્સરની સારવાર દરમ્યાન દર્દી અને તેમની સાથે આવેલ સગાઓને ઘણા દિવસો સુધી રોકાવું પડતું હોય છે. અમદાવાદ સિવિલ હોસ્પિટલની પાસે આવેલ 'કચ્છી વિશ્રામ ગૃહ' એ કચ્છથી સારવાર માટે આવનાર લોકો માટે રહેવાની-જમવાની ઉત્તમ સગવડ પુરી પાડે છે. અહીં ૭૦ જેટલા એસી-નોન એસી રૂમ આવેલ છે. જેનું ભાડુ ખૂબ વ્યાજબી હોય છે. આ ઉપરાંત ત્યાં જમવા માટે જલારામ અન્નક્ષેત્ર તરફથી વ્યવસ્થા છે જેનો લાભ લઈ શકાય છે. વિશેષ માહિતી માટે સંપર્ક : શ્રી કચ્છી વિશ્રામ ગૃહ, અરિહંતનગર જૈન દેરાસર સામે, શુભ કોમ્પલેક્ષ સામેની ગલીમાં, રાજસ્થાન હોસ્પિટલ રોડ, શાહીબાગ, અમદાવાદ. ફોન : ૦૭૯-૨૨૪૮૪૫૪૭, ૦૭૯-૨૨૮૮૪૫૪૭

**કેન્સરની ગાંઠ :** કેન્સરની ગાંઠ કોઈપણ ભાગમાં થઈ શકે છે. જો કે કેન્સરના દરેક પ્રકારમાં ગાંઠ નથી હોતી. દાત. : લોહીના કેન્સરમાં કોઈ પ્રકારની ગાંઠ જણાતી નથી.

કેન્સરની ગાંઠ ઝેરી પ્રકારની હોય છે. કેન્સરની ગાંઠ ખૂબ જ ઝડપી વધે છે. તે આજુબાજુની માંસ-પેશીઓમાં નુકશાન કે દુઃખાવો પેદા કરી શકે છે. કેન્સરના વિકૃતિ પામેલા ઝેરી કોષ ગાંઠમાંથી છુટા પડી લોહી કે લસિકાગ્રંથિઓ વડે શરીરના અન્ય ભાગોમાં પ્રસરી શકે છે અને ત્યાં પણ કેન્સરની ગાંઠ થઈ શકે છે. જો કેન્સરનું નિદાન રોગના શરૂઆતના તબક્કામાં જ કરી લેવામાં આવે અને યોગ્ય દાકતરી સારવાર લેવામાં આવે તો કેન્સરને સંપૂર્ણપણે કાબૂમાં લઈ શકાય છે અને દર્દી સંપૂર્ણ રીતે સાજો થઈ શકે છે.

પરંતુ નિદાન અને સારવારમાં વિલંબ દર્દીનું મૃત્યુ નિપજાવી શકે છે.

**કેન્સર થવાના કારણો :** કેન્સર ખરેખર તો વિવિધ કારણોથી થતા રોગોનો એક સમૂહ છે જો કે કેન્સર થવાના ચોક્કસ કારણો હજી સુધી જાણી શકાતા નથી.

વિવિધ અભ્યાસો પરથી એવું કારણ સૂચવ્યુ છે કે ૮૦% જેટલા કેન્સર વાતાવરણના પરિબળોને કારણે થાય છે. જેમાં તમાકુના વ્યસનથી થતા કેન્સરનું પ્રમાણ ૫૫% છે. જે પ્રમાણ ખૂબ જ વધારે છે. આમ સૈદ્ધાંતિક રીતે જોતા યોગ્ય કાળજી અને વ્યસનમુક્તિથી આવા કેન્સર અટકાવી શકાય તેમ છે.

**પર્યાવરણીય પરિબળો :** તમાકુ, દારૂ, આહાર અને કુપોષણ, વ્યાવસાયિક અને ઔષધિક પરિબળો, વિષાણુઓ (વાયરસ), પરોપજીવી જીવાણુઓ, ભૌતિક કારણો, સામાજીક કારણો

**પર્યાવરણને લગતા પરિબળો :** તમાકુ : ભારતમાં થતા કુલ કેન્સરના ૪૦% થી વધુ કેન્સર તમાકુના એક યા બીજા પ્રકારના વ્યસનને લીધે થાય છે. તમાકુના વ્યસનને કારણે મુખ્યત્વે મોં, જીભ, ગળુ, સ્વરપેટી, અન્નનળી અને મૂત્રાશયનું કેન્સર થાય છે. જ્યારે તમાકુનું ધુમ્રપાન કરનારા વ્યક્તિઓમાં અને તેમની પત્ની કે બાળકમાં પણ ફેફસાનું કેન્સર થઈ શકે છે. જ્યારે ધુમ્રપાનથી ગર્ભશિય ગ્રીવાનું કેન્સર થઈ શકે છે.

**અવયવ :** મોં, ગળું, જીભનું મૂળ, અન્નનળી

**તમાકુ અને કારણો :** તમાકુ, પાન-મસાલા, ગુટકા, દારૂ

**અવયવ :** ફેફસું

**તમાકુ અને કારણો :** બીડી, સિગારેટ કે ચિલમમાં તમાકુનું ધુમ્રપાન, એસ્બેસ્ટોસ, ખનિજરજ, વાહનોથી થતો ધુમાડો અને હવાનું પ્રદૂષણ

**અવયવ :** સ્વાદુપિંડ

**તમાકુ અને કારણો :** તમાકુ, વધુ ચરબીવાળો આહાર

**અવયવ :** મૂત્રપિંડ, મૂત્રાશય

**તમાકુ અને કારણો :** કોઈપણ રીતે તમાકુની બનાવટોનો ઉપયોગ, ધુમ્રપાન

**અવયવ :** ગર્ભશિય - ગ્રીવા

**તમાકુ અને કારણો :** તમાકુ અને તમાકુનું ધુમ્રપાન

ગુજરાતમાં થતા કુલ કેન્સરના લગભગ ૪૦ ટકાથી વધુ કેન્સર ધુમ્રપાન, તમાકુ અને તેની અન્ય બનાવટોના ઉપયોગથી થાય છે. પુરૂષોમાં ધુમ્રપાન અને તમાકુથી થઈ શકે તેવા કેન્સરનું પ્રમાણ પુરૂષોમાં થતા કુલ કેન્સરના લગભગ ૫૫ ટકા છે. જે આવા કેન્સરનું પ્રમાણ સ્ત્રીઓમાં માત્ર ૧૭ ટકા છે.

**ગુટખા અને મસાલો :** છેલ્લા કેટલાક વર્ષોથી દેશમાં અને ખાસ કરીને ગુજરાત રાજ્યમાં પાન-મસાલ, ગુટકા તથા સાદા પાન મસાલા તરીકે ઓલખાતી જાત-જાતની પડીકીઓ ખાવાનું વ્યસન યુવાનોમાં વધુ પડતું જોવા મળે છે.

આને કારણે મોંની અંદરના ભાગો જીભ, પેઢા, તાળવું, હોઠ, ગાલ અને સ્વરપેટીના કેન્સરના પ્રમાણમાં નોંધપાત્ર વધારો થયો છે. ગુટકા અને મસાલા ખાવાથી માત્ર જીવલેણ કેન્સર જ નહીં પરંતુ તે સિવાય ૧૫ થી પણ વધુ રોગો થાય છે અને મોં ખુલતું બંધ થઈ જાય છે.

**દારૂ :** તમાકુ ખાવાને લીધે મોંની અંદર થતા કેન્સરની પ્રક્રિયાને દારૂ ઉત્તેજીત કરે છે. દારૂના વધુ પડતા સેવનથી પેટ, યકૃત અને સ્તનનું કેન્સર થવાનું જોખમ ખૂબ જ વધી જાય છે એક અંદાજ મુજબ કેન્સરથી થતા કુલ મૃત્યુમાં ત્રણ ટકા મૃત્યુ દારૂના સેવનને લીધે થાય છે.

**સામાજીક કુરિવાજો, કુટેવો અને રહેણીકરણી :-** ભૌતિક રાસાયણિક અને જૈવિક કારણો સિવાય અન્ય સામાજિક પરિબળો અને રહેણી કરણી પર કેટલાક કેન્સર થવાના જોખમમાં વધારો કરે છે.

આપણા સમાજમાં નાની ઉંમરે બાળકીનું લગ્ન, વધુ બાલકોની ઝંખના અને સ્ત્રીઓના સ્વાસ્થ્ય પ્રત્યેની અવગણના જેવા કારણો સ્ત્રીઓમાં સ્તન અને ગર્ભશિયનાં મુખનું કેન્સર કરવામાં મુખ્ય ભાગ ભજવે છે.

શરીરમાં વધુ પડતું ચરબીનું પ્રમાણ અને બાળપણથી જ શરીરનું મેદસ્વીપણું અને જનન અંગોની સ્વચ્છતાનો અભાવ સ્ત્રીઓમાં સ્તન અને ગર્ભશિયના મુખના કેન્સર થવાની શક્યતાઓ વધારી શકે છે.

**આનુવાંશિકતા (વારસાગત કારણો) :** સામાન્ય રીતે કેન્સર વાતાવરણ રોગ નથી, પરંતુ અમુક પ્રકારના કેન્સર પારિવારિક રીતે જોવા મળ્યા છે. દાત. : નાના બાળકોમાં આંખનું કેન્સર, મોંગોલ પ્રકારના બાળકોના લોહીનું કેન્સર થવાની શક્યતા પ્રમાણમાં વધુ હોય છે. તે જ રીતે જે કુટુંબની સ્ત્રીમાં સ્તનનું કેન્સર હોય તેમની સ્ત્રી સંતાનોમાં સ્તન કેન્સર થવાની સંભાવના અન્ય સ્ત્રીઓ કરતા વધારે હોય છે.

**કેન્સરના ચેતવણી રૂપ ચિહ્નો :** 'ચેતતા નર સદા સુખી', અગમ ચેતી આપણને થનાર કોઈ ખૂબ મોટા નુકશાનમાંથી નિવારી શકે છે. (૧) શરીરના કોઈ પણ ભાગમાં લાંબા સમયથી ન રૂઝાતું સફેદ કે લાલ ચાંદુ (૨) સ્તનમાં સોજો કે ગાંઠ અથવા સ્તનની ડીંટડીમાંથી થતો રક્તસ્રાવ (૩) યોની માર્ગમાંથી વધુ પડતો રક્તસ્રાવ કે દુર્ગંધિત સ્રાવ. (૪) લાંબા સમય સુધી અવાજનું ઘોઘરાપણું (૫) સતત ચાલુ રહેતી ખાંસી કે ખોરાક ગળવામાં પડતી તકલીફ (૬) ઝાડાપેશાબની નિયમિત પ્રક્રિયામાં અસામાન્ય ફેરફાર (૭) ચામડી પરના તલ કે મસાના કદમાં અસામાન્ય ફેરફાર (૮) કોઈપણ છિદ્રમાંથી દુઃખાવા વગર લોહીનું વહેવું (૯) અકારણ લાંબા સમય સુધી રહેતો તાવ (૧૦) વજનમાં નોંધપાત્ર ઘટાડો.

જો ઉપરોક્ત ચિહ્નો દેખાય તો દરેક કિસ્સામાં તે કેન્સર છે તેવું જરૂરી નથી ઘણી વખત આવા ચિહ્નો ઘણા લોકોમાં દેખાય છે પરંતુ તે સામાન્ય દવા અને સારવારથી મટી જતા હોય છે. પરંતુ જ્યારે આવા ચિહ્નો સામાન્ય દવાઓ અને સારવારથી ન મટે તો તેની યોગ્ય ડોક્ટરી તપાસ અને ડોક્ટરી

પરીક્ષણો કરાવી યોગ્ય નિદાન કરાવવું જરૂરી છે.

**કેન્સરનું વહેલું નિદાન બક્ષે જીવનદાન :** કેન્સરનું વહેલુ નિર્દેશન તથા વહેલું નિદાન મહત્વના છે જ્યારે કેન્સર ઉદ્‌ગમ સ્થાને સીમિત હોય અને તેણે કોઈપણ લક્ષણો તે ચિહ્નો પેદા કર્યા ન હોય ત્યારે જો તેની હાજરી દર્શાવવામાં આવે તો તેને વહેલું નિર્દેશન કહે છે. જો કેન્સરના ચિહ્નો કે લક્ષણો પેદા થયા હોય અને તેનું નિદાન શરૂઆતના તબક્કામાં થયુ હોય તો તેનું વહેલુ નિદાન કહે છે. સતત સભાનતા અને રોગ વિશેની શંકાશીલતા જ કેન્સરના વહેલા નિદાનમાં મદદરૂપ થઈ શકે છે. કેન્સરનું વહેલુ નિદાન થવાથી રોગને ખૂબ જ સહેલાઈથી કાબૂમાં લઈ શકાય છે અને ઘણા બધા કિસ્સાઓમાં તો રોગને સંપૂર્ણપણે નાબૂદ કરી શકાય છે વળી રોગની સારવારમાં થતો ખર્ચ પણ ખૂબ જ મર્યાદિત હોય છે.

નીચે જણાવેલી તપાસ શરીરના મોટાભાગના કેન્સરનું વહેલુ નિદાન શક્ય બનાવે છે.

● મોંના કેન્સર માટે : મોંના અંદરના ભાગની પોતાની જાતે જ તપાસ. ● સ્તન કેન્સર માટે : પોતાની જાતે જ સ્તનની તપાસ ● સ્તનની મેમોગ્રાફી ● ગર્ભાશયના મુખના કેન્સર માટે : લેબોરેટરીમાં થતો પેપ ટેસ્ટ ● શંકા જણાય તો ડોક્ટરી તપાસ

**કેન્સરના તબક્કા :** કેન્સરના વિવિધ તબક્કા કેન્સરની ગાંઠના કદ, આજુબાજુમાં આવેલી લસિકાગ્રંથિઓમાં તેનો ફેલાવો તથા શરીરના અન્ય અંગોમાં થયેલ તેના પ્રસારને ધ્યાનમાં લઈને નક્કી કરવામાં આવે છે.

**પહેલો તબક્કો :** જો કેન્સરની ગાંઠ ૨ સેમી. કરતા પણ નાની હોય અને તેનો કોઈપણ અન્ય જગ્યાએ ફેલાવો ન થયો હોય તો રોગ તેના પ્રથમ તબક્કામાં છે તેવું ગણવામાં આવે છે. પ્રથમ તબકકામાં જ જો યોગ્ય અને પૂરેપૂરી સારવામાં લેવામાં આવે તો કેન્સરને શરીરમાંથી દૂર કરી શકાય છે.

**બીજો તબક્કો :** જ્યારે કેન્સરની ગાંઠનું કદ ૨ થી ૫ સેમી. વચ્ચે હોય તથા તેનો ફેલાવો લસિકાગ્રંથિમાં થતો હોય ત્યારે રોગ બીજા તબક્કામાં પહોંચ્યો છે તેમ કહેવાય. બીજા તબક્કામાં પહોંચેલ રોગને યોગ્ય સારવાર વડે કાબૂમાં લઈ શકાય છે.

**ત્રીજો તબક્કો :** જ્યારે કેન્સરની ગાંઠનું કદ ૫ સેમી. કરતા વધારે હોય અને તેનો ફેલાવો વધુ લસિકાગ્રંથિઓમાં થયો હોય તો તે રોગ ત્રીજા તબક્કામાં છે, તેમ કહેવાય. યોગ્ય સારવાર વડે દર્દીનું જીવન બચાવી શકાય છે અને રોગને કાબુમાં રાખી શકાય છે.

**ચોથો તબક્કો :** જ્યારે ગાંઠનું કદ ખૂબ જ વધી જાય અને તે શરીરના અન્ય અંગોમાં પણ જણાય તો તે ચોથા તબક્કામાં પહોંચેલ ગણાય છે. યોગ્ય તબીબી સારવાર દર્દીને વધુ પડતી પીડા કે દર્દમાંથી રાહત આપી શકે છે. પરંતુ સારવારમાં બેદરકારી દર્દીનું મૃત્યુ નિપજાવી શકે છે.

**કેન્સરની સારવાર :** કેન્સરની સારવાર ત્રણ પદ્ધતિઓ વડે કરવામાં આવે છે.

**શસ્ત્રક્રિયા (ઓપરેશન)** : જો કેન્સરનો વ્યાપ વધુ ન થયો હોય તો શસ્ત્રક્રિયા કરીને કેન્સરથી અસરવાળો ભાગ કાઢી નાખવામાં આવે છે. જો કેન્સર સમગ્ર અંગમાં પ્રસરી ચૂક્યું હોય તો શસ્ત્રક્રિયા કરીને તે અંગને શરીરથી જુદુ કરી દેવામાં આવે છે. શસ્ત્રક્રિયા કરીને મોટે ભાગે જીભ, સ્વરપેટ, સ્તન, અન્નનળી, હોજરી, આંતરડા અને પિત્તાશય જેવા ભાગનું કેન્સર સહેલાઈથી મટાડી શકાય છે. આમ કરવાથી શરીરના અન્ય ભાગોમાં કેન્સર પ્રસરી જવાનો ભય ખૂબ જ ઘટી જાય છે.

વિકિરણ (શેક) : આ પદ્ધતિમાં વિકિરણ વડે કેન્સરના ઝેરી કોષોને બાળી નાખવામાં આવે છે આથી કેન્સર વધતુ અટકે છે. મોટે ભેગો જો કેન્સર તેના પ્રારંભિક અવસ્થામાં હોય ત્યારે શેક વડે સારવાર આપી શરીરનાં જે તે અંગને બચાવી લેવાનો પ્રયત્ન કરવામાં આવે છે અથવા રોગ વધી જવાના કારણે અથવા અન્ય કારણોસર શરીરના કોઈપણ ભાગને ઓપરેશન વડે કાઢી નાખવું હિતાવહ ન હોય ત્યારે શેક વડે સારવારને પ્રાથમિકતા આપવામાં આવે છે. અમુક વખતે જો કેન્સરનો રોગ ખૂબ જ આગળ વધી ગયો હોય ત્યારે ખૂબ શેક વડે સારવાર આપી દર્દીઓને વધુ પડતા દર્દ કે પીડામાંથી બચાવી શકાય છે. શેક વિશે આપણા સમાજમાં ખૂબ જ અજ્ઞાનતા પ્રવતેલ છે જેમ કે શેક આપવાથી રોગ વધી જાય છે. શરીરમાં અગ્નિ ઉઠે છે અને બળતરા થાય છે, ખાવાનું બંધ થઈ જાય છે વગેરે.

પરંતુ તબીબી અભ્યાસ અને સંશોધનથી એવું સ્પષ્ટપણે નક્કી થઈ ચૂક્યું છે કે શેક લેવાથી કેન્સર મટે છે અને સંપૂર્ણ સાજા થઈ જવું શક્ય છે.

**કેમોથેરાપી (દવાઓ વડે સારવાર) :** કેન્સરની અસરકારક દવાઓ ઈન્જેકશન કે બાટલા ચઢાવીને આપવાની પદ્ધતિ કેમોથરાપી તરીકે ઓળખાય છે. આથી દવા શરીરમાં પ્રવેશી કેન્સર થયેલા ભાગમાં પહોંચીને કેન્સરના ઝેરી કોષોનો નાશ કરે છે અને રોગનો નાશ કરે છે. અમુક વખત એકથી વધુ પદ્ધતિઓ વડે સારવાર આપવામાં આવે છે જેમ કે ઓપરેશન કર્યા બાદ દવાઓ કે શેક વડે સારવાર, જ્યારે

અમુક વખત શેક આપ્યા બાદ દવાઓ વડે સારવાર કરવામાં આવે છે. ઘણીવખત તબક્કાવાર ઓપરેશન, શેક અને દવાઓ એમ ત્રણ પદ્ધતિઓ વડે સારવાર આપવામાં આવે છે.

કેન્સરની સારવાર માટે સૌથી અગત્ની બાબત એ છે કે કેન્સરની સારવાર કેન્સરના નિષ્ણાંત ડોક્ટર કે કેન્સર હોસ્પિટલમાં જ લેવી જોઈએ.

**આટલું જાણો :** ઓપરેશનથી બેડોળ થયેલ અંગને પ્લાસ્ટિક સર્જરી કરી ફરી સુંદર દેખાવ આપી શકાય છે. ઓપરેશનથી જે અંગ કાઢી નાખવામાં આવ્યું હોય તે કૃત્રિમ રીતે ફરી બનાવી ફરી પ્રસ્થાપિત કરી શકાય છે. દા.ત. કૃત્રિમ સ્તન, કૃત્રિમ પગ વગેરે બનાવી શકાય છે.

દવાઓની સારવારથી ખરી ગયેલા માથાના વાળ અમુક સમય પછી ફરી પાછા આવી જાય છે. શેક લેવાથી મોંનો બદલાઈ ગયેલો સ્વાદ ફરી પાછો પહેલા જેવો જ બની જાય છે અને તમે પહેલાની જેમ જ સ્વાદ માણી શકો છો. શેક કે દવાઓ લવાથી આવેલી અશક્તિ કાયમી નથી હોતી પરંતુ રોગનો નાશ કરી ટૂંક સમયમાં શરીરમાં શક્તિનો પુનઃસંચાર થાય છે.

**આડઅસરો :** હા, કેન્સરની સારવાર લેનાર વ્યક્તિને અમુક આડઅસરો અનુભવવી પડે છે. જેમ કે દવાઓ કે શેક લીધા પછી થોડો સમય અશક્તિ અનુભવવી, વાળ ખરી જવા, મોંનો સ્વાદ બદલાઈ જવો, બળતરા થવી વિગેરે. પરંતુ અમે અમારા અનુભવો પરથી ચોક્કસ કહી શકીએ છીએ કે આડઅસરો ખૂબ જ ટૂંકા ગાળા માટે હોય છે અને તે લાંબો સમય કે કાયમી રહેતી નથી. આડઅસરોની બીકથી સારવારની અગવણના રોગના વધારો કરે છે. દર્દીને ખૂબ જ પીડા થાય છે અને દુઃખદાયક મૃત્યુ તરફ દોરી જાય છે.

**કેન્સરથી બચવા શું કરશો ?** બીડી, તમાકુ, ગુટખા, દારૂના વ્યસનથી દૂર રહો. બાળકને સ્તનપાન કરાવો. કેન્સર કારક રસાયણો અને વિકિરણનો સાવધાનીથી ઉપયોગ કરો. કેન્સર સામે રક્ષણ આપતા આહારનું (ફળ, લીલા પીળા શાકભાજી) સેવન કરો. આહારમાં ચરબીનું પ્રમાણ ઘટાડો.. રેસાવાળો આહાર લેવાનું રાખો. જાત તપાસમાં નિયમિત બનો. નાની ઉંમરે લગ્નનો વિરોધ કરો. વધુ પડતી સુવાવડ થતા રોકો. બાળપણથી જ મેદાવળાપણું ટાળો.

જો આપને કોઈ પણ જાતની શંકા જણાય તો સરકાર માન્ય કાયદેસરનું શિક્ષણ પામેલ ડોક્ટરની તાત્કાલિક સલાહ લો. જો આપ ગામડામાં રહેતા હોય તો પ્રાથમિક કે જિલ્લા આરોગ્ય કેન્દ્રનો સંપર્ક કરો.

## જ્ઞાતિસેતુના અંકો નિયમિત નથી મળતા

'જ્ઞાતિસેતુ' નિયમિત પણે દર બે મહિને બધા જ ગ્રાહકોને એકીસાથે અચુકપણે પોસ્ટ કરવામાં આવે છે. વર્ષોથી આ પ્રથા કોઈપણ જાતની શરતચૂક વગર અપનાવવામાં આવેલ છે. પોસ્ટ ખાતા દ્વારા રજીસ્ટ્રેશન મેળવી પોસ્ટ ખાતા દ્વારા જ આ મેગેઝીન મોકલવાનું કારણ એ હોય છે કે કુરિયરના સર્વિસ ચાર્જ કરતા પોસ્ટ દ્વારા કન્સેન દરો ખૂબ જ ઓછા હોય છે. કુરિયરના ચાર્જિસ મેગેઝિન પ્રકાશીત કરતા કોઈપણ સંસ્થાને અથવા તો તેના ગ્રાહકોને પરવડી શકે નહી અને તેથી કોઈપણ મેગેઝીન પોસ્ટ કરવાની આજ પદ્ધતિ અપનાવવામાં આવે છે.

ઉપરોક્ત હકીકત રજુ કર્યા બાદ જણાવવાનું કે અનેક ગ્રાહકોને 'જ્ઞાતિસેતુ' પોસ્ટ કર્યા બાદ ૨૦ થી ૨૫ દિવસે અથવા તો તેનાથી પણ મોડા મળે છે. અથવા તો મળતા જ નથી આ પ્રકારની ફરીયાદ અમને દર મહિને અનેક ગ્રાહકો તરફથી મળતી રહે છે. ફરિયાદના અનુસંધાનમાં જણાવવાનું કે ગ્રાહકોને એકાદ સપ્તાહમાં અંક ન મળે, તો ત્યાંની પોસ્ટ ઓફિસમાં લેખિત સ્વરૂપે રજુઆત કરે અને તેની એક નકલ સેતુ કાર્યાલયને અવશ્ય મોકલી આપે. જેથી એ ફરિયાદ અર્થે સ્થાનિક જે પોસ્ટ ઓફિસમાંથી 'જ્ઞાતિસેતુ' ના અંકો પોસ્ટ થાય છે, ત્યાં લેખિત સ્વરૂપે રજુ કરી શકાય.

સામાન્યપણે અહીંની પોસ્ટ ઓફિસવાળા એવો જવાબ આપે છે કે તેઓ બધા અંકો જે તે સ્થળે મોકલી આપે છે સામા છેડાની પોસ્ટ ઓફીસ સીધો જવાબ આપે છે કે એમની પાસે જે ટપાલ આવે છે તેની તેઓ સત્વરે ડીલીવરી કરી જ દે છે. આ જવાબ બરાબર નથી પરંતુ તે અંગે સ્થાનિકે પોસ્ટ ઓફિસને વારંવાર જણાવતા રહેવું જરૂરી છે, કારણકે અહીથી પોસ્ટઓફિસ તો બધા અંકો સાથે જ મોકલી દે છે.

દરેક ગ્રાહકોને વિનંતી છે કે તેઓએ ન મળતા અંકોની ફરીયાદ પોતાની પોસ્ટ ઓફિસમાં કરી તેની એક નકલ સેતુ કાર્યાલયને મોકલી આપે જેથી અહીંની પોસ્ટ ઓફિસમાં આગળની કાર્યવાહી થઈ શકે. આ બાબતે મહેરબાની કરીને કોઈપણ ગ્રાહકે અમને ફોન પર ફરિયાદ કરવી નહી કેમ કે ફોન પર સાંભળેલી વિગત બાબત અમારી પાસે પોસ્ટ ઓફિસને જણાવવાનો લેખિતમાં કોઈ આધાર નથી હોતો. વાચકોને પડતી તકલીફ બદલ દિલગીરી સહ...

**મનુભાઈ કોટડીયા**
અધ્યક્ષ - સેતુ સમિતિ

# એલર્જી

ડા. પ્રિતી પોમલ-થાણા

એલર્જી એટલે અમુક વસ્તુની વિપરીત પ્રતિક્રિયા. મતલબ કે બે વ્યક્તિઓની એકસાથે એક જ વસ્તુ તરફ અલગ રીતે પ્રતિક્રિયા - એલર્જીક વ્યક્તિના શરીરમાં એન્ટિબોડી નામનું પ્રોટિન બને છે અને તત્વની વિપરીત અસર થાય છે. તે એલરજન તરીકે ઓળખાય છે. એલર્જી થતી હોય તેવા દર્દીઓના અભ્યાસમાં જણાવ્યું છે કે ઇમ્યૂનોગ્લોબ્યુલીન ઇ નામનું પ્રોટિન હોય છે. જ્યારે એલરજન અને એન્ટીબોડી મળે છે ત્યારે વિવિધ રસાયણો બને છે. આ બધામાં મોટેભાગે તો હીસ્ટામાઇન બને છે. જ્યાં સુધી આનું નિદાન કરાવતા નથી ત્યાં સુધી તેમને તેના પરિણામની જાણ થઇ શકતી નથી. આ પ્રકારના રિએક્શનો ગમે તેનાથી થઇ શકે છે.

સામાન્ય વાતચીતમાં આપણે રી-એક્શન શબ્દ વાપરીએ છીએ તેને ડોક્ટર (એલર્જીક-રી-એક્શન) કહે છે. આપણે અમુક વસ્તુઓ પ્રત્યે અણગમો હોય છે. તે રીતે આપણા શરીરને પણ તેના પોતાના અંગત ગમા-અણગમા હોય છે. જે વ્યક્ત કરવાની રીત એટલે એલર્જીક-રી-એક્શન. અસચિકર દૃશ્ય જોવાથી આંખો બંધ થઇ જાય છે, નાપસંદ ગંધ કે સુગંધથી નાકનું ટેરવું ચઢી જાય, ન ભાવતી વાનગી પીરસવામાં આવે એટલે ઉબકા થવા માંડે. અણગમતી વ્યક્તિના દર્શનથી મોઢું ચઢી જાય વગેરે પ્રતિભાવો એક પ્રકારનું રીએક્શન જ કહેવાય.

મહિલાઓ કપાળમાં જે સ્ટિકર જેવી બિંદી લગાવે છે, તેની પાછળ લગાવેલા ચીકણાં રસાયણના સ્પર્શથી કપાળની એટલા ભાગની ચામડી કાળી અથવા સફેદ થઇ જાય છે, અને ત્યાં ખંજવાળ આવ્યા કરે. રસાયણના કારખાનામાં નોકરી કરતા કર્મચારીને આખા શરીરે લાલ ચકામા થઇ આવે, માથાના વાળને રંગવાની ડાઇ થી તાળવું લાલઘૂમ થઇ આવે. વિવિધ પ્રકારના પ્રસાધનો જે કાયમી ઉપયોગમાં લેવાતા-શેવ લોશન આઇલેશ, હેર-સ્પ્રે તેમજ જવેરાતમાં ચોક્કસ પ્રમાણમાં નિકલ હોય છે જે નજીવા પ્રકારનું રિએક્શન લાવે છે, જેના પરિણામે ચામડીના રંગ વિકૃત બને છે. ઘણી સ્થિતિમાં ફોડલીઓ થઇ આવે છે. ત્વચાકોષના રોગમાં ફોડલીના સ્થાન પર ખંજવાળ આવે છે. લાગણીશીલતાના તંત્રમાં થતી ખલેલની અસર, એ ચામડીની એલર્જી થવાનું બીજું મહત્વનું કારણ છે. જો તમે ચિંતાગ્રસ્ત, આતુરતા અને તંગદિલી અનુભવતા હો, તાકાત કરતા વધુ શ્રમ કર્યો હોય તો એલર્જી થઇ શકે છે.

કેટલીક વ્યક્તિઓને ધૂળના રજકણોથી, અત્તરની વાસથી, ફૂલની સુગંધ થી, કૂતરો કે અન્ય પાળેલાં પ્રાણીઓની ચામડી ઉપરથી ઉડતા રજકણોથી શ્વાસતંત્રમાં એલર્જીક-રી-એક્શન થાય છે. છીંકો આવવા માંડે, નાકમાંથી પ્રવાહી ઝરવા લાગે અને વધારે અસર થાય તો દમ કે શ્વાસ પણ થઇ આવે.

મોટાભાગની વ્યક્તિઓને કોઇક ખોરાકની એલર્જી હોય છે. કોઇપણ ખાદ્ય પદાર્થ સંવેદનશીલ વ્યક્તિ માટે એલર્જી સાબિત થઇ શકે છે. એવા બાળદર્દીઓ પણ હોય છે. જેને ગાયના દૂધની એલર્જી હોય છે અને કાયમી ઝાડા-ઉલટી તથા પેટમાં દુખાવો થાય. દહીંના ફોદા જેવી ઉલટી થાય. માછલી, ઊંડા, સ્ટ્રેબેરી, કાંદા, ટીનબંધ ફળનો રસ, ઠંડી અને ભેજવાળી હવા, ઠંડા પીણા, ઠંડા ખોરાક, સાકર અથવા બીજા કોઇ મીઠાઇથી, પેસ્ટ્રી, આઇસ્ક્રીમથી એલર્જી થઇ શકે છે. જાણીને આશ્ચર્ય થશે કે કેટલાક લોકોને ઘઉં ખાવાથી આખા શરીરે ખંજવાળ આવવા માંડે.

કેટલીકવાર ચોક્કસ પ્રકારની ભારે ઔષધિઓથી તીવ્ર પ્રકારનું એલર્જીક રિએક્શન આવે છે અને તેના માટે ક્યારેક હોસ્પિટલની સારવાર જરૂરી બની રહે છે આવી સારવાર પછી દર્દી ક્યારેક ઔષધિની પ્રાથમિક અસરમાંથી મુક્ત થઇ જાય છે. પરંતુ તેના શરીરતંત્રમાં લાંબા સમયની ચોક્કસ અસર રહી જાય છે.

આ પ્રકારના રિએક્શનો ગમે તેનાથી થઇ શકે છે. તમારે માત્ર એ કારણ શોધી કાઢવાનું છે અને એ પદાર્થ વિશે જાણકારી મેળવી લેવાની છે. પ્રત્યેક વ્યક્તિના શરીરના બંધારણ અને તેના શરીરતંત્રની રચના તેની પ્રકૃતિ, તેની પસંદ અને નાપસંદગીને, હવામાનની સ્થિતિ તથા બાહ્ય પરિબળોનો શરીર દ્વારા અપાતો પ્રતિસાદ ધ્યાનમાં લઇને હોમિયોપેથીની દવાનો મેળ જામે છે. દવા એલર્જી સામે લડવા માટે તેના શરીરની અંદર શક્તિ અને મહત્વનું બળ નિર્માણ પામે છે. શરીરને જેના પ્રત્યે અણગમો છે તેવા પદાર્થો સામે આ દવાઓ શરીરને લાંબાગાળાની સલામતી બક્ષે છે. તમારી શારીરિક સંવેદના અને માનસિક આરોગ્યની વિગતો, ભૂતકાળમાં આવેલી માંદગી (તમે કોઇ ભારે ઔષધિ લીધી હોય તો) તે ઔષધિનો ઇતિહાસ, હોમિયોપેથીમાં નોંધ લેવાય છે. એકવાર સાચો બંધારણીય ઇલાજ નક્કી થઇ ગયા પછી તે ચોક્કસ પ્રકારની એલર્જી માટેની ખાસ દવા આપી શકાય છે. એલર્જી અસંખ્ય અને વિવિધ પ્રકારની છે અને તે પ્રત્યેક માટે ઘણા જુદા જુદા પ્રકારની હોમિયોપેથી દવા છે, જે તમને અસરકારક રીતે એલર્જીમાંથી મુક્ત કરાવી શકે છે. આ માટે કાળજીપૂર્વક તમારી વ્યક્તિગત કેસનો અભ્યાસ કરી તેને અનુરૂપ સાચો ઉપચાર કરવાની જરૂર છે. વિવિધ પ્રકારના મલમ અને એન્ટિ એલર્જીક, એન્ટિહિસ્ટેમાઇન્સ દવાઓથી તેની સારવાર કરવામાં આવે છે. પરંતુ કામચલાઉ રાહત પછી સમસ્યા ફરીવાર ઉભી થતી હોય છે. એથી એલર્જીના મૂળ કારણથી સારવાર થતી નથી. અને એકવાર આ એલર્જી જટિલ બની જતા એન્ટિહીસ્ટેમાન્સથી કામચલાઉ રાહત પણ મળી શક્તી નથી. આ સ્થિતિ ભયજનક છે અને એથી આડઅસર પણ ઊભી થઇ છે. જે મૂળ સમસ્યા કરતા વધુ ખરાબ છે.

અહીં યાદ રાખવાની બાબત એ છે કે પ્રત્યેક એલર્જી સંબંધિત વ્યક્તિને માફક દવાઓ જુદી જુદી હોય છે અને આથી તેની સારવાર પણ જુદા જુદા પ્રકારની હોય છે. હોમિયોપેથી પાસે એલર્જીથી છુટકારો મેળવવાનો માર્ગ છે જે અદ્ભૂત અસરકારક અને આડઅસરથી મુક્ત છે.

રસાસ્વાદ

# મીરાંબાઈનું કાવ્ય

**જીનલ સોલંકી - 'યાદ'**

આપણે બધા વારંવાર આ વાક્ય બોલીએ છીએ અથવા તો વાંચીએ છીએ કે 'ઓલ્ડ ઈસ ગોલ્ડ' પણ આપણે એને અનુસરતા નથી. આજના આ ઝડપી ટેકનોલોજીકલ યુગ અને તીવ્ર હરિફાઈમાં આપણે બધા એવા સપડાઈ ગયા છીએ કે જૂનું બધું જ જાણે માળિયામાં ચડાવી દીધું છે.

ત્યારે શ્રી અતુલ સોનીનું આ સુચન આવકાર્ય કે 'સેતુ'માં મીરા, નરસિંહ, અખાના પદોનું રસાસ્વાદ કરતં એક પેઈજ હોવું જોઈએ આ સુચનને આવકારી, મેં મીરાંબાઈના એક પદનો રસાસ્વાદ કરવાનો નમ્ર પ્રયાસ કર્યો છે.

પ્રથમ તો મીરાબાંઈનો ટૂંકો પરિચય આપું તો મીરાંબાઈનો જન્મ ૧૬મી સદીમાં થયો હોવાનું મનાય છે. મીરાબાંઈ મેડતા (રાજસ્થાન)ના વતની હતા. કૃષ્ણભક્તિને લગતા તેમના ઉત્તમ પદો આજે પણ દેશમાં ગવાય છે. મીરાંબાઈએ પોતાના જીવનના અંતિમ વર્ષો દ્વારિકામાં ગાળ્યા હોવાનું મનાય છે.

શું કરવું છે મારે, શું રે કરવું છે ?
હીરા માણેકને મારે, શું રે કરવું છે ?
મોતીની માળા રાણા, શું રે કરવી છે ?
તુલસીની માળા લઈને પ્રભુને ભજવું છે રે,
હીરના ચીર રાણા, શું રે કરવા છે ?
ભગવી ચીંધરીઓ પેંરી મારે ફરવું જ છે રે,
મહેલને માળા રાણા, શું રે કરવા છે ?
જંગલમાં ઝૂંપડીએ જઈને મારે વસવું છે રે...
બાઈ મીરાં કે પ્રભુ, ગિરિધર નાગર,
અમર ચૂડલો લઈને મારે ફરવું છે રે...

આ પદમાં મીરાંબાઈએ પોતાના સાંસારિક પતિ ભોજરાજને કહે છે કે, હીરા, માણેક, મોતીની માળાને હું શું કરીશ ? મારે તો તુલસીની માળા લઈ પ્રભુને ભજવું છે. હીરના ચીર એટલે કે રેશમી વસ્ત્રો.. મીરા કહે છે રેશમી વસ્ત્રોને હું શું કરીશ ? મને તો ભગવા ચીંથરા પહેરવા છે. આ મહેલ પણ મને ન જોઈએ મારે તો જંગલમાં ઝૂંપડી બાંધીને બેસવું છે. અંતિમ પદમાં મીરાંબાઈની શ્રી કૃષ્ણ પ્રત્યેની અમર પ્રિતીના દર્શન થાય છે. મીરાંબાઈ કહે છે કે મારો કૃષ્ણ તો અમર છે એટલે મારા ચૂડલા તો ક્યારે ભાંગવાના નથી મારે તો અમર ચૂડલો લઈને બસ ફરવું છે.

સંદર્ભ : મીરાંબાઈના ભજનો

વિરાસત

# પ્રાગમહેલ

**પી.જી. સોની 'દાસ'**

અગાઉના અંકોમાં આપણે કચ્છની વિરાસત વિશે જિલ્લા માહિતી અધિકારી શાંતિલાલ સોની દ્વારા સંપાદિત ના. સરોવરથી છેક ભુજથી ભાગોળે આવેલ ટપકેશ્વરી તિર્થસ્થાન વિષે જાણ્યું. હવે સેતુમાં આ અંકમાં ભુજનગરની આન,બાન અને શાન સમા ઐતિહાસિક પ્રાગમહેલ વિશે વધુ માહિતી જાણીએ.

કચ્છના જાજરમાન ઈતિહાસનો પરિચય કરાવતા ભુજનાં અનેક ઐતિહાસિક સ્થળો પ્રતિકોમાં આલીશાન દરબારગઢ અને તેમાં આવેલ પ્રાગમહેલનો પણ સમાવેશ થાય છે. મહારાવશ્રી પ્રાગમહેલ બીજા (ઈ.સ. ૧૮૬૦ - ૧૮૭૫) ના શાસનકાળ દરમ્યાન બાંધવામાં આવેલા પ્રાગમહેલનો દેખાવ બહારથી ચર્ચ જેવો લાગે છે. જેની બાંધણી ઈટાલિયન છે આ મહેલની બાંધણીના પથ્થરો કચ્છના અંધૌ ખાતેથી લાવવામાં આવેલ છે. આ મહેલમાં કચ્છ રાજ્યનો દરબાર ભરાતો, જ્યારે અમુક ખંડો મહારાવના અંગત ઉપયોગ માટે અનામત રહેતા. રાજ્યની લાયબ્રેરી પણ આ મહેલમાં રહેતી. હાલ આ મહેલની મધ્યમાં આવેલ દરબાર હોલ લોકો માટે ખુલ્લો મુકાયો છે.



સંગેમરમરની દિવાલો અને ચાઈના મોઝેક ટાઈલ્સની ફરસવાળો ઈટાલિયન ગૌથિક શૈલીનો આ ભવ્ય અને અલંકૃત વિશાળ પ્રાગમહેલ મહારાવશ્રી પ્રાગમલજીએ તે સમયમાં રૂ. ૩૧ લાખના ખર્ચે છેક ઈટાલીથી ઈજેનેરો અને કારીગરોને બોલાવીને ભારે શોખથી બંધાવ્યો હતો. જાણે આકાશને આંબવાની આકાંક્ષા રાખતો અને માનવીય પ્રતિભાની ઉતુગતાનું દર્શન કરાવતો આ મહેલ ઉપર ૪૫ મીટર ઊંચો બુલંદ કલોક ટાવર તસ્વીરમાં દૃશ્યમાન થાય છે. મા આશાપુરા આશીષ દે, હમીર સરડે હોંકારા..

# અમદાવાદની કચ્છી સમાજની અનોખી પહેલ

હંસરાજ કંસારા

**કચ્છી સમાજ - અમદાવાદ દ્વારા અમદાવાદને આંગણે નાતજાત કે ધર્મના ભેદભાવ વિનાની કચ્છી વિદ્યાર્થીઓ માટે હોસ્ટેલ તેમજ કચ્છી મુલાકાતીઓ માટે અતિથિગૃહનું આયોજન.**

૨૦૦૧ના ભૂકંપ પશ્ચાત કચ્છની કાયાપલટ થઈ છે. કચ્છમાં વિવિધ ઉદ્યોગો તેમજ ઉદ્યમોનો ઝડપથી વિકાસ થઇ રહ્યો છે. વિકાસની આ દોટમાં સામેલ થવા કચ્છનો યુવા વર્ગ થનગની રહ્યો છે. એ માટે યોગ્ય થવા એને ઉચ્ચ વ્યવસાયિક શિક્ષણ મેળવવું છે. અમદાવાદમાં વૈશ્વિક નામના ધરાવતી એવી અનેકવિધ શૈક્ષણિક સંસ્થાઓ છે. આ સંસ્થાઓનો એને લાભ લેવો છે. એ માટે અહીં એને પરવડે તેવા દરે, નાતજાતના ભેદભાવ ન હોય તેવા રહેઠાણની વ્યવસ્થા આવશ્યક છે.

ઉચ્ચ શિક્ષણ, ઉદ્યમ, ઉદ્યોગ અને ઉપયોગી સામાજીક સેવાઓ (મેડીકલ આદિ) ક્ષેત્રે અમદાવાદની જે વિશેષ ઓળખ છે, તે હવે 'વૈશ્વિક' બની છે. દેશ વિદેશના ઉદ્યમીઓ, અહીં શિક્ષાર્થીઓ, વ્યવસાયિકો, પ્રવાસીઓ આદિની મુલાકાતો ખૂબ જ વધી છે. આ મુલાકાતીઓમાં દેશ-વિદેશમા વસતા મૂળ કચ્છના વતનીઓ (આપણાં જ્ઞાતિસમાજના સભ્યો પણ) હોય છે. આમાંના ઘણા NRK. (Non- Resident Kutchees) ને અમદાવાદમાં પોતિકું લાગે અને આર્થિક દ્રષ્ટિએ પરવડે તેમજ નાતજાત ધર્મ આદિના ભેદભાવો નહોય, તેવા સ્થળે ટૂંકા સમયના રોકાણ માટે અતિથિગૃહની તાતી આવશ્યકતા છે.

શ્રી કચ્છી સમાજ-અમદાવાદ માં હાલે પાંચેક હજાર કચ્છી પરિવારોનો કાયમી વસવાટ છે. શ્રી કચ્છી સમાજ - અમદાવાદ આ કચ્છી પરિવારોની નાતજાત ધર્મના ભેદભાવ વિનાની, ટ્રસ્ટ એક્ટ હેઠળ રજીસ્ટર થયેલી એક માત્ર સામાજીક સંસ્થા છે. ઈ.સ. ૧૯૬૬ થી કાર્યરત આ સંસ્થા અમદાવાદ સ્થિત કચ્છી પરિવારોને સામુહિક હૂંફ પુરી પાડે છે. કચ્છ તેમજ અન્યત્ર વસતા કચ્છી પરિવારો સાથે સંવાદ-સાતત્ય જાળવે છે. વતનના બહુમુખી વિકાસ તેમજ હમવતનીઓના કલ્યાણ હેતુ થતા સાર્વત્રિક પ્રયાસોમાં આવશ્યકતા અનુસાર સહયોગ આપે છે.

**સમાજની પહેલ :** અમદાવાદના કચ્છી સમાજે કચ્છી વિદ્યાર્થીઓ તેમજ અમદાવાદ આવતા કચ્છી મુલાકાતીઓની ટૂંકા ગાળાના રહેઠાણની આવશ્યકતા ધ્યાનમાં લઈ, યોગ્ય સુવિધા વિકસાવવા પહેલ કરી છે.

અમદાવાદ શહેરના મધ્યવર્તી પોસ વિસ્તાર, જ્યાં મોટા ભાગની ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓ તેમજ આધુનિક વાણિજ્યીક સંસ્થાઓ સ્થિત છે. તેવા નવરંગપુરામાં એક ચાર માળના આધુનિક સંકુલ 'અનુરાધા એપાર્ટમેન્ટ' ની ખરીદી માટેના આ સંકુલના ડેવલપર સાથે સમજુતી કરાર તાજેતરમાં કરી લીધા છે. ૧૦૦૦ ચોરસ ફુટના પ્લોટ પર ૧૫૦૦ સ્કવેર ફુટનું બાંધકામ ધરાવતી આ બિલ્ડીંગમાં ત્રણ બેડરૂમ હોલ ધરાવતા ૧૬ અદ્યતન ફ્લેટસ છે. એના પ્રથમ બે માળમાં 'સુચના કેન્દ્ર' સાથેનું અતિથિગૃહ અને ઉપરના બે માળમાં કચ્છી છાત્ર - છાત્રાઓ માટે હોસ્ટેલ બનાવવાનું સમાજનું આયોજન છે. **આ અતિથિગૃહ તેમજ છાત્રાલયની સુવિધા નાતજાત ધર્મ, આદિ કોઈ પણ પ્રકારના ભેદભાવ વિના સર્વે કચ્છીઓ માટે ઉપલબ્ધ રહેશે. ચાલુ વર્ષે દરમ્યાન જ આ સુવિધા કાર્યરત થઈ જવાની સંભાવના છે.**

શ્રી કચ્છી સમાજ અમદાવાદના માનનીય ટ્રસ્ટીઓ અને શ્રેષ્ઠીવર્યોની પ્રેરણા અને પ્રોત્સાહન તેમજ વર્તમાન પ્રમુખશ્રી અશોક મહેતાની સમાજલક્ષી સેવાઓ અને વિકાસ કાર્યો માટેની લગન અને દક્ષતા સભર માર્ગદર્શન હેઠળ સમાજના પૂર્વ પ્રમુખશ્રી કૈલાસદાન ગઢવીના અધ્યક્ષ પદે ગઠીત એક વિશેષ સમિતિ દ્વારા આ પ્રોજેક્ટ કાર્યાન્વિત થઈ રહ્યો છે. સમાજના મંત્રી શ્રી ભરત ઓઝા, ખજાનચીશ્રી મનુભાઇ કોટડીયા તેમજ અન્ય સમર્પિત કાર્યકરો પ્રોજેક્ટ અંગે તનતોડ મહેનત કરી રહ્યા છે.

આપણી (કચ્છી મારૂં કંસારા સોની) જ્ઞાતિના વિદ્યાર્થીઓ તેમજ આપણા અમદાવાદ મુલાકાતીઓ પણ આ સુવિધાનો લાભ લઈ શકશે. આપણા અમદાવાદ જ્ઞાતિમંડળનું કચ્છી સમાજમાં સારું એવું પ્રતિનિધિત્વ રહ્યું છે. ૨૦૦૪-૦૬માં આ સમાજના સહમંત્રી તરીકે શૈલેષ કંસારા હતા, જેઓ હાલે ભુજમાં કચ્છમિત્ર દૈનિકના મેનેજર છે. એજ રીતે શ્રી અતુલ સોની ત્રણ વર્ષ આ સમાજના મંત્રી પદે હતા. તેઓશ્રી બંધારણ સમિતિના સદસ્ય છે. શ્રી મનુભાઈ કોટડીયા આ સમાજના ખજાનચી છે. તેમજ ટ્રસ્ટીમંડળમાં પણ છે. આ લખનાર કચ્છી સમાજના માસિક મુખપત્ર 'કચ્છશ્રુતિ' ના મુખ્યતંત્રીપદે અને ત્યારબાદ માનદ્ સલાહકાર તરીકે છેલ્લા દસથી વધુ વર્ષોથી રહ્યા છે. અમદાવાદમાં આપણી જ્ઞાતિના અન્ય કેટલાક પરિવારો પણ વર્ષોથી કચ્છી સમાજના સદસ્ય છે.

# જીવનનું રહસ્ય !!!

**મીતા એન. સોલંકી**

નમસ્કાર, મિત્રો ! મીતા'સ કોર્નરના કાયમી વાચકોને મીતાના નવા વર્ષના અભિનંદન ! વધુ એક વખત આપની સમક્ષ એક નવો સિક્રેટ લાવી છું... જીવનને આનંદથી તરબતર કરવા માટ. ગત આર્ટીકલના પ્રતિભાવો અને પ્રેરણા બદલ વાચક મિત્રોનો આભાર !!

જીવનમાં ક્યારેક કોઈ વાત, વસ્તુ, વ્યક્તિ કે વાંચન આપણે પ્રભાવિત કરી જાય છે, હાર્ટને 'ટચ' કરી જાય છે ! મિત્રની પ્રેરણાથી હમણા મારા હાથમાં જીવનના મહાન રહસ્યો છતી કરનાર, સરળ સમજ આપનાર, મહાન લેખિકા રોન્ડાબર્નની બેસ્ટ સેલર બુક 'ધ સિક્રેટ' હાથમાં આવી. વાંચી... વિચાર આવ્યો કે મારા વાચક મિત્રોને આ બુક્સ વિષે જણાવું.

મિત્રો આપણા રોજીંદા જીવનને, ધનને, સ્વાસ્થ્યને સંબંધોમાં સુખ કેવી રીતે પ્રાપ્ત થાય તેના રહસ્યો આ બુકમાં ખોલવામા આવ્યા છે.

જીવનમાં જે કાંઈ અસંભવ જણાય છે તે કેવી રીતે મેળવવું તે જણાવ્યુ છે. જ્યારે જીવન વેરવિખેર થઈ ગયું લાગે, કામનો બોજો ટકાવી નાખે, સંબંધો બગાડતા જણાય ત્યારે હતાશાના આવા સમયમાં શું કરવું એ વાંચવા લાયક છે..

હું રહસ્યનો સાર તમને ટૂંકમાં જણાવીશ મને વિશ્વાસ છે કે આ રહસ્યો જીવનમાં ખૂબ કામ લાગશે. તમે કોણ છો ? કેવા છો ? કયાં છો ? એ ચિંતા કર્યા વગર બુક્સમાં બતાવેલા રહસ્યો વડે તમને જે જોઈએ એ મેળવી આપવા સક્ષમ છે. સમગ્ર બ્રહ્માંડ ગુરૂત્વાકર્ષણ બળ અને આકર્ષણના નિયમને આધારે ચાલે છે. સમાન વસ્તુ કે વિચારો એકબીજાને આકર્ષે છે. તમે જેનો સૌથી વધુ વિચાર કરો તેવા તમે બની જાઓ છો. તમને જે જોઈએ છે તેનો વિચાર દ્રઢ કરો તો જેવું વિચારેલું હોય તેવું બને છે.

બીનજરૂરી અને ખરાબ વિચાર કરવા કરતા તમને જે જોઈએ છે, જે ગમે છે, જે કરવું છે. તેનો વિચાર કરવો.. પ્રેમનો ભાવ સહુથી શક્તિશાળી ભાવ છે. જેટલો આપશો તેટલો મેળવશો.

આજ સુધી એમ જ વિચાર્યુતુ કે માંગવું તો કોઈ પાસે નહિ ! જે નસીબમાં હશે ઈ મળશે ! પણ આ વિચારનો મૂળ સહિત છેદ ઉડાડતી વાત એ છે કે માંગો બ્રહ્માંડ પાસે.. જરૂર મળશે તેમની પાસેથી મળશે જ બીજું મેળવું જે મેળવવું છે તે કલ્પનામાં મેળવો. સાચે જ મળી રહેશે જીવનમાં.

દિવસનું આયોજન કરો. સંજોગ બદલવા છે ? તો વિચાર સરણી બદલો. કૃતજ્ઞતા વ્યક્ત કરો. ઋણી હોઈએ તો આભાર માનવો બહુજરૂરી છે. કૃતજ્ઞતા વ્યકત કરવામાં ગરીબ ન રહેવું.

અપેક્ષા એ સૌથી શક્તિશાળી તાકાત છે.. ધનના રહસ્યમાં સમૃદ્ધિ પર ધ્યાન કેન્દ્રીત કરો. અભાવ પર ધ્યાન કેન્દ્રિત કરવાથી સંપત્તિ મેળવવાનું અશખ્ય છે. સંબંધોનું રહસ્ય એ છે કે જ્યારે તમે સંબંધ બાંધવા ઈચ્છો છો ત્યારે તમારા વિચાર શબ્દો, કાર્યો અને તમારા સંજોગો તમારી આંતરિક ઈચ્છાઓનો વિરોધ ન કરતી હોવી જોઈએ !! કેટલી અદ્‌ભૂત વાત કરી છે !

તમને તમારી જાત પ્રત્યે અણગમો ન હોવો જોઈએ... તમારામાં જે સારી બાબતો કે ગુણ હોય તેના પર ધ્યાન કેન્દ્રીત કરશો તો આકર્ષણના નિયમ તમને તમારી ઉજ્જવળ બાજુના દર્શન કરાવશે જ. સબંધ સફળ બને તે માટે બીજી ્વ્યક્તિમાં જે ગુણ હોય તેના વખાણ કરો, ફરિયાદો બંધ કરી તેની શક્તિ પર ધ્યાન કેન્દ્રીત કરશો તો બદલામાં પણ તેવી જ શક્તિ મળશે..

આવા તો અનેક રહસ્યો જેવા કે સંસારના, તંદુરસ્તીના, નક્કર રહસ્યો જણાવ્યા છે. વિચારોમાં જાગ્રત અને પોઝેટીવ રહો. આનંદ અનુભવો. ગમતી વસ્તુ કરો. તો ખુશી જરૂર મળશે.

રહસ્યોનું જ્ઞાન મળ્યું છે તેનું શું કરવું એ તમારા હાથાં છે. તમે જે પંસદ કરો તે મળશે જ. બ્રહ્માંડની તમામ શક્તિઓ તમને આધીન છે. આ છે 'ધ સિક્રેટ' જીવનનું...

## જ્ઞાતિસેતુના નવા સભ્યો

૧. **શીવ સાગર જ્વેલર્સ**
સોની દિનેશકુમાર લાલજીભાઈ (બારમેડા)
મુ. નેત્રા માતાજીના
મો. ૯૪૨૭૭૬૨૦૬૩

૨. **ઈશ્વરલાલ વિશ્રામભાઈ સોની (બારમેડા)**
મકાન નં. ૧૪૫, ભટાર ટેનામેન્ટ,
સુયોગનગર, સુરત.
મો. ૯૫૩૭૫૨૬૨૩૬, ૯૮૨૫૮૪૧૩૭૭

3. **લાલજીભાઈ (જયેશભાઈ) વિશ્રામભાઈ બુદ્ધભટ્ટી**
મેઘપર (કુંભારડી)
આદીપુર-કચ્છ.

## છમ છૂ પેલો પુડલો

લતાબેન સોલંકી

(ગતાંકથી શરૂ) ચંદુ બધુ કામ કરતી રમતી, ફરતી પણ ભીમાશંકરનો ભય એના મનમાંથી જતો ન'તો. માંની પડખે પણ તે શાંતિથી ઊંઘી ન શકી.

બાજુના ગામમાં નદી કિનારે પૂનમનો મેળો ભરાવાનો હતો. આટલા વર્ષમાં કદી પણ એ મેળે ગઈ ન'તી અને ક્યાથી જવાય મેળામં જવા માટે પૈસા જ ક્યાં હતા ? આ વર્ષે તો સાતે બહેનોએ મા-પિતા પાસે મેળામાં જવાની વાત કરી. માતા-પિતાએ રાજીખુશીથી ચાલવાની હા પાડી.

મેળાનો દિવસ આવી પહોંચ્યો. સાતે કિંમતી વસ્ત્રો આભૂષણો પહેર્યા. પગમાં જરીવાળી મોજડી પહેરી. ઘાઘરી પોલકુ ને માથે રેશમી જરી ભરેલી ઓઢણીમાં સાતે બહેનોનો ઠસ્સો જોવા જેવો હતો. ચંદુકાણીએ તો વાળની લટમાં મોતી પરોવ્યા હતા. બે લટ પોતાની આંખ પાસે આવે તે રીતે ગોઠવી જેથી એની આંખની ખામી કોઈની નજરે ન ચડે. પિતાએ વેલ (ગાડુ) શણગારી બળદને ગળે ઘુઘરા બાંધ્યા. શીંગડાને ચાંદીથી મઢ્યા જરી ભરેલા પડદાથી વેલ શોભી રહી. મેળામાં પહોંચતા કલાક લાગતો. વાતોમાં અને મેળામાંથી લેવાની જુદી જુદી વસ્તુઓની યાદી કરી કરીને બનાવતા. મેળો ક્યારે આવી ગયો ખબર જ ન પડી. મેળામાં બંગડી, બકલ, રમકડા, ખાણીપીણી, ઘરવપરાશની વસ્તુઓ, ભગવાનની છબીઓ, વસ્ત્રો, નાના મોટા હથિયારોની દુકાનો, જાદુનો શો, ચકડોળ, મનોરંજન અન્ય સાધનોથી મેળો ભર્યો ભાદર્યો લાગતો હતો. ભૂંગળા મોટા અવાજમાં શોર ફેલાવી રહ્યા હતા.

સાતે બહેનો માતા-પિતા સાથે મેળાનો આનંદ લૂંટી રહી હતી. આટલા બધા વર્ષોની કસર કાઢતી હોય તેમ થેલો ભરી ખરીદી કરી. જલેબી, ઘેવર, ગાંઠિયા, ભજીયાનો ભરપેટ નાસ્તો કર્યો. બસ આનંદ જ આનંદ ખુશી જ ખુશી આટલી ખશી જીંદગીમાં પહેલી વાર માણી હતી. બસ હવે ઘેર જવાની તૈયારી હતી. આખું કુટુંબ વેલમાં (ગાડામાં) બેસવાની તૈયારી કરતા હતા કે ઓંચિતાની મેળામાં નાસભાગ થવા લાગી. ભાગો ભાગો.. બચાવો બચાવોની ચીસોથી આખું વાતાવરણ ભયભીત થઈ ગયું.

ચંદુ પોતાના કુટુંબ સાથે ગાડા નીચે સંતાઈ.. લોકોનો અવાજ સાંભળતો હતો. ભીમાશંકર આવ્યો ભીમાશંકર આવ્યો.. ચંદુ ભાગો ... ભાગો... ભાગો.. ભીમાશંકરના માણસો બધાને રોકી એમની પાસેથી દાગીના પૈસા લૂટી રહ્યા હતા. ચંદુનો અંદાજ સાચો પડ્યો એણે સામેથી ભીમાશંકરને આવતો જોયો. હા.. એજ ભીમાશંકર હતો. ભીમાશંકરે બધા ગાડાનો બળદો છોડી નાખ્યા અને ધ્રુજતા માણસોને પકડી પકડી બહાર કાઢ્યા કોઈ પણ પ્રતિકાર કર્યા વગર જે હતું તે બધું આપી દીધું. ચંદુના ગાડાને ખાલી જોઈ તે બરાડ્યો ક્યા ગયા બધા અને જોરથી ગાડાને લાત મારી ચંદુએ લાજ કાઢી મોં ઢાંકી લીધું. ભીમાશંકરે દાગીના આપવાનું કહ્યું બધાએ પોતાના દાગીના આપવા માંડ્યા. ભીમાશંકર ચંદુ પાસે આવ્યો. ચંદુના હાથમાં હીરા મઢેલા પાટલા જોઈ તેને શક પડ્યો તેણે ચંદુનો ઘૂંઘટો ખોલી નાખ્યો. ભીમાશંકરે જોરથી ત્રાડ પાડી. ચંદુડી.. આખરે તું હાથમાં આવી જ ગઈ.

ચંદુના પિતા હાથ જોડી ચંદુને છોડી મુકવા કરગરવા લાગ્યા. પણ ભીમાશંકર ચંદુને ગાડામાં નાખી. ગાડુ હંકારી ગયો. ઓચિંતાનો વરસાદ વરસવા લાગ્યો. વરસાદનું જોર વધવા લાગ્યું. ગાજવીજથી વાતાવરણ ડહોળાતું ગયું. થોડી દૂર ગયા પછી રસ્તામાં નદી આવી. નદીનાં પાણીમાં ગાડુ તણાવા લાગ્યું. ભીમાશંકરે ચંદુને ખભે બેસાડી બહાર નીકળવા પ્રયત્ન કરવા લાગ્યો. કિનારો આવ્યો ત્યાં સુધી તે થાકીને લોથપોથ થઈ ઢળી પડ્યો. ચંદુ એની બાજુમાં બેસી રહી. ઘોર અંધકાર અને વરસાદના કારણે તેને કશું સૂજતું ન'તું. ચંદુએ બચાવો બચાવોની બૂમો પાડવા માંડી. બૂમો પાડતા પાડતા તે થાકી છતાં તેણે ફરી બૂમો પાડી બચાવો.. બચાવો.. તેનો પ્રયત્નો ફળ્યો. બે પ્રૌઢ જેવા લાગતા વ્યક્તિઓએ તેની પાસે આવી પૂછ્યું શું થયું ? ચંદુ કશું બોલી ન શકી રડવા માંડી અને ભીમાશંકર તરફ આંગળી ચીંધી. ભીમાશંકરનું ભયાનક રૂપ વીજળીના પ્રકાશમાં જોઈ ચંદુને કહ્યું છોકરી આને અહીં જ મરવા દે. તું ચાલ અમારી સાથે આ ભીમાશંકર મહાભયંકર મામસ છે. એણે કંઈકની જીંદગી હણી છે. કેટલાયને બેઘર બનાવ્યા છે. ભીમાશંકરના મરવાથી ધરતી પરનો થોડો બોજ હળવો થશે. પણ ચંદુએ કહ્યું ના આમ આપણે એને મરવા ન દઈ શકીએ. જો આપણે એને મરવા માટે છોડી દઈએ તો આપણામાં અને એનામાં ફેર શો ?

બંનેએ ચંદુને સમજાવવાના ખૂબ પ્રયત્ન કર્યા પણ ચંદુ એકની બે થઈ. છેવટે નજીકના ગામમાંથી ગાડુ મંગાવી. બેહોશ ભીમાશંકરને વૈદજી પાસે લઈ ગયા. વૈદજીએ નાડ તપાસી ભીમાશંકર માટે દવા આપી કહ્યું આ દવા આપતા રહેજો.. શેક તાપ કરતા રહેજો મહીના બે મહીના અથવા તો છ મહીના પણ લાગી શકે આવા મજાના શાયદ એની યાદદાસ્ત પણ ચાલી જાય. કશું નક્કી કહી શકાય એમ નથી.. (ક્રમશઃ)

## શબ્દ કસોટી

**આડા અવળા અક્ષરો ગોઠવો.**

કેટડી લોલેખશિ તીભાયર

પુઘીબાગા પ્રાલઝઈબેનો વાદામઅદ

કાવટાડાબ કાનિરઆ રાયતઉણ

પાઈજબા

**ઊંચુ સીધુ એક સરખું**

લીમડી ગામે ગાડી મલી, વાહ રે હવા, નવીન, મા તે મા,

**જોડકા જોડો**

જલેબી કોકો પાવડર

આઈસ્ક્રીમ બાજરા

ચોકલેટ ઘઉં

રોટલા મેંદો

પુરી દૂધ

**પ્રાણી કેવી રીતે ઊંઘે**

માછલી - ખુલ્લી આંખે

ચામાચિડીયા - ઊંધા લટકીને (૧૧ કલાક)

ઘોડો - ઊભા ઊભા (૩ કલાક)

ચોપગા પ્રાણી - બેસીને (૫ થી ૬ કલાક)

(ગાય,ભેંસ,ઊંટ)

કીડી મકોડા - અનેક વખત (૧ મિનિટ)

**અહીં બાળકો સ્પેલિંગ જરા આડા અવળા થઈ ગયા છે. તમે તેને બરાબર ગોઠવી અર્થપૂર્ણ રીતે સાચા સ્પેલિંગ બનાવી શકશો ને ?**

1. GEG 2. EHN

3. KLOY 4. KEAB

5. ESHLL 6. HCICENK

7. CACTH 8. CUTINABRO

9. RBOYOME

**અંકને ખાનામાં ગોઠવો ડાબેથી જમણે**

૧. ૧૬૫ + ૨૫૬

૪. ૯૪૩ + ૪૬૮

૬. ૧૧૫૯ + ૪૪૫૭

૭. ૪૩૯ + ૩૨૦

**ઉપરથી નીચે**

૧. ૨૮૬૩ + ૧૭૫૨

૨. ૫૬૩ + ૧૫૮૩

૩. ૮૯૬ + ૨૬૮

૫. ૧૨૫૨ + ૪૪૭

| | | | | | |
|---|---|---|---|---|---|
| | | ૪ | ૨ | ૧ | |
| ૨ | | | | | ૩ |
| ૪ | | | ૫ | | |
| | | ૬ | | | |
| | | | | | |
| | ૭ | | | | |

**પ્રેષખ : રોહીણીબેન બુદ્ધભટ્ટી**

## એક વિચાર

આપણે જ્યારે બોલીએ છીએ ત્યારે આપણા બોલનો સામેની વ્યક્તિ કેવો પ્રત્યાઘાત આપશે તે જાણીએ છીએ ? હા, ના. બંને જવાબો કદાચ સાચા છે. એક કિસ્સો અહીં રજૂ કરી પ્રસ્તુત છે. જે સત્ય ઘટના પર આધારિત છે. જેનો સાક્ષાત્કાર આ લખનારને થઈ ચૂક્યો છે.

ત્રણ સખીઓ છે મીના, રીટા અને શીલા ત્રણેય નાનપણથી છેક લગ્ન થયા ત્યાં સુધી એકમેક ના પડછાયાની જેમ જ મોટી થઈ છે. પરંતુ લગ્નપછી જુદાઈ આવી અને પોતપોતાના સાસરે સ્થિર થઈ.


પરંતુ આ ત્રણમાંથી શીલા જેને નાનપણમાં બહાર ફરવા જવું કે પિકચર જોવા જવું વગેરે મોજશોખ માટે તેની જ સખી રીટાએ ખૂબ જ મદદ કરી અને બધો જ ખર્ચો તેણીનો રીટા ઉઠાવતી આવી. હવે પરણીને શીલા ખૂબ જ તવંગર કુટુંબમાં ગઈ. અને રીટા મધ્યમ પરિવારની વહુ બની છે. ત્યાં મીના તો આ બંને બહેનપણીઓ સાથે સમભાવથી જ વર્તે છે. જ્યારે શીલા આ બધુ નાનપણની મિત્રતા થી જુવાની સુધીના દિવસોને ભુલાવીને બેઠી છે. કોઈ જ કારણ વગર જ્યારે રીટા મીનાને મળે છે ત્યારે શીલા અંગે ચર્ચા ખૂબ જ કરે છે. ગર્વ લેવા જેવી વાત ફક્ત એક જ છે કે તેણી ખૂબ જ તવંગર છે અને મીના અને રીટા મધ્યમ પરિસ્થિતિ વાળા કુટુંબની વહુઓ છે. હવે શીલા જ્યારે પણ આ બંને સખીઓને મળે છે ત્યારે તેમને પોતાના વાક્બાણથી ઘાયલ કરે છે. જેમાં આ બંને સખીઓનો કોઈ જ વાંક નથી તો આવું કેમ ?

જ્યારે મિત્રતા ગરીબ તવંગરના ભેદ રાખી શકે નહિ. તેવુ માનતી મીના અને રીટા આને કારણે ખૂબ જ દુઃખી થાય છે. શીલા જયારે છેલ્લે રીટાને મળી ત્યારે શીલાએ તેને પોતાના વાક્બાણથી ઘાયલ કરતાં કહ્યું કે તારા નસીબમાં તો પથરા જ પાક્યા લાગે છે કે તારા નસીબનું આડે પાંદડું હટતું જ નથી. આ સાંભળી રીટાને જે દુઃખ થયું અને રડતી આંખોએ મને રડાવી છે તે જોઈને એવું જ લાગ્યું કે આવી સખી છે એના કરતા તો કોઈ મિત્રો જ ન હોય એ સારું.

વાંચકો તમને મારી નમ્ર વિનંતી છે કે જો આવા તમારે પણ મિત્રો હોય તો એમનાથી દૂર જ રહેજો કારણકે મિત્રોમાં મનમુટાવ હોય પણ મનને દુઃખી કરે તેવા મનદુઃખ ન હોવા જોઈએ.

મકાન નં. ૧૪૫,` વધુ લખાયું હોય તો માફ કરશો પણ મારા દિલને જે દુઃખ લાગ્યું તે વર્ણવ્યુ છે જે સાક્ષીરૂપે મેં સહ્યું છે.

## તફાવત શોધો



## લગ્ન વિષયક

**ઉમેદવારનું નામ :** વિવેક હસમુખલાલ સાકરીયા

**સરનામું :** ૧-બી પટેલ સોસાયટી, હાઈવે રોડ, મુ.પો. ખેડબ્રહ્મા, જી. સાબરકાંઠા



**જન્મ તારીખ :** ૧૪-૧૨-૮૬

**જન્મ સ્થળ :** ખેડબ્રહ્મા

**જન્મ સમય :** ૪.૪૦ સાંજે

**જાતિ :** યુવક **ઊંચાઈ :** ૫.૧૧ ફુટ

**વજન :** ૭૦ કિલો

**અભ્યાસ :** બી.કોમ.

**વ્યવસાય :** કલ્યાણ જવેલર્સ ઈન્ડીયા પ્રા. લી. મેનેજર-વડોદરા મુકામે

**વ્યવસાયનું સરનામું :** વડોદરા

**મો. :** ૯૦૩૩૭૮૯૮૨૬, ૯૪૨૭૫૯૪૬૭૩

**માસિક આવક :** ૨૫,૦૦૦/-

**કૌટુંબિક વિગત :**

**પિતા :** સ્વ. હસમુખલાલ લાલજીભાઈ સાકરીયા

**માતા :** રીટાબેન હસમુખલાલ સાકરીયા

**મોસાળ :** સ્વ. પરસોત્તમભાઈ રાઘવજીભાઈ કટ્ટા-માધાપર

## લગ્ન વિષયક

**ઉમેદવારનું નામ :** દેવી રાજીવકુમાર બીજલાણી

**સરનામું :** ૧૨, 'નિરાંત' ગોરધનપાર્ક, શાંતિનગર સોસાયટી, આશ્રમરોડ, જુના વાડજ, અમદાવાદ-૧૩



**જન્મ તારીખ :** ૨૧-૨-૮૫

**જન્મ સ્થળ :** અમદાવાદ

**જન્મ સમય :** ૧૦.૦૨ રાત્રે

**જાતિ :** યુવતી

**ઊંચાઈ :** ૫.૪ ફુટ

**વજન :** ૬૦ કિલો

**અભ્યાસ :** બી.કોમ. (કોમ્પ્યુટર કોર્સ)

**શોખ :** વાંચન, સંગીત

**વ્યવસાય :** –

**વ્યવસાયનું સરનામું :** –

**મો. :** ૦૭૯-૨૭૫૫૭૮૦૧

**માસિક આવક :** –

**કૌટુંબિક વિગત :**

**પિતા :** રાજીવકુમાર **માતા :**

**ભાઈ :** **બહેન :**

**મોસાળ :** મોહનલાલ શીવજી પોમલ

## લગ્ન વિષયક

**ઉમેદવારનું નામ :** મિતુલ મહેશભાઈ છત્રાળા

**સરનામું :** અંજારીયા ફળિયા, કાલિકા રોડ, ભુજ



**જન્મ તારીખ :** ૧૧-૪-૮૭

**જન્મ સ્થળ :** હિંમતનગર

**જન્મ સમય :** ૩.૪૫ સાંજે

**જાતિ :** યુવક

**ઊંચાઈ :** ૫.૧૧ ફુટ

**વજન :** ૬૫ કિલો

**અભ્યાસ :** ધો. ૧૦

**વ્યવસાય :** ચાંદીકામ

**મો. :** ૯૯૭૮૮૬૨૫૨૫, ૮૪૬૯૬૯૨૫૮૨

**માસિક આવક :** ૨૦,૦૦૦

**કૌટુંબિક વિગત :**

**પિતા :** મહેશભાઈ વેણીલાલ છત્રાળા

**માતા :** દક્ષાબેન હેશભાઈ છત્રાળા

**મોસાળ :** કાંતિલાલ જીવરામ બારમેડા - મોડાસા રોડ, તલોદ

# શિયાળું - સ્પેશીયલ

હંસાબેન સોની

## ખજાને ડીલાઈટ

**સામગ્રી :** ખજૂર-૫૦૦ ગ્રામ, ટોપરાનું ઝીણું ખમણ-૧૫૦ ગ્રામ, માવો - ૧૫૦ ગ્રામ, ખાંડ - ૩૦૦ ગ્રામ, ૧ વાટકો મલાઈ, ૧ પેકેટ મેરી બિસ્કીટ, દૂધ - ૧ કપ, તજ, લવીંગ, એલચી - સૂંઠનો ભૂકો બે ચમચી, કાજુ-બદામ-પીસ્તા ૧૦૦ ગ્રામ, ઘી-બે ચમચા, ચાંદીનો વરખ, ચેરી.

**રીત :** ખજૂરને ઠળીયા કાઢી દૂધમાં એક કલાક પલાળવા. તે પછી કઢાઈમાં ઘી ગરમ મૂકી ખજૂરને સાંતળો,. લચકા જેવું થાય ત્યારે માવાને ખમણીને ઉમેરવો. આમ પૂરણ તૈયાર કરવું.

ટોપરાનું ખમણ, મેરી બિસ્કીટનો ભૂકો કરી મલાઈમાં મિક્સ કરવું. એક તપેલીમાં ખાંડ લઈ તેની કડક ચાસણી બનાવવી. અડધી ચાસણીને ખજૂરવાળા પૂરણમાં ઉમેરવી. બાકીની ચાસણી ચોપરાના છીણવાળા પૂરણમાં ઉમેરવી. ત્યારબાદ ખજૂરવાળા પૂરણમાં સૂંઠ, એલચી વગેરેનો ભીકો તેમજ બદામ, કાજુ, પીસ્તાના કટકા કરી મિક્સ કરવા. એક થાળીમાં ઘી લગાવી ખજૂરને પૂરણ અડધું પાથરવું. પછી ખજૂરનું બાકીનું પૂરણ પાથરવું. બદામ-પીસ્તા-કાજુના કટકા પાથરવા હાથેથી દબાવવું. ચાંદીના વરખથી ડેકોરેટ કરવું.

## ખજૂનીર સૂકી કચોરી :

**સામગ્રી :** ખજૂર - ૩૦૦ ગ્રામ, અડધો કપ મમરા, અડધો કપ દાળીયા, મેંદો - ૧૫૦ ગ્રામ, ચણાનો લોટ - ૧૦ ગ્રામ, તેલ - ૩૦૦ મિલી, તલ - ૧ ચમચો, વરીયાળી - ૧ ચમચો, ધાણાજીરૂં - ૧ ચમચી, ખસખસ અડધી ચમચી, લાલ મરચું ૧ ચમચી, હીંટ ચપટી, સ્વાદ મુજબ મીઠું, સૂકા ટોપરાનું છીણ ૧ ચમચો.

**રીત :** મેંદામાં મીઠું, ચણાનો લોટ, એક ચમચો તેલ નાંખી પાણી વડે લોટ બાંધી તેના લૂઆ કરી ઢાંકીને મૂકો દો. ખજૂરને ધોઈ, ઝીણી સમારી લો. મમરાને ધોઈ લો. ચણા ખાંડી લઈ તેને ખજૂરમાં ભેળવો. તેમાં તલ, વરીયાળી, ગરમ મસાલો, લાલ મરચું, ધાણાજીરૂં સ્વાદ મુજબ ૧ ચમચી તેલ ગરમ કરી તેમાં હીંગ નાંખી મસાલમાં ભેળવો. છેલ્લે ટોપરાનું છીણ અને ખસખસ ભેળવો. લુઓ લઈ તેને હથેળીમાં ચપટો કરી મસાલો ભરી ગોળોવાળી લો. ધીમા તાપે તેને તળી લો.

## સાથવાના લાડુ :

**સામગ્રી :** બે વાટકી સફેદ જુવાર, ૧ વાટકી ઘઉં, દોઢ વાટકી દાળીયા, અડધી વાટકી ચોખ્ખું ઘી, દોઢ વાટકી ઝીણો સમારેલો ગોળ.

**રીત :** પહેલા જુવારને બરાબર શેકી. ત્યારબાદ ઘઉં શેકી લેવા. ત્યારબાદ જુવાર, ઘઉં અને દાળીયા ભેગા કરી દળી લેવા. લોટ ચાળવાની ચાળણીથી ચાળવો. એક થાળીમાં ઠરેલું ઘી લેવું. તેમાં ગોળ નાંખીને ફીણી લેવું. તેમાં દળેલો સાથવાનો લોટ નાંખવો અને લાડુ વાળવા.

## હોલી સ્પેશિયલ ઠંડાઈ

**સામગ્રી :** ૪ કપ જાડું નાળિયેરનું દૂધ, અડધો કપ ખજૂરની ધૂ સાથે વાટેલી પેસ્ટ, ૧/૪ કપ ગુલાબની સૂકી પાંદડીઓ, ૩ ટે. સ્પૂન મગજતરી, ૧ ટે. સ્પૂન સફેદ મરી, ૩ ટે. સ્પૂન ખસખસ, ૧૦ નંગ છાલ કાઢેલી બદામ, ૩ ટે. સ્પૂન વરીયાળી, અડધો કપ ખાંડ, ૧ ટે. સ્પૂન એલચી દાણા, ૧ ટે. સ્પૂન કેસર, ૧ કપ સાદુ દૂધ.

**રીત :** ગુલાબની પાંખડીઓ, મગજતરી, ખસખસ, મરી, વરીયાળી, એલચી, બદામ બધાને ગ્રાઈન્ડ કરી ઝીણો પાવડર બનાવી લો. હવે તે પાવડરને સાદા દૂધમાં ૪-૫ કલાક પલાળી લો. ત્યારબાદ નાળીયેરના દૂધમાં ખજૂરની પેસ્ટ, ખાંડ તથા સાદા દૂધમાં પલાળેલો પાવડર સહિત બધું નાંખી ચર્ન કરો. બરફનો ભૂકો નાંખી તારની ગળણીથી ગાળી ઠંડુ સર્વ કરો. સર્વ કરતી વખતે કેસર મિક્સ કરો.

## ડેટ નટ રોલ્સ

**સામગ્રી : પેન કેક માટે :** ૧ કપ મેંદો, ૨ ટે. ઘી, જરૂરી પાણી. સ્ટફિંગ માટે : અડધો કપ કાજુ, અખરોટ, બદામના ટુકડા, અડધો કપ ખજૂર/ખારેકના ટુકડા, ૧ ટે. સ્પૂન આઈસીંગ સુગર, ૧-૨ ડ્રોપ્સ કેવડા એસેન્સ, તળવા માટે ઘી અથવા તેલ.

**રીત :** પેન કેક માટેની સામગ્રી મિક્સ કરી પુડા ઉતારવા. સ્ટફિંગ માટેની સામગ્રી મિક્સ કરી તેને પુડામાં ભરી રોલ વાળી લો અને રોલના છેડાને મેંદાની પેસ્ટથી ચોંટાડી દો. ઘી કે તેલમાં તળો.

સાકર અને પાણી મિક્સ કરી દોઢ તારની ચાસણી બનાવી તેમાં તળેલા રોલને પાંચ મિનિટ રાખી બહાર કાઢી ત્રાંસા કાપી સર્વ કરો. સ્ટફિંગમાં ઈચ્છા હોય તો ફ્રેશ નાળિયેરનું ખમણ તથા ઝીણી કટકી નાંખી શકાય.

## કવિતા

મા મારે નિશાળે શાને જાવું ?
જો ને પેલું ચકલીનું નાનું બચ્ચું
દન આખો મા સાથે બોલે કાલુ કાલુ
મા મારે નિશાળે શાને જાવું ?
મા મારે નિશાળે ટિફિન શાને ખાવું ?
જો ને પેલું ચકલી પોતાની ચાંચથી
બચ્ચાની ચાંચમાં મૂકે ખાવાનું મજાનું
મા મારે નિશાળે શાને જાવું ?
મા હું ખભે થેલો શાને લટકાવું ?
જો ને પેલી ચકલી બચ્ચાને
આકાશે ઉડતા શીખવે છે વાલું વાલું
મા મારે નિશાળે શાને જાવું ?
મા મારે નિશાળના ઓરડે શાને બેસવું ?
મને તારી સાથે નદી ખેતરે ખુલ્લામાં ફરવું
પછી તારે ખોળે શાંતિથી પોઢી જાવું
મા મારે નિશાળે શાને જાવું ?
બચ્ચા તારે નિશાળે એટલે જાવાનું
કે ભણતર છે ઈન્દ્રધનુષી પાંખ
આપે છે તડકે છાંયે બળ જીવવાનું
બચ્ચા તારે નિશાળે એટલે જાવું.

(ટબલી)

## લગ્ન વિષયક

**ઉમેદવારનું નામ :** આશિષ ચંદુભાઈ બારમેડા
**સરનામું :** પ્રતિશ ઈન્ડસ્ટ્રીઝ, ૩૯૦, જીઆઈડીસી મકરપુરા, વડોદરા-૧૦



**જન્મ તારીખ :** ૨૧-૯-૮૬
**જન્મ સ્થળ :** વડોદરા
**જન્મ સમય :** ૮.૨૦ સવારે
**જાતિ :** યુવક
**ઊંચાઈ :** ૫.૬ ફુટ
**વજન :** ૬૫ કિલો
**અભ્યાસ :** ધોરણ-૧૨
**વ્યવસાય :** ફેમીલી બિઝનેસ
**મો. :** ૦૨૬૫-૨૬૪૩૧૫૫, ૯૮૨૪૭૨૭૨૯૨
**માસિક આવક :** ૨૦,૦૦૦/-
**કૌટુંબિક વિગત :**
**પિતા :** ચંદુભાઈ વેલજીભાઈ બારમેડા
**માતા :** ભાનુબેન ચંદુભાઈ બારમેડા
**મોસાળ :** દેવશીભાઈ સુંદરજી - નાના ફળીયા ભુજ

## પંચતંત્રની કથા

એક ડુંગરાળ પ્રદેશની તળેટીમાં એક ઘેઘુર ઝાડ હતું. એની ડાળીઓ આભને આંભતી હતી. એ ઝાડ ઉપર એક પંખી રહેતું હતું. પંખીનું નામ હતું - સિન્ધુક. અચરજની વાત એ હતી કે સિન્ધુક ચરકે ત્યારે એની અઘારમાં સોનાના કણ નીકળતા ! એક વાર એક પારધી ફરતો ફરતો એ બાજુ જઈ ચડ્યો. થોડો વખત એ ઝાડ નીચે પોરો ખાવા આડો પડ્યો. કુદરતનું કરવું કે પેલો મુરખ સિન્ધુક પારધીની ઉપર ચરક્યો. ચરકમાં સોનાના કણ જોઈ પારધીની આંખો ચમકી. એણે ચણ નાંખી જાળ પાથરી. થોડીજ વારમાં સિન્ધુક પાથરેલી જાળમાં સપડાઈ ગયો.

પારધી સિન્ધુકને લઈ હરખાતો હરખાતો પોતાને ઘેર ગયો. એણે સિન્ધુકને પીંજરામાં પૂરી દીધો. બે દિવસ પછી એને વિચાર આવ્યો કે આ પંખી વિશે જો રાજાને જાણ થશે તો એ પંખી ઝૂંટવી લેશે. એના કરતા લાવને હું જ આ પંખી રાજાને ભેટ ધરું, તો રાજા જરૂર મને સારું ઈનામ આપશે.

રાજને પંખી આપતા પારધીએ કહ્યું, 'મહારાજ, આ એક નવી નવાઈનું પંખી છે. એની અઘારમાં સોનું નીકળે છે. આવું કિંમતી પંખી મુજ રાંકની ઝુંપડીમાં ન શોભે. માટે આપ આ મારી નાનકડી ભેટ સ્વીકારો.

રાજાએ એના નોકરોને આ પંખીને જતનથી રાખવાનો હુકમ કર્યો. મંત્રીને આ વાત યોગ્ય ન લાગી. આથી તેણે કહ્યું, ક્ષમા કરજો મહારાજ, વન વગડામાં રહેતા આ પારધીએ કાંઈક દ્રવ્ય મેળવવાની લાલચે આવું વિચિત્ર પંખી ભેટ ધર્યું છે. પરંતુ આપ જ વિચારો કે શું આ શક્ય છે ? લોકો આપણા ઉપર હસશે. માટે આ પારધીને થોડાક પૈસા આપી રવાના કરો અને આ પંખીને છોડી મૂકો.

મંત્રીની વાત માની રાજાએ પંખીને ઊડાડી મૂકવાનો હુકમ કર્યો. જેવું સિન્ધુક નોકરોના હાથમાંથી છૂટ્યું ત્યાં જ સિન્ધુકે સહુની સામે સોનાની અઘાર કરી અને કહ્યું :

પૂર્વન્તાવદહં મૂર્ખો દ્વિતીયઃ પાશબન્ધકઃ ।
તતો રાજા ચ મન્ત્રી ચ સર્વ વૈ મૂર્ખ મંડલમ્ ॥

પહેલો મૂર્ખ હું કે મેં પારધીની સામે અઘાર કરી. બીજો મૂરખ તે પારધી કે મને રાજાને ભેટ ધરવા લઈ આવ્યો. રાજા અને મંત્રી પણ મૂરખ જ નીકળ્યા તેમણે પારધીની વાત ન માવી. અમારી આખી મંડળી મૂર્ખ નીકળી.

HL Group of Companies

मानकः पथ प्रदर्शकः
BIS 916

# Harilal Lakhamshi Jewellers Pvt. Ltd.

[Mfr. Exporters, Wholesalers & Retailers of 916 Hallmark Jewellery]

**The First & Only Showroom in Kuchchh Offering 100% Hallmark Jewellery & 100% Certified Diamond Jewellery**





**Regd. Office :** Haribhai Soni Building, L. B. Shastri Road
Anjar (Kuchchh) 370110 (Guj.) India
Phone : 02836 329944 Fax : 02836 242481
Cellular : 91 98795 30854 Email : infohljpl@gmail.com

**Bullion Division :** 426 C, Supermall, C.G. Road, Ahmedabad.
Ph./Fax : - +91 79 30024481
Cellular : - +91 987 953 0853 Email : - iljpl.amd@gmail.com

SKHAC

# Shree Kachchh Hallmarking & Assaying Centre Pvt. Ltd.

**Regd. Office : Haribhai Soni Building, L. B. Shastri Road Anjar (Kuchchh) 370110 (Guj.) India**
**Ph./ Fax : 02836 329944/242481**


**Hallmarking Office :-** 1st Floor, Plot No. 425 A/B, TPS-2, Malasheri, Anjar (Kachchh) 370110

**Group Companies**

# Shri Arbuda Infrastructure Development Pvt. Ltd.

# Soham Land Development Pvt. Ltd.

RNI No. Gujguj/2005/16692 Posted at PSO Ahmedabad.




Printed & Published by : Shri Manubhai Vitthaldas Kotadia on behalf of Shree Kutchhi Maru Kansara Soni Gnati Mandal. Printed at : Madhavi Offset, Kankaria, Ahmedabad - 380 021. Published at : Shree Kutchhi Maru Kansara Soni Gnati Mandal, 14, Dhaval Jewellers, Chandla Odd, Manek Chowk, Ahmedabad-380 001. Editor : Shri Hansraj Kansara. Price : Rs. 20.00